
ફુ સાર સંગ્રહ.

સુધારા તથા વધારા સાથે

છપાવી પ્રસીદ્ધ કરનાર

ચુનીલાલ અમથાલાલ

૧૯૮૬



અમદાવાદમાં

માણેકચોક નજીક કાગદીઓળમાં શેઠ ઢોરનામકાનમાં

અમદાવાદ “વિકટોરિયા પ્રેસમાં”

છગનલાલ ઉમેદચંદે

છાપ્યો

સંવત ૧૯૪૦ સને ૧૮૮૩

કિંમત રૂ ૧—૪—૦

આ વિગેરે ઘણી જાતની બુકો અહીં

વૈદકનો સાર સંગ્રહ.

શ્રીગણેશાએ નમ

દોહરા.

સાજુ હોય શરીર તો, સઘળી વાતે સુખ;
નહીતો નાણું બહુ છતાં, દિન દિન મળ્યે દુખ. ૧
ભણતાં ભણતાં બહુ ભણ્યો; વિદ્યા અન્ય અનેક;
શરીર સાચવવા તણો, અક્ષર ન ભણ્યો એક. ૨
તે તો ભણતર તુચ્છ છે, વળી બુદ્ધિ પણ વ્યર્થ;
શરીર સાચવણિ વિના, સરે ન સઘળો અર્થ. ૩
માટે વૈદક વાંચજો, પુરણ રાખી પ્રીત.
જેથી કાંઇ પણ જાણશો, રોગ મટ્યાની રીત. ૪
વૈદકથી આયુશ વધે, સુખમાં રહે સદાય;
માટે વિદ્યા વૈદ્યની, જરૂર જેવી જણાય; ૫
જો ધનછે ઘરમાં ઘણું, હોય શરીરમાં શુળ;
તો તેના મનમાં ગણે, ધન સઘળુ તે ધુળ. ૬
જેની ઘણી જરૂર છે, શોધી તવો સાર;
રૂડુ આ પુસ્તક રચ્યુ, બહુ સુખ દેનાર. ૭
મિતા અહારજ રાખજો, દીવશને વળી નિશ;
વિવેકી એમ વર્તશો, થાશે લાભ અતિશ. ૮

માણસના ચારે વિકારની બાબત.

જાણવું જે ઇનસાન તથા હેવાનની કાયાનુ બંધારણ ચારે ત
ત્વ અને આતસ, પવન, પાણી તથા ખાખથી છે; તેથી કરીને
ઇનસાનના બદનમાં ગરમી, તથા શરદી, તથા તરીખોસકી હોયછે
જેને એ ચારેનુ જોર બરાબર અને સમધાત હોય, તેના બદનને
તનદુરસ્તી તથા શરીરની શાંતી હોય, કદાપી તે ચારેમાંથી એકનું જ
ર કમી બેશ થાય, ત્યારે ઇનસાનની તબીઅત નાદુરસ્ત થા
જો કે ગરમીના જોરથી હરેક બીમારી પેદા થઇ ે
ની નીશાની એ જે; પાણીની તરસ ઘણી લા
પર અગન બળે, અંગ પીળુ અથવા લા
કર્યાથી જીવને રાહત થાય, કદાપી તે

ય તો તેની નીશાની એ જે, માથુ ભારે હોય અંગમાં આળસ આવ્યા કરે, માંથુ ફરયા કરે, મોહોડાનો સ્વાદ મીઠો હોય, અંગ ઉપર લાલી હોય, જીભ લાલ હોય, ગુમડાં તથા ફોલીઓ થાય, પારામાંથી તથા નાકમાંથી લોહી નીકળે અંગમાં સુસ્તી હોય અને સાંધેસાંધા દુખે, કદાપી તે ગરમી પીતના વધારાથી હોય. તો તેની નિશાની એ જે, બદન તથા જીભ તથા આંખના ડોળાનો રંગપીળો હાય અને મોહોડાનો સ્વાદ કડવો હોય, અને જીભ સુકાય તથા જાડી અને ખડબચડી થાય, અને નાક સુકાય, અને તરસ ઘણી લાગે, ભુખ બેશી જાય, ને ખાવાનુ ભાવે નહી, બેશુદ્ધ તથા ઘુમરી તથા કંપેરો થાય.

શરદીના જોરથી હરેક દરદ પેદા થયુ હોય તો, તેની નિશાની એ છે જે; તે માણસને પાણીની તરસ તથા અંગમાં જલન હોય નહી અને અંગનો રંગ સફેદા અથવા કાલાટપર હોય કદાપી તે શરદી બલગમીના વધારાથી હોય તો અંગે સફેત થાય અંગમાં સુસ્તી હોય અંગ થંડુ હોય, ખાણુ હજમ નહી થાય ખાટા ઓટકા આવે, ઉંધ ઘણી આવે, મગજ ભારે રહે, મોહોડામાંથી લબઅને હોજ ગરે, નાકણાંથી પાતળુ અને થંડુ લીટ આવે, કદાપી તેસરદી સોદાના વધારાથી હોય તો અંગ દુબળુ થાય અને કાલાટ મારે લોહીનો રંગ કાલાટ પર હોય ને ઘાડુ થાય, ફીકર તથા અંદેસો પેદા થાય ને જુઠી ભુખ લાગે.

કદાપી તરીના જોરથી હરેક આજાર પેદા થયો હોય તો તેની નિશાની એ છે જે, બદનમાં સુસ્તી ઘણી હોય ને નિચે ખોસકીની બાબત કેહેવામાં આવે છે તેનુ ઉલટુ હોય કદાપી તરી ગરમીના વધારાથી હોય અથવા એકલી ગરમીથી હોય, અથવા લોહીના વધારાથી હોય તો તેની નીશાની ગરમીમાં કહી છે તેવી સમજવી, કદાપી તે તરી એકલા શરદીના વધારાથી હોય, અથવા બગલમ સાથે હોય તો તેની નિશાનીઓ શરદીમાં કહીછે તેથી સમજવી.

[illegible]દાપી ખોસકીના જોરથી હરેક આજાર પેદા થયો હોય તો તે[illegible]ની એ જે, મોહોડુ સુકાય. અંગ દુબળુ થાય, ચામડી ક[illegible]ોડાનો શિકલ ફરી જાય, કદાપી તે ખોશકી પિતના [illegible]ઉપર ગરમ પિતના વધારાની નીશાનીયો ક[illegible]પા તે ખોશકી સોદાના વધારાથી હોય [illegible]ી બાબતમાં કહીછે તેથી સમજવા.

હવે માલમ કરવું કે માણસના અંગમાં ચાર વિકાર છે તેમાં એકતો લોહી વિકાર, બીજુ બલગમ એટલે જે રસ વિકર અને ત્રીજુ પિત્તવિકાર, અને ચોથુ સોદાવિકાર, પણ વધારી મેજે હિંદુના વૈદો સોદાના વિકારમાં ગણતા નથી, કેમકે ત્રણ વિકારમાંથી એક વિકારના બગડવાથી સોદા થાય છે તેમ વળી,હિંદુ લોકોના પંડિતો વાયુવિકાર પણ ગણે છે; અને ઘણું ખરૂ અંગરોગનુ નીપજ્યું એ ચારે વિકારોમાંથી એકની વધઘટ થયાથી થાય છે, જ્યાંસુધી એ ચારે સમતોલ હોય ત્યાં સુધી આજાર પેદા થતો નથી, વળી જાણવું કે લોહી જે છે તેની ખશીયત ગરમ તથા તર છે પિત જે છે તે ગરમ તથા ખાશક છે અને બલગમ જે છે તે શરદ તથા તર છે અને સોદા શરદ તથા ખોશક છે હવે ઇનશાનના બદનમાં પવન જે છે તે એક બાફ છે કે તે ઉપર કહેલા વિકારોમાંથી પેદા થાય છે પણ તે અગત્ય કરીને તો બલગમ તથા સોદામાંથી નીપજે છે, પણ તે કાંઇ માણસના હરેક નિકારને દાખલ કરતો નથી..

માણસના બદનની તથા નાડીની પરિક્ષા.

જાણવું કે માણસના બદનની અંદર સાત ચીજ ઘણી બોજરગ અને મોટી કેહેવાય છે, અને આદમીની જે નગદી તે સાતે સલામત રહ્યથી હોયછે. કદાપી તેમાંથી એક ઓછી થાયતો આદમી હરગીજ જીવે નહી. અંગની ઉપરની ચીજો જેવી કે આંખ, નાક, કાન, જીભ, ઇંદ્રિ, હાથ, પગ અને એવી એવી બીજી ચીજો ઓછી થાય, તો અલબત તે આદમી જીવે, પણ તે ભીતરની સાતમાંથી એક પણ ઓછી થાય, અથવા કઠણ થાયલ થાય તો, હરગીજ આદમી જીવે નહી અને એ સાતમાંથી હરેકના જરા પણ બિગાડ થાય તો આદમી કઠણ બિમાર થાય હવે એ સાતમાંનું પેહેલુ દીલ, બીજુ દમાગ યાને ભેજુ, ત્રીજુ કલેજુ, ચોથુ બંધે ગોરદા, પાંચમુ પિતો, છઠુ ફેફસુ, સાતમી તલી હવે સમજવું કે એ સાત મધ્યેથી જે લદી તે બદનનો પાતશાહ છે, અને ભેજુ તેનો જીવ છે. વળી કેટલાએક કહેછે કે ભેજુ પાદશાહ છે, ને દીલ વજીર છે. અને દીલ તથા દમાગની વચે એક મારગ છે કે તે મારગે હમેશાં એક બીજાને જુએછે, અને મળેલા રહેછે વાસ્તે એ દીલ તથા દમાગ સહુથી મો[illegible] પન

ણસનો જીવ તથા રૂહ દીલમાં હોય છે કે તે વતે માણસ જીવે છે. અને ખોરાકઈ રાહાને પીછાને છે. અને દીલ હમેશાં હીલીય કરે છે કોઈ વેળાએ હીલતુ રેહેતું નહી, અને અક્કલ તથા યાદદાસ્ત ભેજામાં હોય છે. અને કલેજુ દીન સાથે તાલુકો રાખેછે. અને ગુસા તથા જોર તથા હીંમત પિતાથી હોય છે, અને શરમ તથા હએયા તથા કીના કપટ તળીથી હોય છે. અને દમનું આવવું જાવું તથા બોલવું સરવે ફેફસાથી હોય છે. અને સેહેવત તથા ઈદ્રિનું જોર તથા સ્ત્રીભોગનું કઉવત બંને ગોરદાથી હોય છે

હવે જ્યારે માલમ થયું કે દિલ જે છે તે બદનનો પાદશાહ છે તે સદા હીલતુ છે. તે દીલ સાથે બદનની સઘળી મોટી રગો લાગેલી છે. તે મોટી રગોમાંની એક રગના હીસા બંધે હાથમાં આવેલા છે જેને વેદ લોકો નબજ અથવા નાડી કરી કહેછે અને નાડીના જોવાથી દેલ તથા દેગામની કષ્ટિની અથવા સુખાકારીની ખબર પડે છે. ગરમી અથવા શરદી અથવા શમધાત હોય છે તે માલુમ થાય છે અને નાડીના હાલવા ઉપરથી દિલને હાલવાની ખબર પડે છે. વાસ્તે વૈદ લોકોએ નાડી જોવાનો કાયદો રાખેલો છે, અગર એ બદનની બીજી રગો પણ એ પ્રમાણે હાલતી છે, તે જોયાથી ખબર પડે પણ અદબ થકી દાનાઓએ બદનના બીજા માંધાની નાડી જોવાનું મોકુફ રાખીને હાથની નાડી જોવાનો કાયદો રાખેલો છે.

હવે પ્રથમ નાડીની પરખ એ છે જે નાડીની ચાલ પાંચ તરેહની હોય છે. એક તો નબળી, બીજી ભારે. ત્રીજી ઉતાવળી, અને ચોથી વેહેતી દોડે, પાંચમી ઠસો ખાઇને ચાલે. જ્યારે કોઇની નાડી નબળી ચાલે ત્યારે સમજવું કે તેને ફેફસાં અથવા આંતરડાં અથવા મગજમાંથી દરદ ઉઠેલુ છે. અને જેની નાડી ભારે ચાલે તેને જાણવું કે લોહીનું જોર છે. અને જેની નાડી ઘણી ઉતાવળી ચાલે તેને સમજવું કે મગજમાં ગરમી થયેલી છે. ને ગરમીથી રોગ ઉઠેલો છે અને જેની નાડી નરમ અને ઉતાવળી ચાલે તે સાથે અંગ ઠંડુ હોય તેને ઘણી નબળાઇ તથા શરદીનું જોર જાણવું. ને જેની નાડી બે ત્રણ વાર ચાલીને ઠસો ખાતી હોય તેને ઘણી નબળાઈ અને વધારે બિમારી સમજવી.

જ્યારે હરેક માણસની નાડી જોવી હોય ત્યારે હાથનાં ચારે [illegible] મુકીને જરા દાબીને જોવું. જો કદાપી ના

ડા જોરમાં ચાલતી હાય તા આંગળાં ભારે રાખવાં. ને નરમ ચાલતી હોય તો આંગળાં હલકાં મુકવાં. પછી જોવું કે નાડીનુ ઉઠવું તથા બેસવુ કેવું છે, જો ઉતાવળીઉઠ બેશ કરતી હેય, અને ઉતાવળી ચાલતી હોય તો ગરમી થએલી સમજવી. જો ધીમી ઉઠ બેશ કરતી હોય તો શરદી થએલી સમજવી. ને તે ઉપરથી તથા ઉપર કહેલી પાંચ રીત પરથી ઇનશાનના મરજની ઉત્પતિને પીછાનવી. કદાપી તે ધીમી ઉતાવળી ચાલતાં સમજ નહી પડે તો ઘડીયાળ લઇને જોવું કે મીનીટમાં અથવા અઢી પલમાં નાડી કેટલી વખત ચાલે છે. જો કદાપી જુવાન આદમી ની ૭૫ થી ૮૫ વાર સુધી એકમીનીટમાં ચાલે તો જાણવું કે તે માણસની તબીયતસારી છે. શરીરમાં કશું ખલલ નથી. કદાપી ૮૫ ઉપરચાલે તો ગરમી અથવા તપ થએલી સમજવી. કદાપી ૭૫ અંદર ચાલે તો સરદી અને વાયુની અસર થએલી સમજવી. અને જ્યારે જોરાવર તપ થઇ હોય ત્યારે નાડી એક મીનીટમાં ૧૨૦ સુધી ચાલે અથવા તેથી પણ વધારે ચાલે, પણ સઘળા માણસની નાડી સારા હાલમાં બરાબર એક ધારા મુજબ ચાલતી નથી. વાસ્તે સારા હાલમાં પાંચ સાત વખતે નાડી જોએલી હોય, ત્યારે તેની તબીયતનો તથા નાડી ચાલનો ધારો માલમ થાય. કાંજે કોઈ માણસનો મિજાજ એવો પણહોય છે કે હમેશાં સારા હાલમાં પણ ૮૦ ની અંદર ઘણી ઓછી ચાલે છે, અને કોઇની ૮૫ ની ઉપર ઘણીવારે ચાલે છે તે ધારો તપાશીને બીમારીની વેળાએ તે ઉપર કેટલી વધી છે અથવા કેટલી ઘટી છે તે ઉપર સુમાર રાખવો જોઇએ છે. માણસની સુખાકારી વખતમાં નાડીની ચાલનો એક ધારો ૮૦ ની ચાલ ઉપર મુકરર છે. અને જેની નાડી હમેશ એક મીનીટમાં ૮૦ થી તે ૮૫ વાર ચાલે તેની તબિયત ઘણી સારી છે. એમ સમજવું. અને કોઇ વેળાએ માણસ ગુસામાં આવ્યું હોય, અથવા ફીકર અને ધાસ્તીમાં હોય, તે વેળાએ પણ માણસની નાડીનો અંદાજો રેહેતો નથી. ને ગણતીમાં તેના ધારા કરતાં તે વધી જાય છે વાસ્તે નાડી જોતી વેળાએ તે પણ તપાશીને અમલ કરવો. અને નાહાનાં બચાંની નાડી ઉંઘાયેલું હોય ત્યારે તપાસવાથી બરાબર માલમ પડે, જાગતું હોય ત્યારે તે રડે અથવા બેગાનાને જોઇનેગભરાય અથવા ચલ વસલ થાય. તેથી દુરસ્ત હાથમાં આવે નહી.

ને ગણતરીમાં વધારે થાય. જ્યારે બચ્ચું પેંદા થાય છે ત્યારે તેની નાડિ એક મિનીટમાં ૧૨૦ થી તે ૧૪૦ વાર ચાલે અને બચાંયે પેહેલા વરસમાં ૧૦૮ થી તે ૧૨૦ સુધી ચાલે. ત્રીજે વરશે ૮૦ થી તે ૧૦૦ સુધી ચાલે. ચોથે પાંચમે ને છઠે વરશે પણ ૮૦ થી ૧૦૦ સુધી ચાલે. અને સાતમા વરસથી તે અગીયારમા વરસ સુધી ૭૨ થી તે ૭૫ સુધી ચાલે અને બારમે વરશે ૭૦ થી તે ૭૫ સુધી ચાલે. અને જ્યારે જવાની ઉપર આવે ત્યારે ૬૦ થી તે ૮૦ સુધી ચાલે, અને જઈફ આદમીની નાડિ કોઇ ઘણી ઓછી પણ ચાલે, વળી કાંઇ જવાન આદમીની નાડીના ઓલો પણ ધારો હોય છે કે સુખાકારીના વખતમાં છેક ૨૫ સુધી ઓછો ચાલે છે. સઘળા માણસની નાડીનો એક ધારો નથી, બેઠેલા કરતાં સુતેલાની નાડિ ચાર પાંચ વધારે ચાલે, અને હરેક જવાન માણસને જ્યારે તાપ આવે ત્યારે તેની નાડિની ચાલ તેના ધારા કરતાં ઘણીજ વધી જાય, પણ તેની ચિંતા રાખવી નહી. પણ દવાની તાકીદ રાખવી અને કોઇ વેળાએ કોઇબચ્ચું માંદુ થાય અથવા તાવ આવે ત્યારે તેની નાડિ એક મિનીટમા ૧૦૮ થી પણ વધારે ચાલે. ત્યારે તેને તરસ ઘણી લાગે ને હાંફણ ચાલે ખવાય નહિ, કરે તે ફલ બેકલથી કરે પણ તેને કોઇ વેળા એ ઘાતમાં સમજવું જે વૈદ હરેક માણસની નાડિ સુખાકારીના વખતમાં ઘણીવાર જોએલી હોય તે વૈદ્ય બીજા અજાણ્યા વૈદ્ય કરતાં તેની બિમારી વખતની નાડિની પરિક્ષા ઘણી સારી રીતે કરી શકે. કાંય જે તેની નાડીના ધારો પેલા વૈદના હાથમાં આવી રહેલો, તેથી બિમારીના વખતમાં તેના રોગની પરીક્ષા બરાબર કરી શકે, માટે એકવાર જે વૈદથી ફાયદા થએલો હોય તેનેજ ફરી નાડ દેખાડવી.

માણસની જીત અને પેશાબ જોવાથી બીમારીની પિછાનલ.

જાણવું જે માણસના ચાર વિકાર જે લોહી તથા પીત તથા રસ તથા સોદા છે, તે ચારેના ચાર રંગ જુદા જુદા હોય છે તે રંગ ઉપરથી માણસના પેશાબનો રંગ આવે છે, અને એ ચારેમાંથી જેનુ જોર વધારે થયું હોય છે.તે રંગનો પેશાબ થાય ચાર રંગમાં પેહેલો સફેત, બીજો લાલ, ત્રીજો પીળો અને

ચોથો કાળાશ ઉપર એ પ્રમાણે હોય છે હવે એ હરેક રંગમાં બી
જી ઘણીએક જાતી હોય છે તે સઘળું આ જગોએ બોલતાં લંબા
ણ થવાની ધાસ્તીને લીધે ટુંકામાં કહુછું કે બીમારના પેશાબનો
રંગ પીળો હોય તો પિત વિકારથી તેનીબીમારી સમજવી. અગ
ર સફેત રંગ હોય તો રસવિકારથી અથવા શરદીથી તેની બિ
મારી સમજવી. લાલ રંગ હોય તો રસવિકાર અથવા શરદી જા
ણવી. અગર તે કાલાટપર હોય તો સોદા અથવા વાઇનો વિકાર
જાણવો. હવે એ ચારેમાના હરેક રંગસાથે બીજા રંગ મળેલા
હોય છે ત્યારે તેની ખાશિયત જુદી હોય છે, તે એ રીતે કે પેશા
બનો રંગ ચળકતો લાલ હોય તો શરદીસાથે ખોરાથી તે મરજ
ઉઠેલોજાણવો. કદાપી ઘેરો લાલ હોય તો ગરમી સાથે તરીથી ઉ
ઠેલો સમજવો. અગર કાલાટપર હોય તે ઉપરથી ફીણ આવે ને
બીમારના અંગમાં તપ હોય તો વાયુને ખોરાકીથી જાણવો. અ
ગર સફેત સાથે ધોળો હોય, તો રસવિકાર અને શરદીથી જાણ
વો, અગર ઘેરો પીળો હોય તો અજીરણથી જાણવો, અગર ઘે
રો કાલાટ પર હોય તો સોદા અથવા સનેપાત વાયુ જાણવો, પ
ણ એ નિત જોવાને કાયદો એ છે કે, જે જેની નિત જુએ તેણે
તેની ગઇ રાતના કાંઇ ખાણું અથવા દવાઇ ખાધી નહી હોય ત્યા
રે ચોકસ નીત જોવાથી સમજ પડે, કાંય જે હરેક ખાણાનો તથા
મેવાનો તથા દવાઇનો રંગ પણ પેશાબમાં ઉતરે છે તેથી કરીનેબ
રાબર પરીક્ષા થઇ શકતી નથી, અને પેશાબ ઝીલે તે સોજા સા
ફ બીલોરના વાસણમાં ઝીલીને રાખવો જોઇએ, વળી પેશાબ કે
રયા પછી ૬ કલાકની અંદર રેહેવી જોઇએ કાંજે તે પછે તેનો
રંગ ફરી જાય છે તેથી પણ પરીક્ષામાં તફાવત પડે છે.

જાણવું કે ઓરતના તથા મરદના પેશાબમાં કાંઇ એક તફા
વત પડે છે કાંજે ઓરતે કમ મેહેનત તથા થોડી હાલચાલ કરયા
ના સબબથી અંગમાં કસર મરદ કરતાં વધારે રેહે છે, તેથી ક
રીને ઓરતની કસર નીત ગદલી અને ઘેરી સફેદ હોય છે અને
જે ઓરતની નીતનો રંગ લાલ અથવા પીળો હોય, તે ઓરતને
અસુખ થએલું જાણવું અને મરદની નીતને જ્યારે કે હલાવે ત્યા
રે જરા કાલાટ મારે કે તે કાલાટ ઉપરથી હોય ને ઓરતની નિ
ત કાલાટ નહી મારે એમ કરતે કાંઇ એક કાલાટ મારે તો તે કા
લાટ નીચેથી હોય, હમેલદાર ઓરતની નીત સાફ હોય, અનેએ

ને તે ઉપર સાફ પરપોટા આવે અને કોઇ હુમેલદાની નીતનો રં ગ પીળો ચળકતો પણ હોય અને હુમેલ પેહેલા દાહાડા ઉપર પીસાટ અથવા સફેતી સાથે વધારે ચલકાટ મારે, અને છેલા જણવાના દાહાડા ઉપર લાલી ઉપર હોય ને તેને હલાવે ત્યારે કાંઇ એક કાલાટ મારે તો તે છોકરૂ વખતે અધુરૂ કુટી પડવાની નીશાની હોય છે.

નીત યાને પેશાબમાં તેલનો છાંટો નાખવાથી પરિક્ષા

પેશાબની અંદર ઘાસની સળીવતે તેલના છાંટો પાડવે, પછે તેની પરીક્ષા કરવી. જો તે નાંખતો તળે જઈને પાછો ઉપર જઇને પાછો ઉપર આવે ને તેમાં આતરડુ પડે ને તે પેશાબનો રગ ાળો હોય અથવા ત્રાંબાના ંગ જેવો હોય તો તે માણસને ઘણુ બીમાર જાણવું, અને છાંટો નાખતા પસરી ગયો તો તેની બીમારી સેહેજ જાણવી, કદાપા છાંટો નાંખે તેવોજ રેહે; અથવા નીચે બેસે તો તેની બીમારી ઘણીજ જાણવા, કદાપા વાયુનુ જોર વધારે હોય તો, છાંટો નાંખતાજ પસ ા જાય અને પેશાબનો રંગ લાલ અને તે થંડો હોય કદાપી પિતનુ જોર, ઘણુ હોય તો તે છાંટામાં પ પોટા આવે, અને પેશાબનો રંગ પીળો અને તે પેશાબ ગરમ હોય, એ મુજબ પરીક્ષા કરવી.

ઝાડાની પરીક્ષા

કદાપી વાયુનુ જોર ઘણું હોય તો ઝાડો ફીણ જેવો અને સુકો ભરાટ કરતો આવે, અને તેનો રંગ ભુરો થતા ચોથો ભાગ પાણીપાણી સાથે આવે, અને પીતનુ જોર ઘણુ હોય તો ઝાડો લીલો પીળો વાસ સાથે કઠણ અથવા પાણી જેવો ગરમ આવે કફનુ જોર વધારે હોય તો ઝાડાનો ંગ સફેત અને તે દર્દ સાથે રાતો ચીકાશના જેવો આવે છે. કફવાયુનું જોર હોય તો કાળો ચળકતો અને પીળો બેલ ગાંગની મીશાલે આવે છે. સોદા વિકારથી હોય તો કાળો તથા લીલો. રાતો ભેળો આવે ને તે પણ ગાંગડાને મીશાલે કઠણ આવે છે, અજીરણ વિકા નો થંડો જેવો અને પાતળા આવે જલંદરનો ઝાડો ઘણાખરા બે ાસ સાથે સફેદ હોય છે, ક્ષયના આજાર વાળાનો ઝાડો અતિસારની મીશાલે વયારા ચેલો ગંધા ાં કાળો લાલ ઉજળો અને ગોસના પાણી જેવો બેરંગી હોય એ મુજબ ઝાડાની પરિક્ષા કરીને દવાઇ આપે તો હરેક રોગ ઉતાવળો સારો થાય.

જીભ ઉપરથી બીમારીની પરિક્ષા.

વાયુનું જોર હોય તો જીભ ઉપર કાતરા પડેલા દેખાય અને જીભનો રંગ કાંઇએક પીળાશ ઉપર હોય. પિતનું જોર હોય તો જીભ પીળી અથવા લાલ કાળી ભેગ નજરે આવે. કફના જોરથી હોય તો જીભ ઉજળી અને ચળકતી જેવી દેખાય, અતીસારવાળાની જીભનો રંગ મધના રંગ જેવો હોય, પરમો અને સંઘરણી વાળાઓની જીભનો રંગ લાલ ઘેરા જેવો હોય, ટાંકીનો આજાર થયો હોય તો તેની જીભ ફાટીને ખરબાઈ કાંટા સરખી થઇને તેમાંથી પાણીની મિશાલે નજર આવે છે. માણસની અજલ વખતે જીભ સુપરાની મિશાલે અને તરણાચેલી જેવી ફીણ સાથે માલમ પડે છે.

આંખની પરિક્ષા

વાના જોરથી આંખ સુકી અને ભુરા રંગ સાથે ઘેરી હોય છે પિતનું જોર હોય તો આંખના ડોળા ચીળા અને લાલ રંગના હોય છે અને સુરજ અથવા ચીરાગની રેશની જોવાતી નથી કફનું જોર હોય તો સફેદ અને ઘેરી નજર આવે અને તે ચીકા ભરેલી જેવી દેખાય છે.

ચેહેરાની પરિક્ષા.

સવારમાં બીમારનું મોહોડું શામળુ અથવા કાળુ જો દેખાય તો વાયુનું જોર જાણવું, મોહોડાનો રંગ પીળો અને સુજેલાની મિશાલે માલમ પડે તો તેની બીમારી પિતના જોરથી સમજવી. ઘેરો કાળો રંગ હેય અને તે સાથે ડોળા ગભગએલા જેવા દીસે તો તેની બીમારી કફના જોરથી જાણવી. બીજાં સરવે બહારનાં દરદોને દાબી જોમથી તથા તેના રંગથી પિછાન કરીને દવાઇ આપી જોઇએ. તેની વિગત તે દરદમાં કહી હશે, તેમ તેની પરિક્ષા પણ કરીને આપવી.

બોલવાની પરિક્ષા

વાયુનું જોર હોય તો તેનો અવાજ ગુંગરાએલા જેવો નિક નિકળે. પિતનુ જોર હોય તો અવાજ મોટો અથવા સારી હાલતના માણસ કરતાં મોટો નિકળે. કફનું જોર હોય તો અવાજ ભારી અને ઘરઘરતો નિકળે. એ ઉપરથી બોલાવાવી પરિક્ષાં કરીને દવામાં આપેથી તે દવા ઉતાવળે ગુણ કરયા શિવાય રેહેશે નહી. તે માણસને ખુબ રીતે સમાલવું કે કોઇ પણ રીતે ધાસ્તી

અથવા ગુસ્સો આવ્યો હશે તો તે પરિક્ષામાંતફાવત માલમ પડશે.

એ બનાવવાની રીત એ છે કે સીંદુર સારો ચોખો શેર ૧, મીઠું તેલ તલનું શેર ૧, મીણ પીળું તો. ૨, કપુર તો. ૨, એ ચાર જણશોમાંથી પેહેલો સીંદુર એક લોઢાની કઢાઇમાં નાંખીને ખુબ ઘુંટવો પછી તેમાં તેલ નાંખીને ચુલા ઉપર મુકવો અને નિચેઅગ્નીની ધીની આંચ કરવી. તેને એક જોસ આવે એટલે જોવું કે તે ઉભરાઇ જાય નહી. અગર જો ઉભરાયાપર આવે તો હેઠેની આંચ કાઢી નાંખવી અને પંખો પાસે રાખવો. તે લેઇ મલમ ઉપર વા નાંખવો. તેથી ઉભરાનો જોસ બેશી જશે એ

કાળો મલમ સીંદુરીયો બનાવવાની રીત.

પ્રમાણે તપાસતાં રેહેવું. પછી તે મલમ અજમાવી જોવો એ કકુલીયામાં થંડુ પાણી લેઇને તેમાં પેલા મલમનાં ટીપાં એક બે નાંખવાં પછી તેને જોવું કે જેવો જોઇએ તવો કઠણ અને કાળો થયો છે. જો સુમારે થયો હોય તો ઉતારતી વેળાએ મીણ તપાવીને મધ્યે કપુર વાટીને નાંખવો ને તે બેઉને મેળવીને મલમમાં નાંખી ઘુંટીને એક રસ કરી ઉતારી પાડવો. એટલે કાળો પલાસ્ટર થયો એ મલમ આપણા હિંદુસ્તાનીઓજ વધારે વાપરે છે, અને એમલમ ઘણાજણ બનાવે છે. તે નીચે લખેલા દરદ ઉપરતરત લાગુ પડી ગુણ કરે છે. કાખબલાઇ, ગુમડાં, બદ, ફાટાં, નાસુર, ચાંદી, ગરમીના ફોલાઓ, તથા હરેક જખમો ઉપર એ મલમ ઘણો ગુણદાયક છે. એ મલમના બે ગુણ છે. પેહેલો એ કે હરેક દરદ કાચુ હોય તો તેને પકવે, અને બીજો ગુણ તે દરદને રૂઝાવે. અને ઉપર લખેલાં દરદો વગર બીજા રોગને પણ મટાડે છે. તેની વિગત હરેક જાતની નરમ ગાંઠ તથા એવાં બીજાં નરમ દરદો વરસોળી (રસોળી), વાયુની ગાંઠ વિગેરે જાતનાં ઘણાં દરદ મટાડી શકે છે. એ મલમમાં પારો મેળવીને પટી મારે તો દરદ બેશી જશે, પારો મેળવવાની રીત. મલમ તોલા ૬ લઈ તેમાં પારો તોલો. ૧ નાંખીને પટી મારે તો દરદ બેશી જશે.

છીકણી હરેક દરદી માણસને દર સપર શુ ઘાડવાની છે તેનો વિચાર.

એ છીકણી બનાવવાની વિગત એ જે અરીઠાની છાલ સુકી મસો ધાનવઆગર માસો ૦ાા તંબાકુ માસો ૧ કાળાં મરી પંસ

સફેદ મરી માસો ૦ાા કડવાં તુરીયાંનો ગર મુકે. માસે ૧ કળીચુ
નો પથરનો માસા ૨ાા એ સઘળાં વસાણાં કુટી બારીક કરીને
મજબુત બુચનાં બાટલી ભરી રાખવી. પછે નીચે લખેલાં દરદ
ઉપર સુંઘાડવી. માથુ દુખતું હોય, વાઈની ધુમરી, નસમંધ વા
યુ, છાતીના દરદ બીજા શરદીનાં દરદ જે માણસને હોય તેને
એક ચપટી સુગાડવાથી છીંક આવીને તરત માથું હલકું પડશે.
અને ઉપર લખ્યા પ્રમાણે બીજા દરદ પણ સારાં થશે. આ છી
કણી દરદી માણસને ઘણી ઉપયોગી છે.

વઈદકનો સાર.

કાનના દરદનો ઉપાય.

વા, ગરમી તથા નબળાઇ કે લોહીથી કાનમાં દરદ થાય છે
તથા તે વગર કાનમાં પાણી જાય કે કીડા બગઈ કાનમાં પડે તેથી
કાનમાં દરદ થાય છે. તેની સમજ નીચે પ્રમાણે.

વાથી કાન દુખતો હોય તો ઉપલેટ તથા ઈસબંધ ખાંડી ઝીણો
ભુકો પાણીમાં બાંધીને રોટલી બનાવવી. પછી મીઠું દેવતા ઉપર
ઉનું કરીને તેમાં આપડનાં રોટલી બાળવી તે બળી જાય ત્યા
ર પછી બહાર કઢીને તે રાખ તેલમાં નાંખીને કાનમાં ટીપાં મુક
વાં તેથી કાન દુખતો રહી જશે.

૨ ગરમીથી કાન દુખતો હોય તો સ્ત્રીનુ દુધ કાનમાં પા
ડેથી મટી જશે. અથવા લીંબુના રસના ટીપા પાડવા તેથી
પણ ઘણો ફાયદો છે.

૩ લોહીથી કાન દુખતો હોય તો ફસ ખોલાવવી.

૪ કાનમાં કીડા પડ્યા હોય, ને બહાર નીકળતા ન હોય
ત્યારે એળીયો અને ગાયનુ ઘી એકઠુ કરીને ઉનુ કરી કાનમાં
રેડે તો કીડા મરી જાય.

૫ કાનમાંથી હમેશ પરૂ વેહેતુ હોય તો ટંકણખાર ખાં
ડી ઝીણો ભુકો કરીને કાનમાં ભભરાવવો પછી ઉપર લીંબુના
રસનાં ટીપાં પાડવાં તેથી મટશે.

૬ કાનમાંથી માખની માફક ગુણ ગુણ એવો અવાજ નિ
કળતો હોય તો બદામનું તેલ કાનમાં મુકવુ. તથા દુધીના બી
નું તેલ મુકવું. ને દીવસમાં ચાર વાર જમવું.

૭ કાન બેહેરા થાય છે તેનો ઉપાય એ છે જે આકડાના
પાંદડાં દેવતા ઉપર ઉનાં કરીને તેનો રસ કાહડી તેનાં ટી

પાં દીન ૧૪ સુધી કાનમાં મુકવાં કે તેથી કાન ઉઘડશે ને ધાક પડેલી મટી જઇને બરાબર સંભળાશે. અથવા ઊંટનું મુતર દ રરોજ રાતે સુતી વખતે કાનમાં મુકે તો ફાયદા થાય પણ તેઉ પાય દરદ થતાંજ તરત કરે તો ગુણ કરે; વીલંબ થયા પછી ફાયદો થોડો થાય.

કંઠમાળા એટલે ગળામાં ગાંઠો થાય છે તેનો ઉપાય.

ગળામાં ગાંઠ થાય છે તેને કોઇ બહાર કઢી શકતું નથી એનો ઉપાય એ છે જે ચીતા વાઘનું હાડકુ ઘશીને તેમાં જરાક સિંધવ નાંખી ગળા ઉપર માસ છ સુધી ચોપડે તો દુખ મટી જાય એ દુખમાં દસ્તકારી કરેતો નસ્તર મુકવાની રજા છે શા મટે જે પાકુ થયા પછી તેના ઇલાજ નથી વાસ્તે દસ્તકારી કરે તો નસ્તર મુકવું.

કોઢ તથા ગલત કોઢનો ઉપાય.

વઇદોએ કહ્યું છે જે કોઢ શિવાય ગળત કોઢ અઢાર જાતનો થાયછે તે અઢરે બગડેલા લોહીથી થાયછે એ રોગ ઘણોજ ખરાબછે કે કોઈ એ પણી પાસે બેસેય નહી. તેનો ઉપાય નીચે પ્રમાણે જાણવો.

ઉમરડાના ઝાડની અંતર છાલ છાંયડે સુકવેલી શેર ૬, બાવચી સેર ૨ એ બેઉ જણશોને ખાંડી ઝીણી કરી તેની ફાકી હમેશાં ૬ પઈશાભર ખાય તો, કોઢ તથા ગળત કોઢ અઢારે જાતનો મટી જાય પણ કપરી ન પાળે તો રોગ મટે નહી; મીઠાઇ, મીઠાવાળી રોટલી; સાકર, ગોળ, તથા ચીકાણી વસ્તુઓ ખાવી નહી.

લીબડા છાલ પઇસા ૩ ભાર, બાવચી પઇશા ૨ ભાર એ જણશોને ખાંડી ઝીણો ભુકો કરી તેને ઝીણે લુગડે ચાળી તેમાંથી હાથેળી ૧ ભરીને માસ ૬ સુધી કોઢીયા માણસ સવારમાં ફાકે ને ઉપર કહેલી કપરી પાળે તો રોગ મટે, ફકત મગ ખાવા, એ શિવાય બીજી ચીજ ખાવી નહી.

વળી બાવચી તથા ભીલામા માસ ૬ સુધી ખાય તો કોઢને જડ મુળમાંથી કાઢી સાફ કરે પણ પ્રથમ રગ પાંચનુ લોહી કાઢવું જોઇએ બેઉ હાથની રગનુ તથા બેઉ પગની રગનુ તથા પેશાબની રગનુ એ પાંચે રગનુ લોહી કમ કીધા પછી તેને જુલા

બ આપવો, જુલાબથી શરીર સાફ થાય ત્યાર પછી ઉપર લખે લો ઉપાય કરે તો એ રોગ મટી જાય.

ખઈ અને દમનો ઉપાય.

ખઈ બે જાતની થાય છે, એક વાથીને બીજી લોહીથી

૧ વાથી થઇ હોય તો ખસખસના પોમ માસા. ૨ ભાર, સુંઠ પ ઇશા ૨ ભાર, ધાવરીના ફુલ પઇશા ૧ ભાર. એ રીતે ત્રણ જ ણશો લાવી પાણી શેર ૬માં ઉકાળી પછી પાણી શેર ૧ રેહે ત્યારે લુગડે ગળી રાત્રીએ સુતી વખત પીયે તો રોગ મટે.

૨ ખઇ રોગ લોહીથી થાય છે તેથી કાંઇ તરી બાહાર નીકળે છે જો તે થતાં વેતજ બે ખભાની નસોમાંથી લોહી કઢાવે ત્યાર પછી મરી અને હળદર પાય તો એ રોગ મટે રોગ જુનો થયા પ છી ઘણા ઉપાય કરે તો પણ લાગે નહી. માટે તરત ઉપાય કરવો

૩ ખઇરોગ વાળાને થતાં વેત મારેલુ સોનુ ખવરાવે છે તેથીકે ટલાએકને રોગ મટે છે. કપુરના રસથી પણ ફાયદા થાય છે.

દમનો ઉપાય એ છે કે એળીઓ મધ સાથે ખાય તો સાસ દ મ મટે છે. બીજુ મોથ પઇશા ૧ ભાર. બેર પઇશા ૧ ભાર, મ રી પઇશા ૧ ભાર, પીપર પઇશા ૧ ભાર, વાયડંગ પઇશા ૧ ભાર, ચીત્રો પઇશા ૧ ભાર સુંઠ પઇશા ૧ ભાર, એ રીતે સરવે વસાણા ઝીણાં ખાંડી હવાલે ચાળી દરરોજ સવારે પઇશા ૧ ભાર ફાકે તો સ્વાસ, પંડરોગ, કમળો, સુર, તથા, વાનો ગોળો એ સર વે રોગ મટે.

બીજો ઉપાય સાસ, ઉધરશ તથા હાંફણનો, પીપર પઇશા ૧ ભાર, ધોળા મરી પઇશા ૧ ભાર, હરડેદળ પ, ૧ ભાર જીરૂ પ, ૧ ભાર, સિંધવ પ, ૧ ભાર, સંચળ પ, ૧ ભાર, જવખાર પ, ૧ ભાર; ચીતરો પ, ૧ ભાર, એ સરવેને બારીક ખાંડી ભુકો, હવા લે ચાળી દરરોજ સવારે ખાય તો ખાંશી મટે, બીજુ કાલેરાનો ર સ શેર ૦। કહાડી તેમાં સિંધવ પઇશા ૦॥ ભાર નાંખીને દરરો જ પીએતો સાસ ખાંશી તથા દમ એ સરવે મટે કાળા મરી શે ર ૧ આકડાના દુધમાં સુકવીને ખાય તો નફો થાય.

ખઇરોગની નિશાની એ છે જે ફેફસામાં જખમ પેદા થાય છે તેથી હમેશા ઉધરશ બહુ આવે છે ઉધરશ ખાતા ખાતા ગળફા પ ડેછે તથા જીભ જાડી થાય ઘાંટો બેશીજાય, થુંકની જગાએલોહી ને પરૂ બાહાર આવે ને જીવ ઘણો ગભરાય, એદુખ થયાં ઘણાં

દાહાડા વીતે ત્યાર પછી રોગીનુ શરીર ઘણું નબળુ થઇ જાય. પણ શરીર નબળુ થયા પેહેલા દરરોજ ગધેડીનુ દુધ પીએ તો રોગ મટી આરામ થાય.

મોઢા ઉપર ખીલ થાય છે તેનો ઉપાય.

ઘણા ખરા જવાન માણસના નાક તથા કપાળ તથા ગાલ ઉપર ખીલ થાય છે તેથી માણસનુ સોહામણું મોહોડુ બીહામણું દીસે છે તે ખીલને દાબીને કાહાડે ત્યારે અંદરથી ચીકણો બાચો અથવા પરૂ જેવુ ચીકણું નીકળે છે તે ખીલ થાય ત્યારે પ્રથમ તો એળીયાની મેળવણીની ગોળીઓનો જુલાબ લે પછે મડનોઆટો શરકામાં ભીજવીને મોહોડા ઉપર ચોપડવો અથવા મરઘીના એદાંના કોચલા અથવા મુરઘીના હાડકા બાળીને તેને સરકામાં મેળવીને ચોપડે અથવા કડવા વલનો આટો સરકામાં મેળવીને ચોપડે તેથી મટે, ને એ સરવેથી ગુણ નહી થાય તો પછે દરાખના ઝાડનુ લાકડુ બાળીને તેની રાખ સરકામાં મેળવીને ચોપડે તેથીમટે

ખીલનો બીજો ઉપાય

આદમીનું માથુ એવું ખીલાઇ આવે જે સેમાંથી તરી તથા જરદાબ નીકળે ને ... તેમાંથી નીકળે તે ચાયણી માફક નાહાના છેદ પડે તેનો ઉપાય એ છે જે શરાબ (દારૂ) તથા સરકો દાડમની છાલ, મધ નિમક એ સરવે એકઠું કરીને માસા ૪ સુધી માથા ઉપર ચોપડે તો આરામ થાય.

ખસનો ઉપાય.

ખસ લોહીના બીગાડથી થાય છે તેની શરીર ઉપર ફોલા થઇને તેમાંથી પરૂ વેહે છે માટે ખસ વાળા માણસે ઉતાવળેથીપોતાના બને હાથની ફસ ખોલાવવી, તથા કઠણ રેચ ઉપરા ઉપરી આપતા રેહેવુ તે નિચે લખ્યા પ્રમાણે રેવંચીના શિરાની મેળવણીની ગોળીઓ આપવીતેની વીગત—રેવંચીના શીરો માસા ૪ તજ ૪ ઘઉ ૨૦ ભાર સુંઠ માસો ૧ શીકોતરીયો એળીયો માસા ૪ એલચી દાણા ૧૫ પીંપર માસો ૧ એ રીતે ૭ ચીજો ખાંડી બારીક ઝીણે લુગડે ચાળી ખલમાં નાખી તેમાં વિલાયતી સાબુનાં ખવો ને તેને ખુબ ઘુંટી એક રસ કરીને ચણા જેવડી ગોળીયો વાળીને સુકવવી. તેમાંથી ૩ થી તે સાત સુધી દરરોજ લાગટ દીન સાત સુધી રાતે સુતી વખત ઉના પાણીમાં ગળાવવી એમ કરતાં ન મટે તો વળી બીજા સાત દાહાડા ઉપર પ્રમાણે કરવું તે

થી મટશે અને એ દરદ વાળાને કાચા દીવેલનો જુલાબ આપવો તેથી પેટમાંથી ગરમી નીકળી જશે અને તેને નીચે લખેલો ઉકા ળો આપવો ઉના બેદાણા ૭, સાથરા તો. ાા સાકર તો. ાા એ નો ઉકાળો દરરોજ પાયા કરવો.

બીજો ઉપાય ચોપડવાનો—મોદારસીંગ તોલો ૧ કપુર તોલો ૧ કલમેસદ તોલો ૧ આમલસારો ગંધક તોલો ૧ પાપડીયો કાથો તોલો ૧ પારો તોલો ૧ એ ૭ જણસે ને બારીક ખાંડીને ઝીણે કપડે ચાળીને તેમાં છેલીવારે પારો નાંખીને ખલમાં ખુબ ગુટવું તે એક રસ થાય તેમાં ચોખુ માંખણ તોલા ૫ નાંખીને તેનો મલ મ કરવો ને તેને કાચના પ્યાલામાં ભરી રાખવો, તે સુતી વખતે દરદ ઉપર ચોપડવો ને સવારે ઉઠીને ઉને પાણીએ અથવા તાહા ઢા પાણીએ નાહાવું કદાપી રાત્રે ચોપડવાનું ન બને તો દિવસે ચો પડી થોડીવાર તડકામાં ફરીને નાહી નાંખવું ને ખાવામાં તેલ અને મરચુ તથા આમલી એ ચીજો ખાવી નહી ને ઉપર લખેલો ઉપાય ચાલુ રાખેથી ખસ જલદી મટી જશે.

ત્રીજો ઉપાય —ઉપર લખેલા મલમથી નહિ મટે તો નિચે લખ્યા પ્રમાણે ઓષડ કરવું ગંધક પઇસા રાા ભાર. સચળ પૈસા ભાર બાવચી ૪ પૈસા ભાર. સર્વ જણશોને બારીક વાટીને ઝીણુ કરીને ચોપડે તો ખસના દરદને મુળમાંથી કાહાડી નાંખશે, ગર મ વસ્તુ ખાવી નહી. સારૂ થશે

ચોથો ઉપાય—એ જેફકત એકલો ગંધક વાટીને તેમાં તલનું તેલ નાંખી તેનો મલમ બનાવીને ચોપડે પણ ખસ મટશે.

પાંચમો ઉપાય—મનસલ તોલા ૩ લઇને બારીક વાટીને તેમાં ઘી ચોખું નાંખી તાપ ઉપર કકડાવવું, તે કકડાયા પછી ટાડા પા ણીના વાસણમાં નાંખવું. તે ઠરયા પછી બીજા કાચના વાસણમાં કાઢીને શરીરે ચોપડવું, તેથી ખસ તથા વીસ્ફોટક એ બંને રોગ સારા થશે. દરરોજ ચોપડેથી મટશે.

આખનું તેજ હમેશાં રેહેવા માટે ખાપરીઆ નુ સત કાહડવાની રીત.

ખાપરીયું પૈસા ૧ ભાર ખસ કરીને તેમાં ગોળ પૈસા ૧૦ ભા ર નાંખી એ બેઉને ઠીકરા ઉપર મુકી દેવતામાં બાળવું. તમામ બળી રહ્યા પછી ટાહાડુ પાડીને તેમાં ગાયનુ માખણ પઇસા ૬ ભાર નાંખી એક કુલડીમાં ભરવું તે પછી તે કુલડીનું મો સજ

ક બંધ કરવું કે તેમાંથી ધુમાડો બીલકુલ બહાર ન નીકળે. પછી તેને દેવતાની સગડી ઉપર મુકીને એક પોહોર સુધી આંચ દેવી પછી સાણસાએ પકડીને ઉંધી કરવી પછે તેમાં જસત નીચે પડે એવી રીતે બે વાર તેમનુ તેમ કરેથી માવો રૂ ૧) ભાર નીકળે તે સોનીને આપી તેની સળી કરાવવી તે શળી હમેશાં આંખમાં ખેંચે તો આંખનુ તેજ હમેશાં રહે ઘણુ દેખે.

મરડાનો ઉપાય.

મરડાથી લોહી તથા જલસ પડેછે તેનો ઉપાય નીચે મુજબ

પેહેલું—કેરીની ગોટલી, બીલીધાવડીના ફુલ, મોચરસ સુંઠખરોતી, (જાંબુના ઠળીયા) અજમો, દક્તાનના બીજ, અંદરજવ, એ સરવે જણસો બરાબર વજને લેઇ એકઠુ કરી ખાંડી ઝીણુ કરીને તેમાંથી રૂ ૨) ભાર લેઈને દહીં સાથે મેળવીને દીન સાત સુધી ખાય તો મરડો મટે,

બીજો ઉપાય—હીમજી હરડે લેઇને તેમાંથી અડધી કાચી રાખીને અડધી ઘીમાં તળી પછે તળેલીને કાચી એકઠી કરી ખાંડી બારીક કરી તેમાં ખાંડ ભેળવીને હથેળી ભરી ફાકે તો ભાત ભાતના મરડા મટે.

ત્રીજો—ધાવડીનાં ફુલ, સુંઠ, મોચરસ, અંદરજવ, અને ઘોડાની લાદ, એ સરવે સરખે વજને, લઇ ખાંડી ઝીણુ કરી પછી ઓશડથી અરધે વજને ભાંગની જડ ભેળી દરરોજ સવારે ખાય તો તેથી મરડો મટે.

ચોથો ઉપાય—ધાવરીનાં ફુલ વરીઆલી સાકર, જાયફળ એવી રીતે દરેક જણસને ચાર ચાર પઇશા ભાર લઈ પાણીમાં વાટી ગોળી એક પઇશાભારની વાળી તેમાંથી ગોળી ૧ સવારે ખાય તો દરદ મટી જાય બધી ગોળીઓ સાથે વાળી રાખીને દરરોજ ખાવી તેથી સારૂ થશે.

પાંચમો ઉપાય—સાકર પઈશા એક ભાર તથા અરકુસો પઈશા એક ભાર એ રીતે બંને જણસોને ખાંડી ભુકો કરી દુધમાં મેળવી સવારે પીએ તો મરડો મટી જાય.

લોહી તથા આમવાયુના મરડાનો ઉપાય

મરડો જેને આન વાયુ અથવા પેચસ કરીને પણ કહે છે મરડો આવીને પેટમાં આંકડીઓ ઉપરા ઉપરી આવે ને ઝાડે બેસે ત્યારે લોહી તથા આમ પડે તેનુ નામ લોહી આમનો મરડો ને.

એકલો આમ પડે તેને આમવાયુ કહે છે એ રોગ વાળાને ઘડી ઘડી ઉથરા ઉપરી મરડો આવે ને ઝાડો ઉતરતા માણસનો જીવ ગભરાવે કોઇને કઠણ મરડો થાય તો તેના જોરથી તાવ પણ આવે, ને જીભ ઉજળી પણ થાય પેડુમાં દુખે, ઝાડે બેસતા ઘણી પીડા થાય તો પણ સાફ ઝાડો ઉતરે નહી, થોડાક લોહી તથાં આમના ટીંપા, પડે તેથી માણસ ઘણી પીડા પામે છે, માટે દરદ મટવાને નીચે મુજબ ઉપાય કરવો.

સુંઠ તોલો ૧, વરીયાળી તોલો ૧ લેઇને તેને ઓખરી ખાંડીને પાણી શેર ૦। મુકીને નવટાંક રહે ત્યારે ઉતારીને તેમાં વિલાયતી ચોખુ દીવેલ તોલા ૨॥ નાંખી થંડુ પડવા દઇને દરદીએ પીવું તે પેટમાં ટકયાથી થોડીવારે લાગુ પડી ઝાડો આવશે તેથી પેટમાંના રોગને બહાર કાહાડશે કદાપી એક જુલાબથી બરાબર કસર ન મટે તો વચમાં દિવશ જવા દઇને બીજો જુલાબ આપવો, તેથી બાકી રહેલી કસર, નીકળી જશે ને તે કરતા રહેતો આ લખ્યા પ્રમાણે દવા આપવી.

આગશીના બીજ તોલો ૧ લઇને પાણી શેર ૦॥ લેઇ તેમાં નાખીને ઉકાળો કરી તેમાં બાવળનો ગુંદર માસા ૪ નાખીને તેના ત્રણ ભાગ કરી દીવશમાં ત્રણવાર પાવુ, કદાપી એથી ગુણ નહી થાય તો ફરીથી ઉપર કહ્યા પ્રમાણે કાચા દીવેલનો જુલાબ આપવો, ત્યાર પછી નીચે કહેલુ ઓશડ આપવુ, કળી ચુનો પથરનો, ૧૮ ઘઉંભાર, પાપડીયોકાથો ૨૪ ઘઉંભાર, અફીણ ૩ ઘઊંભાર. એ સરવેને ખાંડી બારીક કરીને એનાં પડીકા ત્રણ સરખે ભાગે દીવશમાં ત્રણવાર ફકાવવા, ને ઉપર સાબરસીંગુ પાણીમાં ઘશીને તે પાણી ગરમ કરી, જરા ટાહાડુ પાણી પીવું. કદાપી આમ ઘણો પડતો હોય ને લોહી થોડુ પડતુ હોય અથવા ન પડતુ હોય તો ઝીણી હીમજી હરડે દીવેલમાં તળીને તેનો ભુકો કરવો. તે ભુકો ૩ ૦॥ ભાર લેઇને તેમાં ૩ ૦॥ ભાર સાકરનો ભુકો મેળીને ફકાવવો ને તે ઉપર લોઢુ ગરમ કરીને પાણીમાં ઝામીને તે પાણી પીવુ, એ ઓખડથી પેટમાં આમની કસર હશે તે મટી, જશે ને ઝાડો પણ એજ ઓખડથી બંધ થશે એવું ગુણકારી ઓખડ છે.

કદાપી હરેક ગરમ વસ્તુ ખાધાથી અથવા ગરમ ઓખડ પીધાથી ઝાડા સાથે એકલુ લોહી પડતુ હોય તો નીચે કહેલુ ઓખડ ક

પવુ, મોટી હરડે પા, ચોખાના ધોવરામણમાં ઘશીને તેમાં હીરાદ ક્ષણ માસો ૧ તથા સાકરનો ભુકો તોલો ૦ા નાંખીને સવારે તથા સાંજે તેજ પ્રમાણે ખાવુ તે પાનાં ફાયદો ન થાય તો વજનમાં વધારે પાવું વારેવાર હરશ્રી હરડે સુધી ઘસાવીને એ ઓષડ પાંચ સાત દીવશ સુધી પાવું બીજો ઉપાય વરીઆળી, રૂ ૧ા ભાર, એલચી નં, ૪) એ બનેને ઠીકરા ઉપર મુકીને શેકવા પછી તેને ખાંડી બારીક કરી ખસખસ રૂ ૧ા ભાર ખપખસના જીંડવા જેને પોસ કરીને કહે છે તે રૂ ૦ા ભાર ખાંડી બારીક કરી તેમાં સાકર રૂ ૨) ભાર નાંખી એ પાંચે જણસોને એકઠીકરી તો સરખે ભાગે ૭ પડીકા કરીને દીવશનાં ત્રણ પડીકા ત્રણવાર ફકાવવા ને ઉપર જામેલુ પાણી પાવુ કદાપી ઝાડા વાટે લોહી ઘણુંજ પડતુ હોય તો નીચે કહેલા ઓષડો આપવા, હીરાદખાણ રૂ ૦ા ભાર, ઘઉંનો નીસાસ્તો રૂ ૦ા ભાર ખસખસના ઝીંડવાં રૂ ૦ા ભાર, અફીણ ત્રણ ઘઉં ભાર, બાવળનો ગુંદર રૂ ૦ા ભાર, સાકર રૂ ૧) ભાર, એ સરવેને ખાંડી ઝીણું કરીને બેદાણાના લોવાબમાં મેળવીને એનો છઠો ભાગ દર બે કલાકને આંતરે ખવાવવો, ને ઉપર સાબરશીંગુ ઘશીને તને ગરમ કરીને નુ પાણી પાતા રેહેવું બીજુ જેને લોહી ઘણુંજ પડતુ હોય તેને નીચે લખેલી દવાઓ આપવી, સાબરશીંગુ રૂ ૦ા ભાર બાવળનો ગુંદ રૂ ૧ા ભાર સાકર રૂ ૨) ભાર, હવે સાબરશિંગાને પાણી શેર ૧ા મુકીને ઉકાળવુ તેમાંથી શેર ૦ા રહે, ત્યારે તેમાં ગુંદર તથા સાકર નાખીને, પછી ઓગળી જાય ત્યારે તેના ભાગ કરીને દર બબે કેલાકે એકેકો ભાગ પાતા રેહેવુ અને એ મરડાના રોગવાળાને નીચે કહેલા ઓષડોની પીચકારી ઝાડા વાટે આપવી, ખસખસના પોસ રૂ ૨) ભાર પાણી શેર ૧ માં ઉકાળીને તેને ગાળીને પીચકારીમાં ભરીને તે પીચકારી ઝાડાવાટે દીવશમાં બે વાર આપવી ને માંખણ કાઢાડયા વગરની તાજી છાશ એ ઉપર આપે તો સારી છે કદાપી પેટમાં મરડો વધારે થતો હોય તો પીવાનુ પાણી તથા કાંજી સરવેને પથર અથવા લોહોઢું ધીકાવીને જામીને આપતા રેહેવું ને પેટ ઉપર અફીણ પાણી સાથે ઘસીને તે પાણી ચોપડતા રેહેવું, કદાપી તે ઉપર કહ્યાં તે સઘળાં એ ઓષડોથી ગુણ નહી પડે ને એ રોગની પીડા વધતી જાય ને લોહી સાથે આમ વચલાએલા જેવો પડવા માંડે ત્યારે, સમજવું કે પેટ

માં પરૂ થયુ છે તેની પરીક્ષા એ છે જે દરીયાનુ પાણી અથવા તે નમળે તો કુવાનુ પાણી એક વાસણમાં રેડીને તેમાં ઝાડે એ સાડવો પછી જોવું કે તેમાંનુ આમ ઉપર તરી આવે તો સમજવુ કે આમ છે અગર પાણીમાં નીચે બેસી જાય તો જાણવુ કે પરૂ છે ને તે પરૂ વાળો ઝાડો ઘણો વાસ મારે, જ્યારે એ રીતે બગાડ થયેલો માલમ પડે ત્યારે, ઘણીજ ઉતાવળથી મોહોડુ લાવવાની દવા આપવી મોહોડુ લાવે જો મોહોડુ આવી જાય તો તે માણસ ઘાતથી બચી જાય ને મોહોડુ નહી આવે તો તે માણસની આશા થોડી રાખવી.

કોઇ ગર્ભવાળી સ્ત્રીને મરડો થાયછે તેને ઉપર કહેલી દવાઓમાંની દવા નજર પોહોંચાડીને થોડા વજને સુએતી આપતા રહેવું. અગર એ દવાઓ આપવાની હીમત નહીજ ચાલે તો પછી ઇસબગુલ નાં બીજ રૂ ૧) ભાર ઠીકરામાં નાંખી અધકચરાં શેકીને તેમા ખાંડ ભેળીને દરરોજ ટાહાડા પાણી સાથે ફકાવવું પણ ગર્ભવંતી સ્ત્રીને મરડો થાય તે કાંઇ ઘાતથી નથી જ્યારે તે સ્ત્રી જણે ત્યારે પોતાની મેળે મટી જાય,

ભુખનો ઉપાય.

હરડેદળ પઇસા ભાર. સિંધવ પઇસા ૨ ભાર. જીરૂ પઇસા ૩ ભાર. પિંપર ઝીણી પઇશા ૩ ભાર એ સરવે જણશોને ખાંડી તેની ફાકી ફાકે તો ખાધેલું પાચન થઇને પેટમાં ભુખ લાગે.

બીજોઉપાય—મીઠું પઇશા ૪ ભાર હરડે મોટી ૪ પઇશા ભાર વાવડંગ ૪ પઇશા ભાર ને સંચળ ૪ પઇશા ભાર સિંધવ ૪ પઇશા ભાર અજમો ૪ પઇશા ભાર પિપર ૪ પઇશા ભાર જવખાર ૪ પઇશા ભાર સુંઠ ૪ પઇશાભાર હિંગ ૪ પઇશાભાર એ સરવેને ખાંડી ફાકી કરી હથેળી ૧ ભરી દરરાજ ફાકે તો પેટમાં માનો દુખાવો મટીને ખરી ભુખ લાગે.

ત્રીજો ઉપાય—હિંગ સુંઠ, મરી, પિપર ઝીણી, કાળાં મારી, જીરૂ, શાહાજીરૂ, અજમોદ, સિંધવ, સંચળ એ સરવે જણશો સરખે ભાગે લેઇ તેને બારીક વાટી ચુરણ કરીને હિંગને અગ્નિ ઉપર ફુલાવી ભુકો કરી માંહી નાખીને દરરોજ સવારે તોલો પા, ખાઇને ટાઢા પાણીમાં ઉતારે તો તેના પેટમાંનો વાયુ તથા દુખાવો મટીને ભુખ સારી લાગશે અને ખાવા ઉપર રૂચી થશે, તથા શરીરમાં હુંશીયારી આવશે, એનુ નામ હિંગાષ્ટક ચુરણ છે,

થ ઉતરશે તાવવાળા માણસનું બીછાનુ તથા સુવાનો ઓરડો ચોખો રાખવો જોઇએ. તથા હવા આવવા જવાને બારી બારણાં ખુલાં રાખવાં જોઇએ ને તેના આગળ ગરબડ કરવી નહી કેમકે તાવવાળાનો જીવ ગભરાય, માટે કામ જેટલું બોલવુ.

શરીર ઉપર ચોપડવાને કાનમા મુકવાને ગુલાબનું તેલ કાઢવાની રીત.

ગુલાબના ફુલની તાજી પાંખડીઓ લઇને એક પોહોળા મોહોડાના કાચના શીશામાં અથવા હરેક સારા વાસણમાં નાંખીને તે ઉપર તલનું મીઠુ તેલ રેડવું કે તથી પેલી ફુલની પાંખડીઓ બધી ઢંકાઇ જાય પછી તેનુ મોહોડુ બુચ અથવા દાટો દઇને મજબુત બંધ કરવું, ને ૪૭ દીવશ સુધી તડકામાં મુકવું, પછી બાહાર કાઢી ચોળીને ગાળવુ જો તેલ ઘણું જોસદાર કરવુ હોય તો ગુલાબના ફુલની બીજી મોસમ આવે ત્યારે ફરીને તેજ તેલમાં ગુલાબના ફુલ નાખીને ઉપર કહ્યા પ્રમાણે કરવું એ રીને ચંબેલી તથા મોગરાનુ તેલ પણ નીકળે છે એ તેલ શરીર ઉપર ચોપડવાને ઘણી જગાએ કામ લાગે છે, તથા કાનમાં મુકવાને પણ કામ લાગે છે.

ચસકા સુળ તથા લોહીવિકારના સોજા ઉપર ચોપડવાને કપુર તેલ કાઢવાની રીત.

અળશીનું અથવા તલનું મીઠુ તેલ રૂ ૬) ભાર તથા કપુર રૂ ૧॥ ભાર એ બેઉ જણસ લેઇને પ્રથમ કપુર ખલમાં નાંખીને તેને ખુબ ઘુંટવો ને તેમાં થોડું થોડું તેલ નાંખતાં જવું પછી બારીક વટાયે એટલે તેમાં બધું તેલ નાંખીને એકરસ કરવું પછીઝીણા લુગડામાં નાખીને ગળવુ ને તેને એક શીશામાં ભરીને તેને મજબુત બુચ દઈ રાખવે,, એ તેલ શરીર ઉપરના હરેક દરદ ચસકા સુળ લોહી વીકારના સોજા તથા એવાજ બીજા દરદ ઉપર ચોપડવાને ઘણુંજ કામ આવે છે, કદાપી અફીણ ના એ તેલમાં રેડીને ચોપડે તો તેથી વધારે ગુણ થાય છે.

રગત પીતનો ઉપાય

રગતપીતનુ દુખ ઘણુંજ ખરાબ છે તેની નીશાની એછે જે હાથ તથા પગ ફાટીને લોહી નીકળે નખ કાળા થાય ને ખરી પડે ને કોઇ કોઇ માણસના શરીર ઉપર રૂપયાના ચકરડાં જેવાં ચાંઠા પડે છે તથા નખ પણ કાળા થઇ જાય છે, તેનો ઉપાય એ

જે સાપનીકાંચળી માસા, ૨ ખજુર સાથે ખવરાવે તો આરામ થાય રગતપીતનાં ચાંદાં પગની વાઢીની હેઠે તળીઆમાં નાસુર પડે તો તેનો ઉપાય એછે જે હગીંદર માશા, ૧૦ પારો માશા, ૫ ગાયનુ ઘી માસા ૩૦ એ સરવેને ચાર પ્રોહોર સુધી સારી પેઠે ખલ કરવું, પછી વિલાયતી રેશાનુ કપડુ જે । લીટ કરીને પણ કહે છે તેની પટી ઉપર ઉપરની દવા ચોપડી પછી તે ઉપર કાળામલમની પટી મારે તો, રગતપીતના નાસુર મટે.

મોતીયો તથા આંખનાં બીજા રોગનો ઉપાય

મોતી તથા પરવાળુ તથા આંખ દુખતી હોય તો ખાપરીયુ રૂ. ૧ ભાર, ચીનાઇ શાકર રૂ ૧ ભા, પુરાણી તપકીર રૂ. ૧) ભાર, હીમજે હરડે રૂ ૧) ભાર, એ શરવેને ખાંડી બારીક કરીને લીંબુના રશમાં દીવશ ૭ સુધી ખલ કરવું પછી તેને છાંયડામાં સુકવવું, પછી ભરીમુકી આંખમાં સાંજે આંજે તો ઉપર લખેલા દરદો મટે એ ઉપાય ઘણો ફાયદાકારક છે, તે કરેથી માલમ પડશે.

ધાતુ પુષ્ટી મરદીનો ઉપાય

ઉપાય પેહેલો—મોચરસ, અકલગરો, કાળીમુસળી ધોળીમુસળી, ખજુરફળી, ઈંદ્રજવ, મોઠા ગોખરૂ, ગજાસરવ, સુકાં વડગુંદાં, કઉઆ ઉબગણ, બળબીજ, એચરો, ચીનીકબાળા, અને બાવચી, એ સરવે વસાણાં બરાબર વજને લેઇ ખાંડી ઝીણો ભુકો કરી તેને હવાલે ચાળીને જેટલું વજન વસાણાનુ થાય તેથી બમણી ખાંડ ભેળવી ઓસડ તઇઆર કરી દરરોજ સવારે હાથેળી ભરીને ખાય તો શરીરમાંથી નબળાઇ જઇને પુષ્ટ થશે. અને મરદાઇ ઘણી વધશે. તે એટલી કે એક રાતમાં દસ સ્ત્રીને સંભોગ કરી શકે એવું તીબ્બ સાબી કહેછે.

ઉપાય બીજો—ખશખશનાં પોશ પઇશાર ૨ ભાર, સુંઠ પઇશા ૨ ભાર, ધાવરીનાં ફુલ પઇશા ૧ ભાર, એ શરવે જાણશ પાણી શેર ૬ માં ઉકાળી પછી શેર ૧ પાણી રહે ત્યારે લુગડે ગળાને સ્ત્રીનો સંભોગ કરવાની પેહેલાં ૧ પહોર અગાઉ પીવું ને પછી ભોગ કરવો તેથી જોર ઘણુ આવશે ને કામ પેદા થશે.

ત્રીજો ઉપાય—લવિંગ, અકલગરો, સુંઠ એ સરખે વજને લેઈ ખાંડી ઝીણું કરી સોબત કરતી વખતે પુરૂષના છીદ્રની આશપાશ લગાડે છે, ને પછી ભોગ કરતી વખતે એવી તેજ પેદા થાય જે તે ના સ્વાદનો પાર નહી એવું તિબ્બશામી વઇદ કહેછે.

પેસાબ બંધ થાયછે તેનો ઉપાય

ઇંદરવયણાની જડ પઇસા ૧ ભાર, આપે તો એક પહેર માં પેશાબ તથા ઝાડો છુટે. બીજુ—કાંદાનાં બી. ગોખરૂ, કપાસ, કાકડીનાં બીજ એ ચારે જણસ સરખે ભાગે બે તોલા લેઇ ભોખરૂ કરી પાણી શેર ૬ માં ઉકાળીને તેનુ પણી શેર ૧ રહે ત્યરે તેમાં સાકરની ચાસણી કરીને પેશાબ બંધ થયો હોય તેને પાયતો પોહોર ૧ પછી પેશાબ છુટે. પણ ડુંટીની નીચે ગાંઠ; બંધાઇ હોય તો મોતની નીશાની છે તેને ઓસડ કરવું નહી બીજું,કપુર પુરૂષના લીંગના છીદ્રમા મુકે તો ઘડી ૧ પછી પેશાબ છુટે. શુરોખાર છીદ્રના મુકે તોપણ પેશાબ છુટે, કળથો ઉકાળી તેનું પાણી પાય તો પેશાબ છુટે. ઉપરના દુઃખ ઉપર આ ઉપાય તાકીદથી કરવા, કેમકે પેશાબ બંધ થાય તો માણસ ઘણું ગભારાય છે માટે તે ઉપાય તરત કરવો.

દાંત મોહોડું, ગલું તથા જીભનો ઉપાય.

ટાહડા પાણીથી દાત દુખતા હોય તો કેહેરવા રંગનું લોઢી લેવરાવે તો માટે પાણ જો ઊની પાણીથી દુખતા હોય તો સુવા દાતમાં રાખે તો દુખતાં મટે અથવા રૂસ્તકી દાંતની નીચે રાખે તોપણ મટે અથવા કનેરની જડ કે પીપરીમુળ દાંત નીચે રાખેથી મટે. જો દાંત ની જડમાં કીડા હોય તો ડુંગનો ગાગડો ઊંનો કરી દાંત નીચે રાખે તો કીડા મરી જાય ભોંય રીંગણીનાં ડીડવાં દેવતા ઉપર મુકીને તેની ધુણી દાંતને દેતો કીડા તમામ ખરી પડે.

મોહુ પાકે તેનો ઉપાય.

મોહોડું અંદરથી પાક ચુંહાય ને માંહે લાલ દેખાય ને લાલ છાલટાં પડ્યાં હોય તો કતરી, વાંસકપુર, નીસાસ્તો એ પણ બરાબર વજને લેઇ ખાંડી બારીક કરી મોઢાંમાં ભભરાવે ને પછી મોં નીતરતું મુકે તો દરદ મટે. સરખો તથા ગુલાબના કોગળા કરાવે તોપાણ મટે. જો અદરથી સફેતી દેખાય તો સમાક તથી ચંબેલી ફુલી એકઠું કરીબારીક કરીનેમોંઢામાંરાખે તોગરમીમટે.

૨ વળી મોહોમાં ચાંદી પડી હોય તો ધોળી તપખીર ગાંધીને ત્યાંથી લાવીને મોમાં ભભરાવે ને પછી મોં નતરતું મુકે તેથી ગરમી ઝરી જશે ને મોમાંના ગરમી મટી જશે. તપખીર પઇસા ૧ ની લાવવી.

૩ ચીનીકબાબા એલચી અને કાથો એ ત્રણે જગુસ ગાંધી ને ત્યાંથી પઇસા ૧ ની લઈ ત્રણેને એકઠી ખાંડી ઝીણો ભુકો કરીને મોંની ચાંદી ઉપર ભભરાવે તો તેની ચાંદી માટશે પણ મો નીતરતું મુકીને લાળ ઝરી જવા દેવી.

૪ ખડીઓખાર સેની લોકો વાપરે છે તે ગળાવીને વાટી બારીક ભુકો કરીને મધમાં મેળવીને ચાંદી ઉપર ચોપડી મોં નીતરતું મુકવું એટલે ગરમી ઝરી જઇને સારૂં થશે.

૫ કેટલાક માણસનું મોહો ગંધાય છે તેથી કોઇ સારા માણસ પાસે બેસતાં શરમાવવું પડેછે માટે તે મટાડવાને નીચે મુજબ ઓષડ કરવું. કસ્તુરી, અગર તથા લવિંગ એ ત્રણે ચીજ ખાંડીને તેનો ઝીણો ભુકો કરીને ઘણા દિવસ સુધી દરરોજ દાંતે ઘશે તો તેથી મોહોની દુરગંધ એ રાગવાળાએ રોજ દાંત ઘશીને દાતણ કરવુ ને સુગંધી પદરથનુ સેવન કરવાથી મટશે.

કમળો તથા પાંડુ રોગનો ઉપાય.

પાંડુરોગ તથા કમળાની નિશાની એછે જે આંખોના ડોળ તથા નખ પીળા થાય, તથા કોઇને આખુ શરીર પણ પીળુ થઇ જાયછે. અને શરીર નબળુ પડી જાયછે. માટે તેનો ઉપાય એ છે જે ખેર, પીપર, ચીતરો, સડકચુરો, સુંઠ, વાવડંગ, એ સરખે વજને લઇ ખાંડી બારીક કરીને તેને બારીક વસ્ત્રે ચાળીને પછે લુહારની કોડમાં ઘડતાં જે લોઢા ઉપરથી ભુકો ખરેછે તે લાલો બારીક વાટી વસ્ત્રગાળ કરી વસાણાં કરતાં બમણુ વજને માંહે ભેગ વરે। પછી તે દરરોજ સવારે ખાય તો પાંડુ રોગ મટે. જો લોહીથી એ દરદ હોય તો તેથી કાળજામાં દુખે, રાત દાહાડો કરાર ન થાય મોહોડાનો રંગતું રફરે, પેશાબ કાળાશપર થક. એ દરદના ધણીનું દેહફાસ રંગતું લોહી લેવરાવવે તો એ રોગ મટી જાય.

વા ગોળાનો ઉપાય.

એ દરદનું નિશાન એ છે જે પીઠ તથા કઢીયેર તથા કમરમાં દુખ હોય કે જે કુલજવાથી થાયછે. એ દરદમાં પેહેલા ત્રણ દિવસ સુધી દેહેસત ઘણી હોય. ત્રણ દિવસ ગયા પછી બીહીવુ નહી. એ દરદમાં વૈદલોકો શાઇ આપેછે, અથવા નીસોતર કે ઇદરવયાણીનો ગલ આપેછે જે ઓષડથી ફાયદા થાય બીજુ મેદા તથા હળદર એકઠુ કરીને તેની રોટલી કરી પકાવી પછી એ

રેટલી માંસ ચાર સુધી ખાય તે પરમેશ્વરની મેહેરબાનીથી દરદ મટે.

આદાશીશી અથવા આદશીનો ઉપાય.

આદાશીશો જે માણસને થાયછે તે શરીરમાં નબળાઈથી થાયછે તેની નિશાની એ જે સુરજ ઉગેકે આદાશીશી લાગુ પડે એટલે માંથાની રગો તણાય તથા એવુ દુખેજે માણુન શરીર જબરો વાઘ જેવો જોરાવર હોય તે પણ ગરીબ બકરી જેવો બની જાય છે તે દિવસ આથમે ત્યારે નરમ પડે ને વળી બીજે દાહડે તેમજ દુખે તેનો ઉપાય એ છે જે વજ, મરી પીપર અને સુંઠ એ સરવે પાણીમાં ઘશીને પછે લુગડે ગળીને નાકમાં સુંઘે તો મટી જાય. ને વાથી આદાશી ચડતી હોયતો સતાનરીના તેલથી મટે. વળી માંથાને દુખનો ઉપાય લખુંછું કે તેથી માથાના તરેહ તરેહના રોગ મટે. સુંઠ માસા ૨॥ કેશર માસા ૨॥ ગાયનું ઘી પઈસે ભાર ૧॥ એ વસ્તુઓ ખાંડી ઝીણી કરી ગાયના ઘીમાં મેળવીને નાકમાં સુંઘે તો તેથી માંથાના તરેહ તરેહના રોગ મટે. જોરીથી માથું દુખતું હોય તો એરંડાની જડ છાંયડામાં સુકવીને પાણીમા ઘશીને તથાને તળીએ ચોપડેતો માથું દુખતું મટે. અને ગરમી અથાવા પીતથી દુખતું હોય તો સુખડ ઘશીને ચોપડે તો તેથી મટે. મરી વાટીને અથવા ચીતરાછાલ ઘશીને ચોપડે તો તેથી ઘણો ફાયદો થાય છે.

ઉધરસ અથાવ ખાંશિનો ઉપાય.

એ રોગને ઉધરશ ખાંશી અને ઠાસો એ ત્રણે નામમાંથી જેની નજરમાં આવે તેમ તે કહેછે એ રોગ થવાનું કારણ તેલ મરચાં તેમાં પણ ખોરૂ તેલ અથવા હરેક ખોરી ચાજ ખાવાથીજ થોડો થોડો બીગાડ છાતીમાં ભેગો થયાથી ખાંસી પ્રગટ થીગછે, એ ઉધરશ ત્રણ જાતની થાયછે. ટેહેલી જાતનીને સુકી ખાંસી કહેછે તે ઉધરશ આવવાથી છાંતીમાંથી કાંઇ પડતુ નથી. બીજી જાયનીને છાતીમાંથી બળખા પડે છે ને નબળો માણશને હાંફણ પણ થાયછે. એ ખાંશી વધારે દીવશ રહેતો તેની શાથે ઝીણો તાવ પણ આવેછે તેની નીશાની એ જે ધણીના હાંથ પગ ઢીલા થઈ જાય, તેથી સુવાની મરજી થાય, પણ તે તાવ પાછો અરધા કલાક પછી ઉતરી જાય છે. ત્રીજી જાતની ઉધરશ આવવાથી છાતીમાં લોહી પડેછે અથવા લોહી સાથે મલખા ભળાએલું હોય છે. એપ્રમાણે એ રોગથી માણશ ઘણું ગભરાયછે, તે મટવાના ઉપાય ની

એ મુજબ છે.

૧ પેહેલી જાતની સુકી ખાંશીનો ઉપાય—મીંઢળ તથા શિંધવ ઝીણું બારીક ખાંડીને રૂ ળા ભારની ફાકી ભરી ઉનું પાણી પાએ તો તેથી ઉલટી થાય. તેમાં કેટલીક કશાર મટી જાય, પછી બીજે દિવશે નિચે કહ્યા પ્રમાણે ઓશડ આપવું.

ખશખશ રૂ ળા ભાર વરીયાળી રૂ ાાા બદામનો મગજ રૂ ાા ભાર કાકડીના બીનો ગર રૂ ાાા ભાર તડબુચના બીનો ગર રૂ ા ભાર દુધીના બીનો ગર રૂ ા ભાર શાકર રૂ ૧) ભાર એ સરવેને સારી પેઠે ઘુંટીને પાણી કાહાડી ગળીને પછી ગાયનું ઘી રૂ ાાા ભાર ગરમ કરીને તેમાં પેલુ પાણી નાંખીને પાય તો ઉનરશ મટી જાય.

ખશખશના ડોડવાં રૂ ાાા ભાર ખશખશ રૂ ાાા ભાર શાકર રૂ ૧) ભાર એ ત્રણે જાણશને પાણી શેર ાા મુકીને ઉગાળી શવાર માં પાય તો તેથી ખાંશી મટી જાય અને સુકી ખાશી વાળાને ગાયનું ઘી, બદામ, માંખણ, બદામનું તેલ એવાં ચીકણાં વશાણાં ખવરાવવાં. બદામનું તેલ છાતી ઉપર ચોપડવું. અને જેઠીમધના શીરાના સોપારીના જેવડા કડકા કરી મોમાં રખાવી તેનો રશ ગળી જવાથી આરામ થશે.

જે ઉનરશના આવ્યાથી છાતીમાંથી બળખા પડે છે તેનો ઉપાય.

એ જાતના દરદવાળાને ઉલટી કરવાનુ ઓશડ આપવું. તેથી કેટલી એક કશાર નિકળી જશે, પછે નિચે કેહેલો ગરમાળો પાક કરીને આપવો કે તેથી ખાંશી તથા હાંફણ બેઉ મટી જશે.

ગરમાળાનો ગર ૧૦) ભાર, સુકાં અંજીર રૂ ૨૧) ભાર, ગાઉજબાન રૂ ૩) ભાર, જેઠમધનીછાલ કાહાડેલી રૂ ૬ ભાર, પરદેશી આવશાન રૂ ૩) ભાર, જોફ્રા રૂ ૩) ભાર, ઉનાબદાણા ૨૫), સુકાં વડગુંદાં ૨૫), કેશર રૂ ા ભાર, બદામનું તેલ રૂ ૧) ભાર, શાકર શેર ૨) એ શરવે જાણશો લાવીને તેમાંથી શાકર, ગરમાળાનો ગોર, બદામનું તેલ અને કેશર એટલી જાણશો જુદી રાખીને બાકી રેહેલી જાણશોને ખોખરી કરીને પાણી શેર ૫) મુકી તમાં દવાઈ નાંખીને ઉકાળવી તે પાણી શેર ૨) રહે ત્યારે નાચે ઉતારીને જરાક ટાહાડુ પાડીને ચોળીને બારીક લુગડે ગળીને ફરીથી ઉનું કરી તેમાં ગરમાળાનો ગોળ ભીજવી મુકવો, તે ટાહાડુ થાય ત્યારે ચોળીને ગળી લેવું, પછે તેમાં સાકર નાંખીને ચુલે ચહડાવીને ઉકાળવું, ને જરા ચાસણી પર આવે કે પેલું કેસર તથા બ

દામનું તેલ નાંખીને મેળવવું જ્યારે કઠણ ચાસણી થાય ત્યારે ચુલા પરથી ઉતારી લેવું. ને ટાહાડુ પડે એટલે કાચના વાસણમાં ભરીમુકવું તેમાંથી સાંજ સવાર બમે ચમચા ભરીને ચટાવવું તેથી દરરોજ ઝાડો સાફ આવશે ખાંસી મટીને નબળાઈ જશે ને સારૂ થશે.

બીજો ઉપાય જઠીમધનો શીરો રૂ ૨) ભાર, બાવળનો સફેત ગુંદર રૂ ૨) ભાર, ઘઊનો નીસારતો રૂ ૩) ભાર, કાળાં મરી રૂ ૦। ભાર, સાકર રૂ ૨) ભાર. કેસર ૦। ભાર, એ સરવેને ખાંડી ઝીણે લુગડે ચાળી પાણી નાંખી ગોળીઓ કરવી. પણ તે ગોળીયોમાંથી સવારથી તે સાંજ સુધીમાં ગોળી પાંચથી તે પદર સુધી આપવી કે ચુશીને રસ ગળામાં ઉતારે એ ખાંસીવાળાને હલકુ ખવાનું આપવું. દુધ દહી, છાશ, માંખણ. ઘી તુરની દાળ એવી એવી ચીજો ખાવા ન આપવી. બદામનુ તેલ ઘીની જગાએ ખાવા આપે તો ફાયદો થાય. તથા. બદામનું તેલ છાતીએ મસળવું જોઇએ.

ત્રીજી જાતની ઉધરસ લોહી બળખા સાથે ભેળાએલું હોય છેતેનો ઉપાય—એ રોગવાળાની ઉતાવળેથી બંને હાથની ફશો ખોલાવવી. ને પછે નીચે પ્રમાણે ઓશડ આપવું. સાબરસીંગાનો ભુકો રંદા મારેલો રૂ ૦॥ ભાર, બાવળનો સફેત ગુંદર; રૂ ૨॥ ભાર, સાકર રૂ. ૫ ભાગ, પાણી શેર ૦॥ લઇને તેમાં સાબરસીંગાનો ભુકો નાખીને ઉકાળવો, જ્યારે પાણી શેર ૦॥ રહે, ત્યારે સાકર તથા ગુંદર નાખીને જ્યારે ઓગળે ત્યારે નીચે ઉતારીને ગાળી લઇને કાચના શીશામાં ભરી મુકવું, પછે તેના છ ભાગ કરવા અને એકેકો ભાગ દીવશમાં ત્રણ વાર આપવો, ને સાબરસીંગાનો ભુકો રંદા મારેલો ન મળે તો સાબરશીંગુ ઘશીને રૂ ૨॥ ભારલેવુ

બીજો ઉપાય—મોટાં ગુંદા પાકા શેર ૧) લેવાં, તેનો રસ કાહાડવો તેમાં સાકર શેર ૦॥ ને આશરે નાખીને ખુબ ઉકાળવુ પછી જ્યારે તેની ચાસણી આવે ત્યારે નીચે ઉતારીને ચીનાઇકાચના પ્યાલામાં ભરી રાખવું, તેમાંથી દરરોજ રૂ ૨) ભારને આશરે સવાર સાંજ ચાટવું, કદાપી ગુંદા નહી મળે તો ગુંદાનાપાંદડાનો રસ કાહાડીને તેમાં સાકર મેળવીને હમેશાં પાવું અથવા એ ખાંસી વાળાને તાવ નહી હોય તો ગધેડીનુ દુધ પાવુ અથવા સ્રીનુ દુધ પાવુ, આ રોગ મટે ત્યાં સુધી લખવા વાંચવાનુ

તથા ઘણી મેહેનતનુ કામ અને સ્ત્રી સંભોગ એ સરવે બીલકુલ બંધ રખાવવું ને ગરમ ખોરાક બીલકુલ ખાવો નહી, એ શિવાય કોઇને ખાંશી સાથે હાંફણ થાય છે તેનુ ઓષડ બીજી બીજી જાતમાં કહ્યા પ્રમાણે કરવું પણ એકલી વગર ખાંશીની હાંફણ થતી હોય તો બુંદનો કાવો દુધ વગરનો થોડી સાકર નાંખીને પાવો, બુંદ તોલે બમણાં નાખવા વળી હાંફણ વાળાના પગને ઘણા ગરમ પાણીએ ઝારવા તથા પગને થોડા ઘણા ઉના પાણીમાં બોળી રાખવાથી ઘણો ફાયદો થાય છે વળી જેને ઉધરશ થઇ હોય તેણે જવખાર મોહોમાં રાખવો.

ગરમીની નીશાન.

જો પિતથી રોગ પેદા થાય તો ગરમી તથા ખુશકીની નીશાન છે મોહોડુ પીળુ થાય અને તરસ લાગે જો સરદી કરે તો દરદ જાય, પીતનાં ધણીની નાડ ઉતાવળી દોડે, જ્યાં ખુશક થાય પીતના ધણીની એવી નીશાન છે જે હર ઘડી તેને શરદી ઉપર ખાયશ હોય જેમ પાણી વિના માછલી તરફડે તેમ પીતના આજારનો ધણી પણ, માંછલી માફક તરફડે છે.

વાની નીશાન.

વાની નિશાન પિતની નિશાનથી ઉલટી જાણવી તનમાં ખુશ થાય, શકિત જાદે હોય બોલવાથી મોહો ઘડી એક બંધ નહી રેહે બહુધા વિશ્વાસથી હમેશાં કાયલ હોય રાત દીવશ હાથના દરદથી પોકારે ને તલી તથા બાવાશીર જાહેર થાય, પેશાબ રોગના જેવો હોય, એવી રીની નીશાન વાના ધણીની છે.

રસાવકારની નિશાન

બલગમની નીશાનને વાસ્તે આગમ્યા વૈદ્યએ એમ લખ્યુ છે કે તેનુ મોહોડુ હમેશાં સફેદ હોય પેટની ગરમી હોય ભુખ થોડી લાગે, પાચન નહી થાય ઉંઘ જાદે હોય તનમાં સુસ્તી હોય, કદમને પરશેવાં હોય, તબીયત ગરમી ઉપર ખાયસ મંદ હોય શરદ ચીજ કે પાણીને નહી ચાહ્ય.

લોહીની નીશાન.

જ્યારે શરીરમાં લોહી વધારે થાય ત્યારે નાખુશી પેદા થાય, મોહોડામાં મીઠાશ હોય, માંથુ ભારે હોય, આંખ ભુડા સુસ્ત થાય, ને હરઘડી બે સબબ માંદગી સુસ્તી હોય દમાગ ખુશક હોય મોહોડુ સુકાય, તમામ જાતની ચામડીને ખરજ થાય ગાલ લાલ

થાય પેશાબના રંગ સુરકી પકડે, તમામ રોગોથી નાડની રગ ઘણી ડકે, એ નિશાન લોહીના ધાણીની છે.

રોગ ઓળખવા તથા તેના ઉપાય કરવા બાબત.

વા તથા પીત તથા બલગમથી માણસોને દરદ પેંદા થાય છે જો એ ત્રણ ચીજમાથી એકની વૃધી થાય તો તેથી શરીરમાં રોગ પેદા થાય છે. ને જો એ ત્રણે ચીજ શરીરમાં જોર કરે તો તે રોગને મોતની નિશાન છે. ફારસ શેહેરમાં વૈદાની આગળ માણશોને રોગની ચાર તરેહ છે, એક વા, બીજુ પીત; અને ત્રીજુ બલગમ, અને ચોથુ લોહી, હવે એ ચારે તરેહની નીશાન યાદ રાખવી કે પીત ગરમ છે, લોહી ગરમ છે વાશરદ છે ને બલગમ ઘણી શરદ છે.

સ્વાદના ગુણ

હિંદુસ્તાનનાતથા રૂમનાવૈદાએ ખાવામાં નવતરેહની લેહેજંત કહી છે. પેહેલી. ૧ મીઠું ૨ મોળું, ૩ ચીકણું, ૪ તલચી, ૫ કડવું, ૬ ખારૂં ૭ બળેલું, ૮ તીખુ, ૯ ગરમ. એસરવેના ગુણ ગરમ છે, કાબેજ તથા બે નીમક તથા બેસજે ફીકું એના ગુણ સાધારણ છે. કસાએલું શરદ છે. ખાટી ચીજ ઘણી શરદ છે. ખાંટી ચીજ ઘણી શરદ છે. જો એક ખાણમાં ત્રણ વસ્તુઓ એકઠી છે, તે તોમાં જે વસ્તુ ઘણી હોય તેના સ્વાદમાં પેલા બંને મળી જાય, તેથી ઘણી હોય તે વસ્તુનો સ્વાદ માત્ર આવે. માટે અસલ ખાંણની જાત નવ તરેહના સ્વાદ ઉપર રાખી છે માટે સરવે ચીજમાં એ રીતે અજમાવી જોવું. તેથી બધી ખબર પડશે.

ગુમડાના ઉપાય

ગુમડાં થાય તો નીચલાં વસાણાનું પાણી પીએ તો ગુમડા મટી જાય. હરડાં, બેહેડાં, આમળાં, ધાણા, સુખડ એ પાંચ ચીજને માટીના વાસણમાં નાંખીને તેમાં કુવાનું મીઠું પાણી રેડવુ પછી તેને ભીંજવી રાખીને તે પાણી ગાળીને જેને ગુમડાં થયાં હોય તેને પાવું, અને જ્યારે તરસ લાગે ત્યારે તેજ પાણી પાવું, તેથી ગુણ થાય છે. પણ ગુમડાં થયાં હોય તેણે તેલ, આંમલી, મરચુ અને બીજી હરેક ગરમ ચીજ ખાવી નહી. કેમકે તેમાંથી ઝાડો આવે અથવા મરડો થાય, તેથી હેરાન ગતી થાય, માટે એ દરદવાળાએ ખાધાનો વિચાર રાખવો,

---

ભાતભાતનાં દરદ ઉપર તાવ પરમીઆ અને પેશાબ ગળતો હોય એ વિગેરે મટવાને ગળોનું સત્વ કહાડવાની રીત.

ગળોનો ભારો એક લાવીને ઘણા પાણીમાં ધુએ પછે ગળોના ચાર ચાર આંગળના કટકા કરે. પછે તે કટકાને એક માટીના વાસણમાં ઘાલે ને તે વાસણમાં વરસાદનું પાણી નાંખીને રાત એક રાખે. ખુબ તરેહથી તર કરે પછી બીજે દાવસે તેને છડકો મારે. તે દખાય કે તેમાંથી સત્વ બાહાર નિકળ્યું કે પછી તેમાંથી કચરો બાહાર કાઢવો. અને તે પાણીને ઘડી એક સુધી હલાવવું નહી. જે સત્વ પાણીની નિચે ઠરે ત્યારે પાણી ઉપરથી નીતારી નાંખી જે સત્વ રહે તેને છાંયડે સુકવે, પછે તે ઉપર કહેલા દરદો ઉપર કામમાં લાવે તેથી ઘણોજ ફાયદો થાય છે.

આંબોઈનો ઉપાય.

ગાંઠ ખસેછે તેને લોકો નાભી તથા આંબોઇ ખસે છે એવું કહેછે, પણ તે ખોટું છે. લોકો તે ગાંઠ એટલે આંબોઇ ચોળાવે છે, અથવા મંત્રાવે છે અથવા હાંલ્લાનુ ખાલી આતસી રૂમડુ મુકાવે છે કે પગને અંગુઠે અથવા ધુંટણને તાણીને બાંધે છે, પણ એ ખસવાની વાત તદન જુઠીછે કેમકે તે વાત મુગલાઈ તથા ઇંગ્રેજી વઇદો કબુલ રાખતા નથી તથા મંત્રાવે છે તેતો કેવળ મુરખ છે. ખસલના વઇદક શાસ્ત્રમા ગાંઠ ખસવાની બાબત કોઈ પણ ઠેકાણે લખી નથી ઘણા લોકોને ઝાડો થાય છે અથવાં પેટમાં દુખે છે કે તાવ આવેછે અથવા વાંસો ફાટે છે ત્યારે આંબોઇ તથા નળ ટળવાના વહેમથી આંબોઇ ચોળાવે છે તેથી વહેમમાં ને વહેમમાં ઘણા દહાડા વાતી જાયછે ને રોગનું જોર વધી પડેછે માટે તે વીશેની ખરી વાત નીચે પ્રમાણે છે.

આંબોઇ અથવા ગાંઠ ખસવાના ઉપાય જે સઘળા લોકો કરે છે તે એક તરેહના સુળવા એટલે ઓચીંતો પેટમાં દુખવાનો રોગ કોઇને થાય છે માટે શુળ વાયુ થયો હોય તેણે આ ચોપડીમાં શુળ વાયુનો ઉપાય લખ્યો છે તે પ્રમાણે ઓષડ આપવું પણ જો તેથી ન મટે તો જુલાબ આપવો. ને જુલાબ આપવાથી ઝાડો ન આવે તો સમજવું કે એ ધણીના આંતરડાએ વળ ખાધા છે એ ખાધાનુ કારણ એ કે ઘોડા ઉપર બેઠો હોય ને એકાએક ઘોડો કુદે તેથી પેટ ચેકલાય તથા કુદવાથી કે છલંગ મારવાથી અથ

વા ગઝા ઉપરાંત ભારે બોજો ઉચકાવાથી અથવા ઉંચી જગાપરથી દોડવાથી કે ખાડામાં પગ પડવાથી અથવા આતરડુ ગોળીમાં ઉતરયાથી વળ ખાઇ જાય છે અથવા તે જગાએથી ખશી જાય છે ત્યારે એકાએક પેટમાં એક જગોએ દુખે ને શુળ મારે તેવામાં ગોળીની કોથળી (પુરૂષના બંને પગની નીચેની) સુજે ને ગોળી મોટી થાય ત્યારે જાણવુ કે અંતરગળ થવાની નીશાન છે પણ જ્યારે આતરડુ વળ ખાવા થાય અથવા ખસવાથી દુખ થાય છે ત્યારે તેનો ઉપાય એ છે જે એ આજાર વાળાને ચતો અને સરખો સુવાડવો પછી તેના પેટને ધીરેથી એવી રીતે ચોળવુ કે આંતરડાનો વળ હોય તે છુટે અથવા ખશેલુ હોય તે ઠેકાણેઆવે એ રીતે કરવાથી ફાયદો ન થાય તો તેના પટને મજબુતદોરીથી તાણીને બાંધવા, ને પછી ચાર જણ મળીને તેના હાથતથા પગ ઝાલીને તેને ઉચકે તેથી તે કમરમાંથી વાંકો વળી જાય ને તેનુ પેટ દબાઇ જાય, પછી તેને પાંચ સાત વાર હીંચોળે એટલે આણીગમ તેણીગમ હલાવે તેથી પણ આંતરડાનો વળ છુટે.

એ કરતાં પણ ન મટે તારેઆ ઉપાય કરવો કે એક જીવતો પારો (મારેલો નહી.) ધોઇ સાફ કરી રૂ ૫) ભાર લેઇ રોગીને ઉભો રાખી પાઇ દેવો, મુગલ વઇદ; પાંચ તોલા પારો પાવાનો હુકમ આપે છે, પણ ઇંગ્રેજી વઇદો તો એક રતલ સુધીનો હુકમ આપે છે કેમકે તે પાયા પછી ઝાડાવાટે વરત પાછો નીકળી જાય છે ને આંતરડાનો વળ છોડવે છે કાચો પારો પાયા પછી તેને થોડાક ડગલાં ચલાવવાં પછી ઉભો રાખીને તેના પેટને બંને હાથે ઉપરથી એવું દબાવવું કે તેથી પારો નીચે ઉતરીને આંતરડાનો વળ છુટે અથવા ખસેલુ ઠેકાણે આવે ને પારો ઝાડા વાટે નીકળી પડે કદાપી પારો પાયા પછી ઝાડાવાટે ન નીકળે તો આજારીને થોડી વાર ઉંધે ટાંગવો કે તેથી મો વાટે નીકળી પડશે પારો ધોવાની રીત એ છે કે હરડાં બેહેડાં અને આમળા લઇ ભોખરા કરીને તેને મીઠા પાણીમાં ગાળીને તેમાં પારાને નાખીને, સારી પેઠે ચોળીને ધોઇ કાડવો, પાંચ કલાક સુધી તેને ભીજવી રખવી. પછી તે પાણી બીજી રીત ધોવાની એ છે જે પારો શેર ૦ા લેઇ માટીના વાસણમાં નાખી તેમાં પાણી શેર ૧) નાખી ધીમા તાપ ઉપર મુકી ઉનો કરવો કદાપી પાણી બળી જવા આવે તો બીજુ પાણી રેડવું પછી તે પાણી કાળાટ પકડે કે તરત

નીચે ઉતારી પાણી કાહાડી નાંખી તેમાંથી પારો ટાહાડો પાડીદેવો એ સરવે ઉપાયો કરયાથી આંતરડા ઠેકાણે આવે અથવા તેનો વળ છુટે પછી તેને પેટે એક બનાતની પેટી જાંથુ રાખવી, કે તેના ગુણે કરીને ફરી વળ ખાય નહી; જો એ રોગથી ગોળી મોટી થઇ હોય તો તે ધણીએ હમેશાં કચ્છો ભીડાવેલો રાખવો એ ઠીક છે.

પાણીમાં ડુબેલા માણસને ઉપાય.

જે માણસ પાણીમાં ડુબે છે તેને પછી બાહાર કાહાડી કેટલાક લોકો તેને ઉંચો ટાંગે છે અથવા હીંચકા ખવરાવે છે અથવા તો પીપ કે ચકરડા ઘાલીને ફરવે છે તે એવા વીચારથી કે પીધેલુ પાણી નીકળી જાય પણ એ વિચાર ભુલ ભરેલો છે કેમકે ડુબેલા માણસનો સ્વાસ બંધાઇ જાયછે તેથી તેના પેટમાં કાંઇ જઇ શકતુ નથી માટે ઉપર કહેલો ઉપાય કરવાથી વખતે ડુબેલા માણસનો પ્રાણ પણ જાય છે, વાસ્તે નીચે કહ્યા પ્રમાણે ઉપાય કરવો, ડુબેલા માણસનુ માથુ તથા ખભા પકડીને ઘેર લઇ જવો પછી તેને ભીના લુગડાં કાઢીને કોરાં પેહેરવાં, પણ આખુ શરીર પેહેલાં લુછીને કોરૂ કરયા પછી લુગડાં પેહેરાવવાં, ને તેના શરીર ઉપર ઉનની કામળી અથવા ઉનના લુગડાં શરીર ઉપર લપેટવાં ને તેને ઉનના અથવા રૂના બીછાના પર સુવારવો ને તેના માથા ઉપર છાંપડો કરી તેને તડકામાં રાખવો, ને તેનુ મોહોડુ તથા નસ્કોરૂ વારે વારે લુશીને સાફ કરવુ અને ઇટ તથા નળીયા ગરમ કરી અથવા ઉના પાણીથી તેના પગ તળીયે તથા દુટી ઉપર તથા બગલમાં તથા ઘુંટણના સાંધાઓમાં સારી પેઠે શેક કરવો અથવા બને તો મોટું ઉના પાણીનુ વાસણ ભરી તેમાં તે ડુબેલા માણસને બેસાડવું. ને તેનુ શરીર સારી પેઠે મસળવુ તથા રગડવું, ને તેનો સ્વાસ બંધ થયેલો હોય તે ચાલવા સારૂ તેનુ ફેફસ ફુલાવવા સારૂ નાકના એક તરફના નસકોરામાં નળી ઘાલીને ફુંક મારવી, તે વેળા બીજી તરફનુ નસકોરૂ તથા મોહોડુ દામી બંધ કરી રાખવું, કે પેલો પવન બાહાર નીકળી ન જાય, ફેફસામાં વાગેથી જરાક પેટ ઉંચુ થએલુ દેખાય કે ફુંકવુ બંધ કરવુ ને નસ્કોરા તથા મોહોડામાં પવન જવા દેવો એવી રીતે થોડીથોડી વારે કરતા રેહેવુ બને તો થોડુ થોડુ ઉનુ પાણી પણ પાતા રેહેવું, તે થોડે વારે હરેક ઓષડ જે હાજર હોય તે સુરત શખી

સુધાડતાં રેહેવું એટલે ડુબેલુ માણસ ગફલત થાય નહી અને હુંશીઅરીમાં રહે સારી રીતે સુદ્ધિમાં આવે.

અરોળ તથા અભેતરીનાં ઉપાય.

પેહેડુના દરમી આન વચમાંથી લોહી કઢાવે અથવા હાથની રગ ઉપર નસ્તર મરાવે તેથી "બગડેલું" લોહી નિકળ્યાથી સારૂં ન થાય તો બીજો ઉપાય. એ જે રાઇ પઈસાભાર ભારમાં ગાયનું મુત ૨ એકઠું કરીને દરરોજ સવારે પીએ તો રોગ મટે.

ચુંક તથા શુળવાયુ તથા મોરચીનો ઉપાય

શુળ વાયુ એછે જે એકાએક પેટમાં આગીગમ ફરતી શુળ મારેને જોરથી દુખીને ચુંક આવે ને શુળવાયુથી કોઇને એવું કઠણ દુખે તે સેહેવાય નહી એ રોગવાળાને ઝાડો પણ કબજ થએલો હોય છે, એ રોગ થવાના ઘણા સબબ હોય છે. ઘણુ કરીને વાયુંના જોરથી ઊઠેછે. એ રોગ ઉઠે તેને પ્રથમ તપાસવું જોઇએ કે એ દીને તેને ઝાડો સાફ આવ્યો હોય અથવા ન આવ્યો હોય અથવા ઝાડો સાફ આવ્યો હોય ને કાંઈ ભારે ખોરાક પણ ન ખાધો હોય ને શુળ મારે ને પેટમાં દુખતુ હોય તો નીચે કહેલું ઓષડ કરવું. કોલમનો ભુકો રૂ. ૦ાા ભાર સુઠનો ભુકો રૂ ૦ાા ભાર કાળાં મરીના ભુકો રૂ ૦ાા ભાર અફીણ ઘઉ ૧) ભાર એ ચારે જણસો મધમાં મેળવીને ચટાડવું, તે ઉપરથી ઉનું પાણી પાવું અથવા એ દવા ગરમ પાણીમાં નાંખીને પાવી એ દવા આપ્યાથી દુખતુ નરમ પડયા પછી બીજે અથવા ત્રીજે દીવસે કાચું દીવેલ બેથી ત્રણ ચમચા સુધી સુઠના કાવામાં અથવા આદાના રસમાં રેડીને પાવું ને શુળ નરમ નહી પડે ને ઝાડો પણ ન આવે તો ફરીથી કાચુ દીવેલ ત્રણથી ચાર ચમચા સુધી ઉના પાણીમાં પાંવું અથવા સુંઠના કે ફુદીનાના કાવામાં પાવુ ને તેથી પણ ન મટે. તો એ દવાને પીચકારીમાં ભરી ઝાડાની વાટે પીચકારી મારવી તેએ દુખ અજીરણથી હોય તો અફીણ ન આપવું. કેમકે તેથી ઉલટું નુકશાન છો

બીજો ઉપાય—સુંઠ રૂ ૦ાા ભાર સંચળ રૂ ૦ાા ભાર સિંધવ રૂ ૨) ભાર કાળાં મરી રૂ ૦ાા ભાર પિપર રૂ ૦ાા ભાર એ સરવે જણસોને બારીક ખાંડી ઝીણે લુગડે ચાળી તેના ભાગ કરી એક ભાગ મધમાં ચટાડવો ને ઉપરનું પાણી અથવા ફુદીનાનો રસ પાવો એથી પણ એ રોગ મટેછે.

ધનુર (ધનકવાના ઉપાવ.)

ધનકવા બે જાતના થાયછે, તે બેઉની જગા માથાના મગજમાં હોયછે; તેમાં એક માદા અને બીજો નર હોય છે જે માદાછે તે ખુશકછે. એ દરદથી આદમીનું તન કમાનની પેઠે પેચસ ખાયછે તમામ રગો ખેંચાયછે. ને કમર પીઠ જાંગ તુટે એ આજારને હિંદુસ્તાનમાં ધનકવા કહેછે. એ રોગનો ઉપાય નથી. કેમકે એ રોગ થએલું માણસ કોઈ ઉગરતુ નથી તેમાં જે મહા ખુશક છે તે ત્રાણ દીવસમાં મરે ને જો તેને ત્રીજે દીવસે ઈશ્વર ઉગારે તો તે નવે જનમે આવ્યો. તે વીશે વૈદે કહ્યું છે કે જે ફૂલેજનું ઓસડ જે તસનુંજર છે તેને ફાયદે મંદછે.

નાસુર નસ્કોરી તથા નાક બંધાઈ જાયછે તેનો ઉપાય.

જેને નાકમાં નાસુરનું સર લોઢાના હથીયારે કાપી પછી આંગળાં અંદર ઘાલીને જડમાંથી મોહોડા તરફ બાહાર કાઢે. પણ નાસુરનુ સર કાપે તોતે ઉપર મીઠળ મધ મુકે કે જેથી તમામ મુરદાલ માંસને ખાય. તેથી નાસુરનુ નામ નિશાન નહિ રહે. બીજુ તે હમેશ ગોહોરની ભાંગ ખાય તો ફાયદો છે. અથવા ભાંગ ખાધાથી વધારે થાય તો લોઢાના હિથઆરે તેની જડજે ચીરીને તે જગો ઉપર ડાગ મુકે તો મટે.

નસ્કોરી ફુટી હોય તો નાક વાટે ખાળની માફક લગભગ લોહી નીકળછે. તે ઘણું કરીને લોહી વધવાથી કે અંદરની એક રગચીરાયાથી એમથાયછે. એ આજારના ધાણીને ખુશીયા બે તા૦ બેઉ જાંઘ બાંધે ત્યારપછી અરડુસાનો રસ મધ સાથે પાય. બીજુ કીદરૂ પૈસા ૧) ભાર અફીણ પૈસા ૧) ભાર મજીઠ પૈસા ૧) ભાર કરોડીયાનો ગલ પૈસા ૧ ભાર એ ચાર ચીજને બારીક વાટીને તેની વાટ બનાવી નાકમાં રાખે તો ઉપર કહેલાં બન્ને જાતનાં દરદ મટે. અથવા નસ્કોરી ફુટી હોય તો ખેતરની કાળી માટી અથવા તેન મળેતો ઘઊંના કાકરા માટીના લઇ તેને ભીજવીને તાળવે મુકે ને થોડીક સુંઘે તો તેથી નસ્કોરીનું વેહેતું લોહી તરત બધ થશે.

નાક બંધ થાય ત્યારે કલોજી ગધેડાના પેસાબમાં મેળવી હમેશાં નાકમાં મેલે તો ફાયદો થાય. બંદાલનો રસ તથા આદમીનો પેશાબ કાનમા મુકે તો તેથી પણ મટે.

સલેકમનો ઉપાય.

સળેકમ ગરમી થયું હોય તો, સરકો છાશ, ને કસકાશ (જૈજવના લોટનો બનેછે) તે ખાય તો મટે. ગરમી થી થયાની નિશાની એ છે જે સળેકમ પાતળો ને ગરમ બહાર નિકળે, જો સળેકમ જાડો ને પરાણે બાહારનીકળે તોશરદીથી જાણવો તેનો ઉપાય. ખસખસના પોસ પૈસા ૧) ભાર સુંઠ પૈસા ૧) ભાર ધાવડીના ફુલ પૈસા ૧ ભાર એ સવે પાણી શેર ૯ માં ઉકાળી જ્યારે પાણી શેર ૧) રહે ત્યારે લુગડે ગળીને સુતી વેળા રાત ૩ સુધી પીએ તો મટે. બીજુ એલચી પૈસા ૧)ભાર લવિંગ પૈસા ૧)ભાર મોહોડામાં રાખે તો તેથી મટે શરદીનું સળેકમ મટે. સરીશ્યું તેલ કેટલાક દિવસ સુધી સુંઘે તો મટે તથ કલોંજી સુંઘે તો મટે,

જુ તથા ખોડાનો ઉપાય.

માથામાં જુ તથા ખોડો થાય ત્યારે ચણાને છાશમાં પલાળીને જ્યારે નરમ થાય ત્યારે માથા ઉપર મસળે તે પછી બે પહોર થાય ત્યારે માથું ધુવે તેથી જુ અને ખોડો બંને જાય. બીજો ઉપાય ઉજળી ખાંડ તથા લીંબુનો રસ બેઉ એકઠાં કરીને માથું ધુએ, અથવા ગંધક તથા પારો એ બેઉને ખલ કરીને માથામાં ઘાલે તેથી જુ તથા ખોડો તરત મટી સારૂં થશે.

વાળની મજબુતીનો ઉપાય.

દાઢી તથા માથાના વાળ ઝાડનાં પાંદડાની પેઠે ખરી પડે તેનો ઉપાય એજે આંમળાંને પાણીમાં રાત ૩ સુધી પલાળી રાખી, પછી તેમાં ગાયનું ઘી નાંખી દેતા ઉપર ઉનું કરવું ને જ્યારે પાણી તમાંમ બળી રહીને ઘી બાકી રહે ત્યારે તેથી લઇનેવાળ ખરતા હોય તે ઠેકાણે મસળે તો ફરી વાળ ખસે નહિને વળી વાળ વધારવાની ઇચ્છા હોય તો એજ આમળાનું તેલ માથામાં ઘાલેથી વાળનો ભરાવો થઈ વધારો થશે.

ચાલવાની હકિકત વિસે.

વઇદોએ કહ્યુંછે કે ચાલવું તથા દોડવું પોતાના ગજા માફક રાખવું. ઘોડા ઉપર સ્વાર થઇને અથવા પગે એટલું ચાલવું કે તેથી થાક ન લાગે. દરેક માણસે જમ્યા પછી સો ડગલાં ઓછામાં ઓછું ચાલવું. ને સાંજની વખતે સમુદ્રને કીનારે અથવા વાડીયોની ખલી હવામાં પોતાના શરીરની શક્તિ પ્રમાણે પગે ચાલવું [illegible]

જાય તો બહુ થાકી જાય તેથી નુકશાન છે. ઘરના રહેનાર ઘરમાં ને સફરના કરનારે સંફરમાં પોતાના ગજા માફક ચાલવાથી હુંશિયારી રહેછે.

જલંદર રોગનો ઉપાય.

જલંદરનો રોગ પેટમાં થાયછે, તેની નિશાન એ છે જે, પેટ ઘણું મોટું ગાગર જેવડું થાય તેથી એ રોગી અરીશે અકળાય છે. એ રોગ ત્રણ જાતના થાયછે; તે ત્રણેનાં નામ નીચે મુજબ છે.

પેહેલી જાત. રૈયોધર, આ જાતના રોગથી પાણીની તરશ બહુ લાગે ને પેટ મોટું થાય ને તે ઉપર હાથ વગાડે તો ઢોલના જેવો અવાજ આવે. એ રોગ ઘણું કરીને વાથી પેદા થાય છે એ રોગ મટવાનો ઉપાય, લસણની કળીયો ફોલીને મધમાંનાખવી, પછીતે અથાઇ રહે એટલે એ રોગવાલાને દીન ૪૦ સુધી ખવરાવે તોવા થી થયેલો જલંધર રોગ સારો થશે.

બીજો ઉપાય, બકરીનુ દુધ શે. ૧) લેઇ તેમાં એરંડીયુ તોલા ત્રણ ભેળીને માસ ચાર સુધી પાય તો પેટનો વા તમામ મટે.

ત્રીજો ઉપાય રાઇને બારીક ખાંડી વસ્ત્ર માફ ચાલીને ગાયના મુતરમાં ખાય તો એ રોગ મટે.

ચોથો ઉપાય. સાજીખાર પઇશા ૧) ભાર, સિંધવ ૫, ૧) ભાર, સંચલ ૫, ૧) ભાર, મીઠું ૫, ૧) ભાર. ગચલું ૫, ૧) ભાર, છડ ૫, ૧) ભાર, આમળાં ૫, ૧ ભાર, સુકાં વાવડંગ ૫, ૧ ભાર, ઇંદર વપણાની જડ ૫. ૩ ભાર, ઉપલેટ ૫, ૧ ભાર, સાથમ ૫; ૧ ભાર, સુવા ૫; ૧ ભાર, વ ીપાળી ૫, ૧ ભાર, અજમો ૫, ૧ ભાર; જવખાર ૫, ૧ ભર, સુંઠ, ૫, ૧ ભાર, પીપરીમુળ ૫; ૧ ભર, બેહેડા ૫ ૧ ભાર, તજ પઇશા ૧ ભાર, જવાશી ૫, ૧ ભાર, ખેર ૫, ૧ ભાર, વજ ૫ ૧ ભાર, ચડકચુરો ૫, ૧ ભાર, ધાણા ૫, ૧ ભાર, ચીવરો ૫, ૧ ભાર, મોટી હરડે ૫. ૧ ભાર, ઉપલેટની જડ ૫, ૧ ભાર, નીસોતર ૫, ૩ ભાર, જમાલગોટો ૫, ૨ ભાર એ સરવે જણસ લાવી તેને સાફ વીણી બારીક ખાંડી હવાલે ચાળીને એ ચુરણ, કાચની શીસીમાં ભરીમુકવુ પછી ઉપર લખેલા દરદીએ દરરોજ સવારમા હાથેળી ભરી ફાકી ઉપર પાણીને ઉતારે તો તેથી એ રોગ મટે જલદી સાજેય આ ઓશડ ગુણદાયક છે.

જકો જળંદર—આ જાતના રોગથી પેટમાં [illegible]

રદ્દામ એકઠું થાય, ને પેટ પાણીની મશક (ચામડાની મશક જે માં ભીસ્તી લોક પાણી ભરે છે તે) માફક હાલે, ને ગાગર જેવ ડુ મોટું થાય તે મટાડવા । ઉપાય. નાકની ડાબી તરફથી શીકામમુ કે ને જરદ્દામ આશાનીથી બાહાર કડે છે ચીરનારો ઘણો ખબડ દાર જોઇએ, એ ખબડદાર હોય તો આરામ થાય છે.

ત્રીજી જાતનો કઠોધ્ધર—આ જાતનાં રોગથી પેટ ઉપર સોજો આવે, ને તે જગોઉપર આંગળી દાબે તો ખાડાની નિશાન દેખાં ય છે ને એકબી કાળજા ઉપર ગાંઠ બંધાય છે તેના દુખથી ઘણા દા હાડો જંપ ન વળે વખતે ગાંઠ બનાય છે. પણ ઘણું સોજો ન ચડેલો હોય તેટલામાં આગળથી ઉપાય કરે તો મટે, જ્યાં સુધી પેટમાં ગાંઠ બંધાયલી ન હોય તેના પેહેલા ઉપાયો કરવા કેમકે ગાંઠ બંધાયા પછી ઓખડ લાગુ પડતું નથી.

હવે એ ત્રણ જાતના જલંધર મટવાને સારૂ નિચે લખેલા ઉ પાય કરવા. એક માટીનું દોહોણું (હાંલ્લુ) લાવવું પછે તે મધ્યે ખગશાણી થુવેરનું દુધ લાવવું. તે મધે મુઠી ૧) મેંદા નાંખી ને ખમીર કરવું. તેમાંથી માસા ૨) દવા લઇ તેની નાના ચા નકી બનાવીને દેવતાના અંગારા ઉપર શેકવી. ને તે ઉપર લ ખેલા દરદીને દરરોજ સવારમાં ખવરાવીને ઉનું પાણી પાવું. તે થી પરમેસ્વરની મેહેરબાનીથી એ રોગ મટીને સારૂં થશે.

શીતળા (બળીયાકાકાનો) ઉપાય.

બગડેલા લોહીથી શીતળા થાય છે. જે વરસમાં માણુસના ત નમાં ખરાબ લોહી વધે છે તે વરસમાં શીતળા પેંદા થાય છે પ ણ તેમાં ઘણું કરીને નાનાં છોકરાંને ઘણીજ નીકળે છે પૈદા ક હે છે કે, તે વરસમાં ખરાનું લોહી કમી કરાવે શીતળાથી શ રીર ઉપર મોટા મોટા ફોલ્લા નિકળે, તાવ આવે શરીર ગરમ રહે, જેને શીતળા કાળા રંગનાને પાસે પાસે એક એકના ભેગા નિકળે ને નિકળતાં ઘણા દાહાડા લાગે ને ઉતાવળા સુકાઈ જા ય, રાત દીવશ તાવથી શરીર બળે એવી જાતની શીતળા હોય ત્યારે તે માણુસની ઉપર ઇસ્વરની મેહેરબાની હોય તોજ બચે.

બીજી જાતની શીતળા—જે શીતળાના ફોલ્લા ઉજળા હોય ને ઘણા છેટે છેટે હોય, એક બીજા સાથે ભેગાએલા નહી હોય ઉતાવળા નીકળે ઘણું દહાડે સુકાય, શરીરમાં તાવ ન હોય તો તેની કશી ચીંતા રાખવી નહી તેને પેહેલું સુપ થવાને

એ બંને જાતના દરદને વાસ્તે કડછાલ તથા જીરૂ પાણીમાં ઘુંટીને જેવારે શીતળા નીકળવા માંડે ત્યારે તે પાણી પાય ને તે પાણી પાયાની પેહેલાં શેકેલા ચણા ખાવા આપે ને આખરમાં ઉંઘતી વેળા મધને જુવારની રોટલી આપે તો સારી રીતે આરામ થાય.

ઉજાગરો અને ઊંઘનો ઉપાય.

ઉજાગરો કરવાથી શરીર બગડી જાય છે, અને બીજે દહાડે શરીર ભારે થઇ કશું કામ થતું નથી માટે જરૂરના કામ વગર ઉજાગરો કરવો નહી. જે રાતે ઉજાગરો થયો હોય તેને બીજે દહાડે લીંબુનો રસ રૂ. ૧) ભાર સાકર રૂ. ૧) ભાર પાણી શેર ૦ા એ સરવે એકઠું કર ને તેનુ શરબત બનાવી લુગડે ગળીને પીયે તો ઉજાગરાનું ઝેર ઉતરી જાય અથવા ગાયનું દુધ લેઇ તેમાં પાણીને સાકર બે વાનાં નાંખીને પીએ તો તેથી ફાયદા થાય

૨ ઘણા દિવશના ઉજાગરા ભેગા થાય છે તેથી પીંડ રોગ પેદા થાય છે દરેક માણસે પોતાની તબીયતનું સુખ ઇચ્છવું હોય તો તેણે રાત્રીયે કામ વેહેલું પતાવી નિયમસર ઉંઘવું જોઇએ, કોઇ દિવશ કાંઇ કારણસર ઉજાગરો થાય તો બીજે દિવશે એક બે કલાક દિવશે સુવું અગર અવકાશ ન મળે તો રાત્રીએ વેહેલું સુવું તેથી તેની કસર તરત મટી જશે. રાતની ઉંઘ છે તે ખાધુ પાચન કરે છે. તેથી રાત્રી સરવે માણસના સુખને માટે છે તે શાણા સમજે છે.

જુલાબ (રેચનો) ઉપાય.

તાપના દાહાડામાં કે ટાહાડના દાહાડામાં જુલાબ અથવા ઉલટીનું ઓષડ પીવું નહી તેમજ જે દહાડે વરસાદ વાયુ ને વાદળાં થયાં હોય તે દિવશે પણ, જુલાબ લેવો નહી. કારણ કે શરીરમાં ઉલટો બીગાડ થાય છે. ગુષ્ટ (જાડુ માણસ) જુલાબ લે તો તેને નુકશાન થાય છે અને પાતળા માણસને એથી વધારે નુકશાન છે. ઘરડા માણસને તો ઉપર કહેલા વખતે જુલાબ લેવોજ નહી. ને નાપાડયા ઉપરથી લે તો ઘણું નુકશાન થાય છે.

જુલાબ લેવાની રૂતુ નીચે કહેલી છે તે રૂતુએ જુલાબ લેવો પણ તે દિવશે વા તથા શરદી શરીરમાં ન લાગે માટે ફલાલીન કે ગરમ બદન પેહેરી રાખવું. અને પવનમાં ફરવું નહી.

જુલાબ લેવાના દિવશ—કારતક મહિનો બેસે તેની આ

વચમાં અને બીજો ફાગણ માસ બેઠા પછી એ બે સમયે લેતે શરીરમાં સુખ ઉપજાવે છે.

આપણી ઇચ્છા હોય કે જુલાબ લીધાથી ઝાડો સાફ આવે અથવા ઉલટી આવે તેથી પેટમાંની કેટલીક કસર નીકળી જાય એમ ઇછા હોય તો નિચે પ્રમાણે જુલાબ લેવો.

પેહેલું—નિસોતર પઇસા ૩) ભાર, સફેત ખાંડ પઇસા ૪ ભાભાર, એ બંને સત્તારમાં નયણેકોઠે ફાકે તો શરીરમાંના તમામ મેલ નીકળી જાય પણ એ ફાકી ઉના પાણી સાથે ઉતારવી તેથી પેટ સાફ આવશે ને તે દિવશે અગીયાર વાગતાં સુધી ત્રણ ચાર પેટ આવે એટલે ભાત અને પાતળી તુવેરની દાળ બે ભેગાં કરી તેમાં તાજુ ઘી સારી પેઠે નાંખીને હલકું ભોજન કરવું તે દીવશ ઘઉંની રોટલી તેલ મરચુ હીંગ એ ખાવું નહી કેમકે જુલાબ ઉપર એ બહુ અવગુણ કરે માટે ન ખવું.

બીજો ઉપાય ઇંદ્રવયણાની જડ રૂ. ૧) ભાર, ઝીણી ખાંડી તેમાં સફેત ખાંડ રૂ. ૧) ભાર ભેળીને ઉના પાણીમાં ફાકે તો ઉપરના ઓષડ જેવો ફાયદો થાય.

ત્રીજો ઉપાય—ગરમાળાનો ગેર અને સોનામુખી (મીઢીઆવળ) એ બેઉને ઉકાળીને પિએ તો તેથી પણ ફાયદો થાય છે.

ચોથુ—થુવરના જડની છાલ વાટી બારીક કરી પાનમાં મુકી ખાય તો ફાયદો છે. પેટ ઘણાં આવે તો ભાત તથા ગાયનું દુહી ખાવું તેથી સુખ શાંતી થશે.

પાંચમું—રેવંચીની ખટાઇ રૂ. ૨) ભાર, શીકેતરી એળીયા રૂ. ૧) ભાર એ બંને ખાંડી બારીક કરી પાણી સાથે ગોળિયા ચણા બરોબર કરી રાખવી તેમાંથી ગોળીયો બેથી પાંચ સુધી સવારના પોહોરમાં અથવા રાતના સુતી વખત ઉના પાણી સાથે અથવા ગરમ ચાહના પાણી સાથે ગળે તો ઘણોજ ફાયદો કરે, ને હરેક રસ વિકારનો આજાર મટે,

છઠ્ઠું—ઓકારીને પરશેવો બહાર કાઢવાની ઇછા હોય તો મીંઠળ રૂ. ૧) ભાર ને સિંધવ રૂ. ૦ાા ભાર એ બે જણશોને બારીક નયણેકોઠે ફાકી તે ઉપર ઉનું પાણી પીએ તો તેથી ઓકારી આવે ને પશીના છુટે તેથી શારીરમાં ખુબ આરામ થાય.

સાતમું—મોરથુથુ રૂ. ૦ાા ભાર છાશ સાથે પીએ તો તેવાજ નફો થાય.

આરમું—આદુ રૂ. ૧) ભાર લેઇ તેને છોલી ઝીણા કટકા કરી પાણી શેર ૦॥ મુકી ઉકાળવું પછી પાણી શેર ૦ રહે ત્યારેની ચે ઉતારી થડુ પડવા દેઇ તેમાં કાચુ દીવેલ રૂ. ૨) ભાર નાંખી પીએ તો તેથી સાફ જુલાબ ને પેટ નરમ પાડે.

ચાંદી (ટાંકીનો) ઉપાય

ચાંદીના દરદથી ફોલ્લા થઇને જખમનાં ઘારાં પડયાં હોય તેને મટાડવાને ફાયદા કારક ઓષડ નીચે મુજબ છે.

૨ હીમજીહરડે રૂ. ૮) ભાર, રસકપુર રૂ, ૪) ભાર અનાર (ડાઢમનાં સુકુલ રૂ ૧) ભાર, ઓદારશીંગ રૂ. ૧) ભાર, જાયફળ રૂ. ૧) ભાર, એલચીદાણા રૂ. ૧) ભાર. લવિંગ રૂ. ૧) ભાર, મરી રૂ. ૧ ભાર એ સરવે જાણસોને લાવી સાફ કરી ખુબ બારીક ખાંડીને બારીક હવાલે ચાળીને કાગદી લીંબુ નંગ ૧૦૦) લાવી તેનો રસ કાચના વાસણમાં કાહાડીને ગળી નાંખી તેમાંથી ઉપર લખેલી દવાનો ભુકો નાંખી મેળવીને કઠણ ચોખા પથરના ખલમાં નાંખી ખુબ બારીક વાટીને ગોળી વાળવા જેવું કઠણ થાય ત્યારે સોપારી જેવડી ગોળીઓ વાળવી, ને તેને સુકવીને કાચના પોહોળા મોંના શીશામાં ભરી મુકવી પછી જેને ચાંદી હોય તેને દરરોજ સવારે ગોળી ૧ તથા સાંજે ગોળી ૧, બે વખત ખવરાવે ને પરેજીમાં તેલ, મરચુ, હિંગ આંબલી, મીઠુ વિગરે અવગુણ કરનારી ચીજો ખાવાની બંધ રાખવી તો તેથી એ દરદ મટીને સુખ થશે.

બીજો ઉપાય—ઓદારશીંગ રૂ ૧ ભાર અનારની છાલ રૂ ૧ ભાર, ગોળ ૫, ૪ ભાર, એ બેઉ વસાણાને ઝીણા ખાંડી ગોળમાં ગોળીઓ ૯ વાળવી. તેમાંથી સવારે ૧ તથા સાંજે ગોળી ૧ ખાય ને તે ઉપર પરેજી પાળીને ગાયનુ ઘી, દરરોજ શેર ૦॥ ખાય તો દીવશ ૧૪ માં આરામ થાય.

ત્રીજો—હીમજીહરડે રૂ. ૨ ભાર, મોરથુથુ ફુલાવેલુ રૂ. ૧ ભાર, સાકર રૂ. ૧ ભાર, એ સરવેને ખાંડી લીંબુનંગ ૧૦૦ ના રસમાં ખલ કરી પછી તેની ગોળીયો ચણીઓર જેવડી વાળી તેમાંથી ગોળી ૧ ટાઢાડા પાણી સાથે ગળાવી ને તે ઉપર શેકેલા ચણા ખવરાવીએ તો ટાંકીનો તથા ગમે તેવા ફોલ્લા તથા (વાળા) નીકળ્યા હોય તો આ ઓસડથી મટે, જો શેકેલા ચાણા નખાય તો ઊલ્ટી થશ માટે ગોળી ખાઇ તરત ચણા ખાવાં, ટાંકો

રદ વાળાને કોઇ હુંશીઆર વઇદ મો લાવે તો તેથી પણ ફાયદાછે કેમકે એ દરદ ભેદાયલાને જડમુળમાંથી કાઢે છે.

પરમીયાનો ઉપાય.

પરમીયો બે જાતનો થાય છે એક ગરમીથી ને બીજો વાથીતે માં ગરમીથી થયો હોય તેની ધાત મેહેસુરને રંગે હોય તેની બદ બો ઉપર કીડી તથા માંખ એકઠી થાય અને વાથી થયો હોય તે ધાતુનો રંગ સફેત હોય હમેશાં પેશાબ કરેયાં પછી ધાત જાય પર મીયાથી મરદી ગઈ હોય તો ધતુ પુષ્ટ મરદીના ઉપાય કહ્યા પ્ર માણે ઓસડ કરવાથી પણ પરમીયો મટે છે,

પેહેલો ઉ૦—ગાણી જુની અને પાકી ઇટ સોધી લાવીન તે નો ખાંડીને ભુકો કરવો, પછી તેને બારીક ચાળીને દરરોજ સવારે પા તોલાને આશરે ટાહાડા પાણીમાં ફાકે તો તેથી પરમીયો મટે.

બીજો ઉપાય—સરવાળા નામનુ ઘાસ જેને ઉખરડા સરવે કહે છે અને નાહાના છોકરાં એને કુતરા કરીને કહે છે અને તેનો આકાર બાજરીના ડુંડાના આકારે હોય છે પણ નાના હોય છે તે લેઇને છો કરાઓ એક બીજાના લુગડાં ઉપર નાંખે છેતે ચોટી જાય છે તે ખેડી લાવીને છાંયડે સુકવી સુકાયા પછી તેન ખાંડી બારીક કરી ને તેમાં ભુકા બરોબર ખાંડનાંખીને સવારે તથા સાંજે હાથેળી ભ રીને ફાકી ટાહાડુ પાણી પીએ તો ભાત ભાતના પરમીયા મટે.

ત્રીજો ઉપાય—સફેત ગુંદર શેર ૦। શીંગોડા શેર ૦। ખાંડ નુ બુરૂ શેર ૦॥ મેદા શેર ૦॥ એ બધા વસાણા એકઠા કરી એ ક પ્યાલામાં ભરી તેમાં ઘી શેર ૦। તથા દુધ શેર ૦। નાંખી સ રવે એકઠું કરી તેમાં દરરોજ સવારમા પાંચ પાંચ પઇશાભાર ખા ય તો ભાત ભાતના પરમીયા મટીને મરદાઈ આવે.

ઈંદ્રીના જખમનો ઉપાય.

ઈંદ્રીને જખમ થયો હોય તો કપીલો સરશીઆ તેલમાં મેળ વીને ચોપડેથી મટે બીજો ઉપાય મેંદી શારશીઆ તેલમાં મેળવી ને ચોપડેથી દરદ મટે ને જખમ રૂઝે

ત્રીજો ઉપાય.—વરસાદના દાહાડામાં બિલાડીના ટોપ ઉગે છે, (જેને નાના છોકરા કુતરાની ટોપ કહે છે ને ફારસીમાં તેને સમા રગો કહે છે તે ટોપ લીલા હોય છે ત્યારે સફેત હોય છે ને સુકાયછે ત્યારે કાળો થઇ છે) તેને જડ સુધાં ઉખેડી લાવીને, તેનો ભુ કો લીલા જખમ ઉપર મુકે તો તે જખમ જલદીથી મટી જાય છે

વીંછીના ઝેરનો ઉપાય.

હરેક માણસને દઈવયોગે વીંછી કરડયો હોય તો તેના ઉપાય નીચે મુજબ કરવા, પ્રથમ તો જે જગોએ કરડયો હોય તેથી ઉપર બે તસુ છેટે એક સુતરની સુંવાળી દોરી બાંધવી કે તેથી જેહેર ઉંચુ ન ચડે, એ પ્રમાણે કરીને કરડેલા ડંસ ઉપર માંખણ મસળેથી જેહેર ઉતરે તથા લસણ મસળે તો પણ ઉતરે અથવા મુળાનો રસ ઘસે તેથી પણ ઉતરે તથા ઉજળા આકડાની જડ વીંછી કરડતાં વેંત બેઉ કાનમાં ખોસે તો જેહેર ઉતરે, અથવા ડંખને ચુશીચુશીને થુંકી નાખે તો જેહેર ઉતરી જાય, પણ જેના મોમાં ગરમીથી ચાંદી થઇ હોય તે માણસે ચુસવું નહી, શાથી જે ચાંદીમાં જેહેર ઉતરે માટે હુંશીઆર માણસે એ ડંખ ચુસવો તેણે પણ સંભાળ રાખવી કે થુક ગળામાં ઉતરે નહી માટે હુંશઆરીથી કામ કરવું.

ધંતુરાનો ઝેરનો ઉપાય

નવા વાંસ કપાસને ખાંડી દુધમાં ઉનો કરીને તે દુધ ઘણું પાય તો ધંતુરનુ જેહેર ઉતરી જાય.

વાળ કાળા કરવાનો ઉપાય

કાળા ભાંગરાનો ભુકો દરરોજ સવરે તથા શાંજે હથેળી ભરીને ખાય એ પ્રમાણે લાગટ વરસ બે પ્રમાણે કરે તો વાળ સદાય કાળા રેહે. બીજો ઉપાય—લાલ મેદી બે હફ્તા સુધી વાળ ઉપર મસળે તથા ત્યાર પછી કાળી મેંદી દીવશ ૧૫ સુધી મસળે તો વાળ કાળા થાય ને જુવાન દેખાય.

ત્રીજો ઉપાય—ખાખરાના જડની છાલ બાળીને તેની રાખ પૈશા ૧૦ ભાર, તથા છીપ બાળેલી તેનો ચુનો પઈશા ૨॥ ભાર, લોહાના વાસણમાં મુકી તેમાં ભાંગરાનો રસ રેડી શીસામાં દસ્તાએ હલાવી જેમ સહી ઘુંટે તેમ હફ્તા બે સુધી ઘુંટી પછે સફેત વાળ ઉપર મસળે તો વાળ કાળા થાય છે. અથવા ગળીના પાંદડા ખુમ ઝીણાં ઘુંટી પરાળીને વાળ ઉપર બાંધો થોડા વાર બાંધી છોડીલે તો તેથી વાળ કાળા થાય છે.

અફીણના ઝેરનો ઉપાય

કોઇએ અફીણ ખાધુ હોય ને તે ઉપર તેલ પીધુ હોય અથવા તેલમાં ઘોળીને પીધું હોય તેનુ જેહેર ઘણું આકરૂ ચહડી જાય છે જો અફીણ આઠ માસાને વજને ખાધામાં આવ્યું હોય તો કફણ

જહેર ચડે છે તેના ચિન્હ અંગ બધુ સુસ્ત બની બેહોશ થઇ જાય, જીભ ખેંચ઼ઈ ટુંકી પડી જાય, તેથી બોલાય નહી, હોઠકાળા પડે ને હાથે પગે ઝણઝણટ આવી ગોટલા ચડે અને આંખમાં કુવા પડે પરશેવો ટાહાડો વળે આખે દેખાય નહી એ રીતે માલમ પડે તો નીચે લખેલુ ઉલટીનુ ઓખડ આપવુ.

સુવા તથા સુગીના બીજ નીમક, મધ એ ચારે દવાઇને બબે રૂપીયાભાર લઇને તેમાં પાણી શેર ૦ા મુકીને ઉકાળવું તેનુ પાણી શેર ા રહે ત્યારે તેને ઉતારી જરા ઠંડુ પડે એટલે ચોળીને એક રસ કરી ગાળીને પાવુ તેથી ઉલટી આવશે ને તેમ કરતાં ઉલટી ન આવે તો કુકડાનુ પીછુ ગળામાં મુકાવ ને ઓકાવીકાહાડવુ એ માણસને ઉલટીનુ ઓખડ પાયા પછે તેના પગ ઘુંટણ સુધી એક વાસણમાં મુકીને ઝારવા અથવા ઉનના લુગડાં પગમાં લપેટવા ને ચોખી હીંગ માસો ૧ લઇને પછે મધને પાણી ઉકાળી તેને ઘોળી એક રસ કરી તેમાં ઉપર કહ્યા પ્રમાણે હિંગ બારીક વાટીને નાંખી સરવે ભેગું હલાવી પાય તેથી ઉલટી થઇને જેહેર નીકળી જશે ને આરામ થશે.

આમળનો ઉપાય

જો આમળ બાહાર નીકળતુ હોય તે ઉપર કલાઇ સફેતો તથા માજુફળ એટલે માયુ એ બે ચીજ ઝીણો ખલ કરીને પછી દરરોજ આમળ ઉપર ભભરાવે તો ઉંચુ ચહડે ને ફરીથી બાહાર નીકળે તો દરદ ઘણું કરે તેથી માસ ૬ સુધી એ પ્રમાણે ઉપાય કરે તો ફરીથી બાહાર ન નીકળે ઉપલા ઓશડથી એ રોગ ચાળીશ વરસનો જુનો હોય તો પણ મટે.

હરશનો ઉપાય

હરસનો રોગ ઘણી જાતનો થાય છે હરસ કોઇને નાકમાંને સફરાના (ગાંડના અથવા કુલાના) માં આમળ પેદા થાય છે ને તે રસ વિકાર વા તથા ગરમીથી કે લોહીથી પેદા થાય છે પેહલી જાતના મસા લોહીના હોય છે તેમાં મસા જ્યારે જોર કરે ત્યારે તે ફાટીને તેમાંથી લોહી વહે છે બીજી જાતના મસા રસવિકારના હોય છે તે સુકા હોય છે તેમાંથી લોહી અથવા પરૂ કાંઇ આવતુ નથી પણ એકલુ દરદ કરે છે.

પેહેલો લોહી તથા જળસના ઉપાય. જેને લોહી તથા જળસના મસા હોય ને તે માણસ શરીરે જાડો હોય તો તેણે લોહી તથા ...

દુ (જળસ) આવતુ બંધ કરવુ નહી કેમકે એ મારગે લોહીતથા જળસ આવવાથી કાળજાની ગરમી તથા રોગ મટે છે આ જાતના દરદ ઉપર હલકા જુલાબ આપતા રેહેવુ તેથી એ દુખનરમ પડશે, ને જો રોગથી ઘણું દરદ થતું હોય તો નીચે લખ્યા પ્રમાણે ઓશડ કરવું.

ગુગળ તોલા ૫ મોહોટી હરડેદલ તોલા ૩ હીમજીહરડે તોલા ૩ સફેત રાઇ તો૦ ૦ાા એ સર્વે જણસ લાવી તે મધે ગુગળ ઘણો સાફ ચોખો લઇને તેને મીઠા પાણીમાં ગાળવો પછી બીજી દવાઓ ને ખાંડી બારીક કરીને ગુગળ ગોળેલામાં મેળવીને તેની ગોળીઓ વટાણા જેવડી બનાવીને સુકાવી એક શીશામાં ભરી મુકવી પછી કોઇ માણસને હરેક જાતના હરસનુ જોર ઘણુ થાય ત્યારે તેમાંથી પોણા રૂપીયાભારને આશરે ગોળીયો દરરોજ ઉના પાણી સાથે ગળાવવી તેથી ગુણ થશે ને કદાપી ફેર ન પડે તો નિચે મુજબ કરવું,

બીજો ઉપાય—ગુગળ તોલા ૧૦) મધ અથવા સાકર તોલા ૨૫) મોટી હરડેદલ તોલા ૪ હરડાની છાલ તોલા ૪ એ સર્વે જણસો સારી જોઇને લાવી તે મધે ગુગળ ઘણો ચોખો અને ચળકતો લેવો ને તેને ઉના પાણીમાં નાંખવો. પછી તે મધે મધ અથવા સાકર નાંખવી પણ ગુગળનું પાણી પ્રથમ ગાળીને પછી નાંખવી. ને તેને ચુલે મુકી ચાસણી ઉપર લાવી ને તે મધે બીજી દવાઇ બારીક કરીને નાંખવી. પછી એક રસ કરી તેનો પાક ઠારીને કાચના વાસણમાં ભરી મુકવો પછી તેમાંથી દરદીએ દરરોજ સવારમાં રૂ૦ાા ભારથી તે રૂ૦ાાા ભાર સુધીનીએ ત્રણ ગોળીઓ વાળીને ઉના પાણી સાથે ગળવી તેથી હરસનું દરદ નટશે.

ત્રીજો ઉપાય.—હરેક જાતના મસા ઉપર મલમ ચોપડવો તેની રીત મીણ તોલા ૧માં જુફળ (માયાનો) ભુકો તોલો ૦ાા મીઠું તોલો ૧ એ ત્રણ વસ્તુને ઉની કરીને તેનો મલમ બનાવવો અને તેને મસા ઉપર ચોપડયા કરવો.

વળી એ મસા ઉપર ગળી વાટીને ચોપડે તો પણ ગુણ કરેછે

જેનેસુકા હરસ હોય એટલે મસા દુઝતા ન હોય ને દરદ કરતા હોય તો નીચે પ્રમાણે ઓસડ કરેથી મટી જશે. કાળીમરી તોલા ૧૫) સુવા શેર ૧) મધ શેર ૧) એ ત્રણે જણસ લાવીને તે મધે મરી તથા સુવા બેઉને બારીક ખાંડી તેમાં નાંખી ચાટણું ક

રી રાખવું તેમાંથી દરરોજ સવાર સાંજ તોલો ૧) એ વખત. એ તોલા અટાડવું ને ઉપર લખેલો મલમ ચોપડવો તેથી મસા તરત મટા જશે.

ચોથો ઉપાય— બાવળીઆના ઝાડની પાલી લાવીને તેને સુકવીને ઊંદરની સુકી લીડીઓ બારીક વાટી તેને એક વાસણમા ભરી મુકવી પછે એક માટીનું મજબુત કુંડું લાવવું તે એવું કે ઉપર બેશી શકાય તેવું લાવીને તેને તળીએ વચોવચ બે આંગળાં ફરે તેવું ગોળ કાણું પડવું. પછે એક વાસણમાં દેવતા ભરીને તે ઉપલો ભુકો ભભરાવીને એ ઉપર માટીનું કુડું ઊંધું વાળીને જેને હરસ થયા હોય તેણે લુગડું દુર કરીને ત કુડાના ઉપર બેશીને મસાને ધુણી લાગવા દેવી એ પ્રમાણે એક દીવશમાં બે ત્રણ વાર કરે એવું એક અઠવાડીયું કરે તો તેથી બન્ને જાતના હરસ મટી જશે.

અંતરગળનો ઉપાય.

અંતરગળ ચાર જાતની થાયછે. કોઇને આંતરડું ગોળીમાં ઉતરે છે. (ગોળી એટલે ઇંદ્રીની નીચે ગોળાકાર છે તે, જેને અંડવૃધિ પણ કહેછે) કોઇને પવન ગોળીમાં ઉતરેછે ત્રીજુ કોઇને નઠારો રસ ગોળીમાં ઉતરેછે ચોથુ. કોઇને પાણી ગોળીમાં ઉતરેછે. તે ચારમાંનો હરેક આજાર થયથી પેટનો પડદો ફટે છે તેથી રોદાનું સર પડદામાંથી બહાર નીકળેછે તેથી અંતરગળ મોટી થાયછે ને ગોળીમાં રોદા ઘણો ઉતરતો જાયછે જો પડદો ઘણો ફાટે તો તે ધણીને આરામ નંહી થાય, જો પડદો થાડો ફાટયો હોય તો લોઢાનો હલકો બનાવી તે હલકો રોદાના શર ઉપર રાખે અથવા લોઢાનું જતર રાખે તો ગોળીયો વધતી બંધ પડે જો જોર આવેને પડદો તે ફાટેથી ગોળીમાં દુખ ઘણું થાય તો તેને મટાડવાને ઉપાય નીચે મુજબ.

હાથના અંગુઠાની નીચે એક મોટી જાડી જોરાવર રગ જાહેર છે. તે રગ ઓળખીને કોઇ હુંશીઆર તે ઉપર ડામ દેતો ખોશીઆ (અંતરગળનું) દરદ મટે. ડાબી તરફના ખોશીઆમાં દરદ હોય તો જમણી રગે ડામ દેવો. ને જમણી તરફ હોય તો ડાબાં અંગુઠાની રગને ડામ દેવો તેથી ફાયદો થાયછે.

બીજો ઉપાય—કીદરૂ પૈસા ૧ ભાર ખાંડ પૈસા ૨ ભાર હમેશાં ગાયના દુધ સાથે ખાય તો તેથી ફાયદો થાયછે.

[illegible] ૭ મેથી તોલા ૪ એ બે વસ્ત

માં શેર ૮માં ઉકાળવુ તે પાણી શેર એક રહે ત્યારે લુગડે ગળી
ને તેમાં મદ અથવા બકરીનું ઘી અથવા ગયનું ઘી પૈસા ન
વ ભાર નાંખી અંતરગળનો ધાણી ફેરા એક સુધી અથવા ઘ
ણા દહાડા સુધી સવારે ઉભા રહીને પએ તો અંતરગળ મટે.
પણ એ ઇલાજ તરત થયેલીને લાગુ પડેછે. ઘણા દિવસની હો
ય તો મટવી મુશકેલછે.

આંતરડું ગોળીમાં ઉતરે ત્યારે ગોળી કઠણ થાય ને એવું જ
ણાય કે જાણે એક પથર ગોળી સાથે ટાંગેલોછે. એ રોગવાળા
એ પેશાબ ચતો થઇ પોતાને હાથે ધીમે ધીમે ગોળીને દાબીને
આંતરડાંને પાછું ઉપર ચડાવે તો ચડી જાયછે. એ ચડતી વેળા
કડકડ બોલે કદાપી એ રીતે ધીમે ધીમે દાબવાથી ઉપર ન
ચડે તો ગોળી ઉપર તથા પેહેડુ ઉપર ઉનું પાણી રેડવું અ
થવા ઉના પાણીમાં બેસાડવુ. ને સુવાને બાફી વાટીને તેનો લેપ
ગોળી ઉપર બાંધવો કે તેથી ગોળી ગરમ થાય ધીમેથી ચોળી
દાબેથી આંતરડુ ચડી જાય ચડી ગયા પછી નિચે કહેલા ઓસડનો
પાટો બાંધવો કે ફરીથી ઉતરી ન શકે, મસતકી, હીરાદખાણ, શિ
કોતરી એળિયો અને હીરાબોળ એ સરવે બરાબર વજને લેઇ
બારીક ખાંડી મધની ચાસણી કરી તેમાં મેળવીને ગોળી ઉપ
ર રહે એવડુ લુગડું લઈ તેની ઉપર મલમની પેઠે તે દબાઇ ચો
પડીને ગોળી ઉપરના વાળ કાઢીનાંખીને એ પટી ગોળી ઉપ
ર વળગાડવી ને તેના ઉપર મજબુત કછો ભીડવો ને દીવસ
ત્રણ સુધી ચતો સુવાડી રાખવો, હાલવા ચાલવા દેવો નહી
ત્રણ દિવસ પછી ચાલવું હોયતો ધીમે ધીમે ચાલવું, ઘાંટો કા
ઢીને બોલવું નહી ઉપરસ ખાવી નહી બંને તરફની ગોળીયો મો
ટી મોટી થતી હોય તો બંને તરફ કછો બાંધેલો રાખવો. તથા
સ્ત્રી સાથે સંભોગ કરવો નહી. ને તેની ઉપર જીરાપાક ખાવાને
જાથુ આપવો. રફી જીરૂ તોલા ૫ લેઇને તેને શેરડીના પાણી
માં એક રાત અને એક દહાડો ભીજવી રાખી પછી તેને છાંય
ડે સુકવવું તે સુકાયા પછી તેને ખાંડીને બારીક કરવું. તે મ
ધ્યે સુંઠ તોલા ૨॥ ખાંડી બારીક કરી બંનેને એકઠાં કરવાં પછી
મધની ચાસણી કરી તેમાં એ દવાઇ મેળવીને પાક કરી રાખ
તેમાંથી દરરોજ સવારે તોલો ૦॥ તથા સાંજે તોલો ૦॥
જીરા પાક અજીરણ વિકારવાળાને વધારે ખાવો

ઓડકાર આવે તેને તથા વાયુવાળાને ઘણો ગુણદાયક છે માટે તે નું સેવન કરવું.

૬ જેને પવન ગોળીમાં ઉતર્યા હોય તે ગોળી દાબવાથી તરત પાછો ઉપર ચડી જાય છે. પણ તે ચડતી વેળા ઘણોજ કડકડ બોલે છે, એ આજારવાળાએ પણ મજબુત કછોભીડી રાખવો.ને ઉપર જે ગોળીમાં આંતરડું ઉતારવામાં જે જે પરેજીઓ કરવા કહી છે તે દરદીએ બરાબર પાળવી જોઇએ અને ઝેરાપાક ઉપ ર કહ્યા પ્રમાણે હમેશાં આપવો જોઇએ તેથી ફાયદો થશે.

જે જે રસ એટલે નઠારો મંદવાડ ગોળીમાં ઉતર્યુ હોય તણે પણ મજબત કછો ભીડાવી રાખી ઉપર કહ્યા પ્રમાણે સાવચાની રાખીને જુલાબ આપી કોઠાને સાફ રાખવો. ઇંદ્રવયણાની જડ અથવા રેવચીની ખટ કનો જુલાબ રાતે વેળાએ ઉના પાણી સાથે લેવો. વળી આકરી તમાકુની ખાપ ૧ લઇને તેની ઉપર સક્ષાર ચોપડીને ગરમ કરી ગોળી ઉપર મુકી કછો ભીડવો. તે કેટ લીક વાસ રે તમાકુ ચડીને ઉલટી થશે તેથી ફયદ થશે. પણ એતરત દરદ થયે લાની ઉપર લાગુ પડે છે.

જે પાણી ગોળીમાં ભરાયછે ને તે દાબ્યાથી કડકડ બોલતું ન થી ને એ પ્રાણીને પેસાબ થોડીથોડી વારે આવ્યા કરે માટે એ આજારવાળાએ પાણી થોડું પીવું જોઇએ ને તેના માગ ઉપર મો થ જવનો આટો તથા ગાયનું છાણ એ ત્રણ ચીજને મેળવીને ગો ળી ઉપર ચોપડ્યા કરવું તેથી સારૂં થાય જો ગોળીમાં પાણી ઘણું ભ રાયુ હોય ત્યારે દવાથી કશોએ ગુણ થતો નથી ને દીવસે દીવસે દરદ વધતું જાય માટે ઇંગ્રેજી ડાકતર જે ગ્રાંટમેડીકલ કાલેજમાં પ રિક્ષા આપી પાસ થએલો હોય તેની પાસે અથવા સરકારી મો ટી હાસપીટલમાંના ડાકટરો પાસે નસ્તર મરાવી પાણી કહાડી ન ખાવી પછી ખસખસનાં પોસને ઉકાળી તેમા નરી ઉનની ફલાલીન ના કટકા એ કરીનશેક કરવાં અને ડાકટરના કહ્યા પ્રમાણે પરેજી પાળવી ને નસ્તર મારીને દવાની પીચકારી મારેછે તે માર વા દેવી કેમ જે તે દવાથી ગોળી પાછી ભરાય નહીને ને મરાવે તો પાછી ભરાય માટે પીચકારી જરૂર મરાવવી. ને એ દરદ વાળા એ વાયડી ચીજ માત્ર ખાવી નહી.

વાળ ઓછા કરવાનો ઉપાય.

ચુનો પઇસા ૨ ભાર, તથા હડતાળ પીળી પઇસા ૨ ભાર ઝ

શામાં ખલ કરીને છુપેલા વાળ ઉપર મસળેતો વાળ ખરી પડે બી જુ ઓસડ કોસંબીનુ તેલ તે જગો ઉપર મસળે તો તે જગા એ ફરીથી વાળ ઉગે નહી આ કીતાબ બનાવનાર, તીએ સાખી કહે છે જે મેં સારા વૈદાને મહોડે સાંભળ્યું છે જે જ્યારે સ્ત્રી છોકરૂ જણે ત્યારે તેજ વખત મેં દાવાર બે તેની બગલમાં તથા પેટ ઉપર મસળે તો તેની (ચોની) ફરીથી વાળ આવે નહી

દાદરનો ઉપાય

દાદરથી માણસના શરીર ઉપર ગોળ ચકરડાં જેવા ચાંદા પડે છે ને તેમાં ખજ તથા કીડ થાય છે તેનો ઉપાય ઉતાવળે ન કરેતો તે બધા શરીર ઉપર પથરાઇ જાય છે તેથી ઘણુજ કંટાળો આવે છે દાદર બે જાતની થાય છે.

પેહેલી લાલ અને બીજી કાળી તેમાં લાલ દાદરને ઓસડચો પડયાથી વેહેલી મટે છે તેમ કાળી મટતી નથી નેતે મટતાં વાર લાગે છે ને તે દરદવાળો ઓસડ કરતાં આળસ કરે તો ધીરે ધારે બધુ શરીર ભરાઇને ચામડીની અંદર ભેદાઇ જાયછે ને જયારે ચળ આવે ત્યારે ખણીને લોહી કાહાડે ત્યાં સુધી ખણે છે ને પછી બળત્રા થાય છે માટે તેમાણસ ઘણુ હેરાન થાય છે ને તેમાંથી પીળુપાણી ઝરચા કરે છે માટે તે મટાડવાનો ઉપાય નીચે પ્રમાણે

દાદરનુ દરદ ,પેહેલુ થવા માંડે, એટલે ગુલાબગલીનાં પાંદડા લાવી તેમાં થોડુ મીઠુ નાંખીને પછી દાદરને કાથાની દોરડીએ ઘશીને ઉપલા ઓસડને વાટી તેનો રસ આગળથી કરી મુકીને દરદ ઉપર ચોપડેથી મટશે.

બીજો ઉપાય—ગઇના છાલાં કહાડીને દહીમાં ઘુંટીને તેમાંજરા પાણી નાંખી પાતળુ ચોપડાય તેવું કરીને દરદ ઉપર ચોપડી દવુ

ત્રીજો ઉપાય—આંમળસારો ગંધક બારીક વાટીને તેનો ભુકો પાણીમાં અથવા લીંબુના રસમા ચોપડવો તેથી મટશે.

ચોથો ઉપાય,—વીલાયતી સારો ઉચો સાબુ લાવિને ઉના પાણીએ દરદ ઉપર લગાડી ધોઇ પછી લુશી નાંખી તે ઉપર ચુનાનુ પાણી ચોપડવુ તથા વાશી અથવા દાત નાંમેલ ચોપડવો તેથી મટશે અથવા ઓળીયો દહી વાટીને તે ચોપડવો એરીતે ઉપાયો કરતાં દાદર મટશે.

દાદરનુ દરદ જો ઉંડુ માંસમાં પેઠલુ હોય તો તે ઉપર જળો મુકાવવી ને પછી તેના ઉપર ઓસડ ચોપડવા પણ એ દરદ આ

ખા શરીર ઉપર ઘણું ફેલાઈ ગયેલું માલમ પડે ત્યારે જેમજેવું લોહીનો બીગાડ ઘણો થાય છે માટે પ્રથમ જુલાબ પોતાના શરીરને રૂચે એવા એકાંતરે અથવા ચોથે દહાડે લેવા તેથી કાંઈ તફાવત માલમ પડે તો ઉપર લખેલાં ઓસડો કરવા ને તેમ કરતાં ફેર ન પડે તો કોઈ હુશીયાર ફસ ખોલનાર પાસે હાથની ફસખોલાવવી એટલે લોહીમાં જે બિગાડ થયો હસે તે નીકળી જસે પણ ઉપાયો કરવામાં આળસ ન કરવી; એ દરદ ઉપર જળો મુકાવે તો પણ બગડેલું લોહી નીકળી જાય છે ને તે ઉપર આમળાં ફટકડી તથા પુંવાડીઆના બીજ એ સરવે બરાબર વજને લઇને ખાંડી ઝીણું કકી ખાટી છાશમાં મેળવીને ચોપડે તો દરદ મટે.

મોરથુથુ બારીક વાટીને તેને પાણીમાં મેળવીને ચોપડે તોપણ દાદર મટી જશે માટે એક પછી એક ઉપાયો કરવા આળસ કરેથી ગેર ફાયદા છે માટે ઓસડો કરવાં.

વાળાનો ઉપાય.

વળો જેને દક્ષણી લોકો નારૂ કહે છે તે રોગ ઘણું કરીને ગરમ હવાના દેશોમાં વધારે નીકળે છે તેમાના મુખ્ય નામ હિંદુસ્તાન, સિંહલદ્વીપ, મક્કા, તેમાં હિંદુસ્તાનના દક્ષણ તરફના દેશોમાં એ દરદ વધારે થાય છે પણ ઠંડી હવાના દેશમાં એ રોગ થતો નથી એ રોગ માણસને કમરથી તે પગ સુધી ઘણો થાય છે ને માથાથી તે છાતી સુધી થોડો થાય છે તેની નિશાનએ છે જે હરેક જગોએ અગન બળીને એક ફોલ્લો થાય છે ને તે ફુટે છે ત્યારે તેમાંથી બારીક રૂપાના તાર જેવો સફેત અને બેઉ કોરે અણીઆળો સવાગજ લાંબો હોય છે ને તે જીવતો હોય છે તે એકદમ બાહાર નીકળતો નથી થોડે થોડે સાચવીને ખેંચેથી નીકળે છે તે જો એક દાહાડે નીકળી જાય તો પછી ઇજા કરતો નથી પણ નિકળતા તુટી જાય તો બહુ હેરાન કરે છે મટે એને કાહાડવાનો ઇલાજ એવો છે જે જ્યારે વાળો નીકળવાની જગોએ ફોલ્લો ન થયો હોય ને વાળો તરેલો દેખાય. તેને આંગળી દબાવી જોતાં માલમ પડે ત્યારે કોઈ દક્ષણો હજામ સારો હુશીઆર વાળો કાહાડી જાણતો હોય તેને બોલાવી કહડાવવો, તે હજામ સોએથી ચામડી ઉચકી અસ્ત્રાથી કાપે છે એમ ત્રણ ચાર પડદા કાપેથી તે બાહાર દેખાય એટલે સોયથી ઉચકીને તેને આસ્તે આસ્તે ખેંચીને કહાડે છે કદાપી તે નિકળતા હરકત

થાય તો બાજુ ઉપરની જગોએ આંગળીએ વતી ચોળીને કીસ બી હોય તો આગો બહાર કહાડે છે ને તેના મો ઊપર સિંદુરદા બેસી ઘા રૂઝાઇ તરત સારૂ થાય છે ને એમ કરતાં પણ તુટે તો પોતાનુ નશીબ સમજવું હવે તુટેલો વાળો નીકળવાને તે જગો પર પાક આવે એવાં ઓખડ ચોપડવાં જોઇએ અથવા ઘઉના લોટ ની પોટીસમાંથી પકવેથી વાળો નિકળી જશે અથવા તેમ ન નીકળે તો અંગ્રેજી દાકતર પાશે નસ્તર મુકાવી કહડાવવો. કેમકે તે બહાર નીકળ્યા વગર સુખ થતુ નથી કદાપી ડાકટર જળોમુકાવવા ને કહે તો તે પણ મુકાવવી.

એ દરદને કહાડનાર મુંબાઇમાં દક્ષીણી હજામો ઘણા હુંશી યાર છે તેમ બીજા દેશોમાં પણ હશે.

વાળા ઉપર ઓખડ—ઇશબગુલનાં બી ગુલાબમાં કે દુધમાં મેળવી વાટીને ચોપડવું અને શીકોતરી એળીયો કાસનીના (ગળીના) પાંદડાને વાટીને પાણીમાં પાય તો વાળો જડમુળથી નિકળી જાય. પણ એની તતબીર એવી કરવી જે પેહેલે દિવશે શીકોતરી એળીયો માસા ૨) લેઇને કાસનીના (ગળીના) પાંદડાના રસમાં ભીજવી મુકવો, તે રાત્રીએ ભીજવવો, ને તેને સવારે ઘોળીને એ દરદીને પાઇ દેવો બીજે દિવશે ચારમાસા અને ત્રીજે દિવશે ૬ ૦॥ ભાર ઉપર કહ્યા પ્રમાણે પાય તો વાળાનું દરદ મટે.

એ દરદ મુદ્દલ કોઇ દિવશ થાય નહી તેવો ઉપાય કરવો હોય તો નિચે મુજબ પાક કરી ખવરાવવો.

મોટી હુરડેનું દળ, બેહેડાની છાલ, આમળાની છાલ, સુંઠ અને ભુંગળીયો નસોતર એ સરવેને બરાબર વજને લેઇ બારીક ખાંડીને હવાલે ચાળી મધ અથવા સાકરના શિરામાં મેળવી પાક કરી રાખવો પછી દરરોજ સવારમાં માસા ચાર ખાવો. એ પ્રમાણે વીસ દિવસ ખાય તો વાળાનું દરદ કદાપી થાય નહી પાક ખાઇને ઉપર ઉનુ પાણી પીને ઉતારવો તેથી ઘણો ફાયદો છે.

ઉદાહરણ—કેકુબાદ બાદશાહને પગે વાળો નિકળ્યો હતો તે મટવાને તેને નાના પ્રકારનાં ઓખડ કરયાં પણ તે લાગુ ન પડયાં કેમકે કેહેવત છે કે "એકનારૂના સો દારૂ" એટલે એક વાળાની ઉપર સો જાતનાં ઓખડ કરતાં કોઇક લાગુ પડે અથવા ન પણ લાગુ પડે, માટે બાદશાહે કંટાળીને વૈદોની સભા કરી તેમાં સારા હુંશીયાર સાતસેં વૈદ એકઠા થયા. તેમણે વિચાર કરી કહ્યુંકે

એની ઉપર નસ્તર મુકયા શિવાય મટનાર નહી. પછી તેમાંથી એક હુંશીયાર વૈદ તેના પગને સાત જગોએ નસ્તર મુકી ચીરીને તેમાંથી વાળો બાહાર કાહાડયો. તે વાળો કાળો નિકળે કે મરે તે વખત વાળાનો દોરો કાળો નીકળે તો તે માણસ જીવતું નહી હતું પણ હાલના કાળમાં તો વાળાનો દોરો સફેત નીકળે છે માટે તેને મરણની ચીંતા નથી, પણ જેને વાલો નિકળ્યો હોય તેણે એક જગાએ બેશી રેહેવું, ઘણું ફરવું નહી કારણ કે ઘણું ફરવાથી પગે જોર કરે છે. માટે ન ફરવું, તેથી વેહેલો આરામ થશે

હડકાએલા કુતરાના ઝેરનો ઉપાય,

હડકાએલા કુતરાનુ ઝેર ૭ દિવશમાં અથવા ૪૦ દાહાડે અથવા ૭ મહીને અથવા સાત વરસ પુ ં થએથી ઝેર ચહડે છે, જેને હડકાએલું કુતરૂં કરડયું હોય તેના ડંખમાંથી લોહી નીકળે તો ઘણું સારૂં, કેમકે તેથી ઝેર ધોવાઇને નિકળી જાય. તેને હડકવા આવે નહી, જે જગો ઉપર કુતરાના દાંત લાગ્યા હોય. તે જગો ઉપર તુરત જળો અથવા પાછડા મુકાવી ને ઉપર રૂમડી એંચાવવી. તે દીન સાત સુધી જારીર રાખવું. પણ કરડેલા ડંખને ૪૦ દિવશ સુધી રૂઝવા દેવો નહી, અને ચાળીસ દિવશ પછી પણ ૭ માસ સુધી ઝરતો રાખવો, તે ડખ રૂઝાય નહી માટે તે ઉપર નિત્ય મોરથુથુ અથવા જંગાલનો કે નોસર અથવા બીજો હરેક પકવવાનો મલમ મુકી ઝરતો રાખવો. કદાપી ચુક થએથી રૂઝાઇ ગયો હોય તો તેને નસ્તરે ચીરાવીને ખુલો કરી ઝરતો રાખવો.

જ્યારે કુતરૂ કરડે કે તેજ વેળા તે કુતરાને પકડીને અથવા મારીને એક ત્રાંબાના અથવા પીતળના ડાબલામાં તેનું મોહ સારી રીતે બંધ કરી એવી રીતે જમીનમાં દાટવું કે તેના હાડકાં ઉપર વરસાદનો અથવા પાણીનો છાંટો લાગવા દેવો નહી કારણ કે કેહે છે જે હડકાએલા કુતરાના હાડકાં ઉપર પાણીનો છાંટો પડે ત્યારે પેલા કરડેલા માણસને હડકવા હાલે છે. એ વાતની ચોકશી રાખે તો હડકવા આવે નહી વાસ્તે એના હાડકાને પાણીનો છાંટો ન લાગે માટે ઉપાય કરવાની જરૂર છે. જ્યારે કુતરૂ કરડે ત્યારે તે માણસને પગેથી દોડાવવો, ને તેમ ન બનેતો ઘોડા ઉપર બેસાડી દોડાવવાની જરૂર છે કેમકે એવું કરયાથી અંગમાં ફુરતી આવે તો ફાયદા કારક છે. ને ઉપર કહ્યા પ્રમાણે

અને તોપરશેવો આંવવાની દવા આપવી. અને તે દવા ઇંગરેજી છે તેનાં નામ.

"જેમ્સ", "ટારટાઈમીટીક", "ઇપીકાકોઘાના" તેના વજન પ્રમાણે આપી ખુબ પરશેવો લાવવો, એ દવા એ કામમાં ઘણી ગુણ દાયક છે તે આપવી.

કદાપી કરડેલા માણસને ઓષડ બરાબર અંગ ન લાગે તો તેને હડકવા લાગવા માંડે, તેનો મીજાજ ફરવા લાગે ને પાણી દેખી હે ત્યારથી તેને પાણી પીવાની વખતે વખત તાકીદ રાખવી, કરડ્યા પછી માસ ત્રણ જાય તો તે માણસ મરે નહી, વળી કુતરૂં કરડતાં વાંત તરત નિચે લખેલો ઉપાટ કરે તો આરામ થાય છે.

કસ્તુરી વાલ ૧) દરરોજ માસ છ સુધી ખાય ને જખમને રૂઝવે નહી ને ઝરતો રાખે, તે ઝરતો રાખવા સારૂ સાજી સિંધવ, હીંગ માંખણમાં મેળવીને જખમ ઉપર મુકયાથી પણ ડંખ ઝરતો રેહેશે. ને તે માણસથી પી શકાતું હોય તો સારૂ ને ન પવાય તો તેની આંખ ઢાંકીને મોમાં નળી મુકીને પાણી પાવું કેમકે આ માણસને તરશ ઘણી લાગે તેને પાણી ન આપીએ તો તેનું ફેફસું સુકાઇ જાય તો માણસના જીવને નુકશાન થાય માટે હરેક પ્રકાર કરી પીણી જરૂર પાતા રેહેવું. તેથી હડકવા હાલશે નહી.

કેટલએક લોકો તે હડકાએલું કુતરૂ કરડે છે ત્યારે મંત્રાવે છે. અથવા ઉંજાવે છે. અને મંતરનાર આટાના ગોળા કરી તેમાંથી કુતરાના જેવાં બચ્ચાં તથા વાળ કાઢી બતાવે છે. તે સરવે ઠગાઇ છે, પઇસા ધુતી ખાવાને લોકોના ઢોંગ છે તેને બોલકુલ માનવો નહી હરેક બીજા સારા કુતરાએ કોઇને કરડયો હોય તો તેના ડંખની ઉપર ઝહેરકોચ ઘશીને ચોપડેથી ડંખ રૂઝાય ને કશી ઇજા ન થાય માટે તેમ કરવુ.

લાંબી ઊમર અને શરીરે સુખ

શરીરે સુખ રહે એવા ઉપાય કરવા. એ સરવેને અગત્યનો છે માટે નિચે કહ્યા પ્રમાણે ચાલવું એટલે ઓષડ કરવાની માથાકુટ મટીને મન માન્યું સુખ મળશે ને તે સુખની લાંબી ઉમર વધશે.

૧ ભાત ભાતની ખટાશની ચીજ ખાવાની મના છે તેનાં નામ આંબલી, ખાટી કાચી કેરી, અને હરેક ખારી વસ્તુએને

માટીએ ખાવી નહી.

૨ મીતાઆહાર એટલે ભુખના ચાર ભાગ કરીને તેમાંથી બે ભાગનું પણી પાવું. ને એક ભાગ વાયુસંચરવાને માટે ખાલી રહે દેવો એટલે ખાધેલું અન વેહેલું પાચન થશે, ઉપર કહ્યાથી વિશેષ ખાય તો તેથી તબીયત બગડે છે. માટે પોતાને રૂચે તેટલું વિચારીને ખાવુ, અને દરરોજનો નિયમ રાખવો, તેજ ટાણે ખાવું, ટંક ચુકવેથી નુકશાન થાય છે.

૩ જુવાન માણસે સ્ત્રીસભોગ કરવો તેમાં પણ ઘણો વિચાર રાખવો જોઇએ કેમકે કહેવત છે કે "ઝાઝો ભોગી તે ઝાઝો રોગી" માટે તે કાંમ માફક થોડું કરેથી આયુશનો વધારો થાય

૪ ટાહાડના દિવશમાં ગરમ પોશાક રાખવો, ને ગરમ વસાણાં પાક દુધ ઇત્યાદિક પોતાની પાચન શકિત પ્રમાણે ખાવાં

૫ પચાસ વરસની ઉમર થયા પછી સ્ત્રી વિલાસ ઓછો રાખેથી શરીર સારૂ રેહેશે.

સવારે તથા સાંજે સમુદ્રને કીનારે અથવા તે જ્યાં ન હોય તો વાડી બાગમાંની ખુલ્લી સાફ હવામાં ફરવાથી શરીર ઘણુ સ્વચ્છ રહે છે તેમ પોતાને રેહેવાનુ જે મકાન જે હોય તે ઘણુ સારૂ રાખવુ ઘર પોતાનુ હોય ને જગ્યાની છુટ હોય તે પ્રમાણે ફુલ ઝાડ વિગરે વાવી બાગ બનાવી સાફ હવા લેવી કદાપી ભાડાનુ મકાન હોય તો પણ લીંપીને સાફ રાખવુ. તેમજ ઘરની બારીઓએથી ખુલ્લી સાફ હવા આવે એવું મકાન રાખવુ ને સુવાનુ બીછાનુ ઘણુ નરમ અને માંકણ ચાચડ વિગરે સુઘડતાઇથી રાખવું તથા. પોતાને હમેશાં બેસવાનો ઓરડો પણ સાફ રાખવો ઇંગ્રેજી દાકતરનો મત એવો છે જે દરેક માણસે સફાઇથી રેહેવું મલીન રેહેવુ નહી.

૭ સ્ત્રી સંભોગ કરયા પછી તરત પાણી પીવું નહી ને પીયે તો તે રોગની વધી કરે છે અને ઝાડે જઇ આવીને તથા ઉંઘી ઉઠીને તથા નાહ્યા પછી તથા દોડ્યા પછી તથા ઉભા રહીને એ પ્રમાણે પીવાની મના કરી છે માટે પીવું નહી એ શિખામણની વાત સરવે માણસોએ યાદ રાખી તે પ્રમાણે ચાલવું જોઇએ તેથી ફાયદો થશે ને કહ્યાથી ઉલટી રીતે ચાલ્યાથી શરીરને નુકશાન પોહોચશે માટે ખુબ યાદ રાખવું.

૮ પથ્થરના ઝરાનુ અથવા વરસાદનુ ઝીલેલુ પાણી ઘણુજ અ

રૂ છે ને તેની ઉતરતુ કુવાનુ પાણી છે પણ કોઇ જગોનુ ખરા બ જે પીલ વાળુ પાણી હોય તો તે પાણી ઉનુ કરી પછી લુગડે ગળી ટાહાડુ કરી પીવુ જોઇએ અથવા તેવા પાણીને કાચા પથરના કુંડામાં રેડીને તેમાંથી બહાર ટપકે તે પાણી પીએ તો તે પાણીનો સઘળો અવગુણ મટે છે, કદાપી પથરનુ કુંડુ ન મળી શકે તો એક ખાલી માટલુ લઇને તેને તળીએ એક ઝીણો છેદ પાડી તે છેદમાં એક નાહાનો લુગડાનો કટકો જુસતો ખોશીને તે માટલામાં પા, માટલુ કોયલા ભરવા પછી તે ઉપર દરીયા કીનારાની રેતી લાવી તેને મીઠા પાણીએ ખુબ ધોઇને પા, માંટલા જેટલી નાંખવી પછી તે ઉપર પીવાનુ પાણી ઉનું કરી નાંખવુ અથવા તેમ ન બને તો ટાહાડુ પાણી રેડવું ને નિચે વાસણ મુકવુ તેમાં પાણી ટપકેથી પીવામાં લેવું. એમ કરયાથી તે પાણી સ્વછ થાય છે, ને અવગુણ મટી જાય છે. પંદર પંદર દહાડે અથવા એક મહીને તે રેતી અથવા કોયલા બદલીને નવા નાંખવા જોઇયે તેથી ઘણો ગુણ થાય છે

૯ હરકોઇ ગામનું પાણી નબળું હોય તો તેને ખુબ ગરમ કરીને ઓળી નાખવું. પછે ટાહાડુ પડેત્યારે પીવુ તે પણ ફાયદેમદ છે.

૧૦ ઉપર કહેલી રીત પ્રમાણે જે માણસ ચાલે તો તે ૧૫૦) વરસ જીવી શકે છે ને ઉપર કહ્યા પ્રમાણે કરેથી શરીર હમેશાં નિરોગી રહે છે પણ આ કળયુગના સમયમાં ઘણું કરીને માણસની સોવરસની ઉપર કહેવાય છે તેમાં આશરે ૭૦ વરસ સુધી જીવેછે પણ વિલાયતમાં થામસપાર નામનો એક મજુર ૧૫૦) વરસનો થઇને મરણ પામ્યો હતો. ને તે ૮૦ વરસની ઉમરે પેહેલી વારના પરણ્યો હતો. તેમજ જુરા ટાપુ ખાને મેકારેન નામનો સખસ ૧૮૦ વરસની ઉમરે પહોચ્યા પછી મરણ પામ્યો હતો. ને હેનરી જેનરી જેનકીનસન નામના માણસે કોરટમાં સાક્ષિ આપતી વખતે ૧૫૦ વરસની બનેલી વાત કહી હતીને તે ૧૬૯ વરસની ઉમરે પોહોચીનેહમરણ પામ્યો હતો.

૧૧ તે ઉપરથી એવું સાબીત થાય છે કે સારી હવાને મધ્યમ ખોરાક ને શરીરે કસરત કરી ઉપર લખ્યા પ્રમાણે ચાલતાથી અલબત લાંબી ઉમર અને શરીરે સુખ માણસો મનમાન્યું ભોગવી શકેછે એમાં કશો શક નથી.

પેટના કરમીયાનો ઉપાય

પેટમાં કરમના રોગથા પાડા થાયછે તેને ઉપાય, એક જાતના કરમ કુચીના બીના જેવા હોય તેની જગો પેટના રોદામાં હોયછે ને બીજી જાતના કરમ અળશાયના જેવા હોયછે, તેની જગો પેટના માદમાં હોયછે ત્રીજી જાતના ઘણુજ ઝીણાં હોય છે તેની જગો અરૂરા (ગુદા ગાંડ) માં હોયછે, એ ત્રણે જાતના કરમનો નાશ કરવાને નીચે પ્રમાણે ઓષડ કરવુ કપીલો રૂ ૨) ભાર બારીક વાટીને ખટાં દહીંમાં મેળવીને ખાય તો કરમ તમામ મરી જાય. પણ જે દિવશે ઓષડ ખાવુ હોય તેની આગળ રાતનાં ગોળ તોલા ૪) ખાવે કે જે [illegible] તમામ કરમ જઇને વળગે પછી બીજે દીવસે [illegible] ખાય તો તેથી તમામ કરમ મરી જાયછે.

બીજો ઉપાય—દાડમનુ ઝાડ ઘણું જુનું હોય તેની છાલ પૈસા ૪) ભાર લઇને તેને પાણી શેર ૬ માં ઉકાળવી તેનુ પાણી શેર ૧) રહે ત્યારે ઉતારી લુગડે ગળી તે પાણી દરરોજ સવારે પાએ તો કરમ માદામાં હોય તે મરી જાયછે.

ત્રીજો ઉપાય—અકામણીમના પાંદડાં તથા કુચકુચ ઝાડ, ઝાલ અને ખાખરાનાં બી એ સરવે ચીજ સરખે ભાગે રૂ ૧) ભાર લેવી. પછી તેને બારીક ખાંડીને દરરોજ ટાઢાડા પાણી સાથે ફાકે તો કરમ મરી જાય

ચોથો ઉપાય—સણનાં બી રૂ ૧) ભાર ગાયના મુતરમાં માસ ૪) સુધી પીયે તો કરમનો નાશ થાય. પણ મીઠાશ તથા પ્યાજ (કાંદ) ખાવી. નહી વળી કરમાણી અજમોદ તથા ખાખરાનાં બી બરાબર વજને લઇને ઝીણું ખાંડીને દરરોજ સવારે હુપેજી પ્રમાણે માસ ૩) ખાય તો એ રોગ મટે ભાત ભાતનાં કરમ મરી જાય. ઘણી નળીયા ને ખાંડા ઝીણો ભુકો કરી સવારે ફકી મારી ટાઢાડા પાણી સાથે ખાય તો પેટના કરમ મરી જાય માટે ઉપાય કરવો.

પાંચમો ઉપાય—મુરદારશીંગ માસા ૩) ને વજને ભુકો કરીને તેલ સાથે ખાય તો પણ કરમ મરી જાય છે—છઠો ઉપાય કરમાણી; અજમોદ, પીતપાપડે અઠ્ઠજર એ ત્રણે ચીજો એક પઇસાની લાવી તેને સાફ કરી બારીક ખાંડીને દરરોજ સવારે નરણે કોઠે રૂ ના ભારની ફાકી ભરી ટાઢાડા પાણી સાથે ઉ॥

રે તો બધી જાતના કરમના રોગ મટી જશે. પણ એ રોગવા

ળાએ મીઠા શ માત્ર ખાવી નહી,

પારો સોધવાનો ઉપાય

પોરીયાના પાન લાવી ખલમાં નાંખી તેમાં પારો નાંખીને પો હોર ૧) સુધી મરદન કરવુ. પછી જુની ઇટના ઝીકાળામાં પો હોર ૧) મરદન કરવું પછી જેમાં જોઇએ તેમાં તે પારો વાપરવો.

વછનાગ સોધવાનો ઊપાય

શીંગડીયો વછનાગ શોધવો હોય તેટલો વજન લાવીને ભેંશનું છાણ શેર ૧) તથા બકરીની લીંડી અને ગાયનું મુતર એ સર એકઠું કરીને એક માટીના વાસણમાં મુકીને તે મધે વછનાગ નાખીને પછી તે ઉપર ઢાંકણી ઢાંકીને મોહોડું બધ બાંધી મજબુત કરીને ચુલે ચડાવી તે તળે તાપ કરવો ને તે છાણમાંનું પાણી ખદ ખદીને સુકાય એટલે તે વાસણ નીચે ઉતારીને ઢાકેલુ એક બીજુ રાખવું પછી છેક ટાઢુ પડયા પછી તેનુ મોહોડું ઉઘાડીને છાણ ફેકી દવુ પછી તે વછનાગ ઓસડમાં કહ્યા પ્રમાણે વાપરવો.

ઉપાય ૨ જો—આમળસારો ગંધક તોલો. ૧) લઇને તેના સોપારીના કડકા જેવડા કડકા કરવા પછી એક માટીના કોરા વાસણમાં શેર ૧) દુધ લઇને તેનુ સફેત લુગડાથી મોહોડુ બંધ કરવુ પછી માટી પલાળીને તે ઉપર કુલડાની માફક ચારે તરફ કોર બાંધી તે મધે કોરૂ રહેલુ લુગડુ હોય તેમાં તે ગંધકના મુકવા પછી એક માટીના વાસણની ઠીબમાં દેવતા ભરીને ઉપર મુકવો તેથી તે ગંધક મળીને દુધમા પડે એટલે તે દેવતા કાહાડી નાંખવો ને તે વાસણનુ મોહોડુ છોડીને તે દુધમાં શેવોની માફક તરતા હોય તે તમામ ગંધક કાહાડી લેવો ને તે શોધેલો ગંધક જેમાં જોઇએ તેમાં વાપરવો ને દુધ કાહાડીને નાંખી દેવુ અથવા કોઇને લુખસ થઇ હોય તેને શરીરે ચોળવા દેવુ તેથી લુખસ પણ મટી જશે

ત્રાંબાના ઝેરનો ઉપાય.

કોઈ માણસે ત્રાંબાના વાસણમાં કટાએલી વસ્તુ ખાધી હોય અથવા પીતળના વાસણમાં કટાએલ અથવા જંગાલ જે ત્રાંબામાં થી બને છે તે વસ્તુઓ ઝેર જેવી છે માટે તે જાણે અજાણે કોઇના ખાધામાં આવી હોય તો તે ખાનારના ગળામાં બળતરા બળે ને પેટમાં વાઢ કાપ થાય તાવ આવેને ઓકારી થાય એવું થાયકે તે

માણસને અફીણના ઝેરની બાબતમાં લખ્યા પ્રમાણે ઉલટીનુઓ સડ આપવુ અથવા તે હાજર ન હોય તો ઉનુ પાણી પાઈને ઉલટી કરાવવી, અથવા ઉનુ પાણી, બદામનુ તેલ, માંખણ, ગાયનુ ઘી એ સરવે એકઠુ કરી ઉપરા ઉપરી પીતા જવું ને ઉલટીકરાવતા જવુ ઉલટી થયા પછી બાવળના સફેત ગુંદર રૂ ૩) ભાર લઇ ખાંડી ઝીણો કરી, ઉના પાણી શેર. ૧, માં મેળવી એક કલાકમાં દશ બાર વાર પાવુ.

બીજો ઉપાય—અળશીના બીની ચાહ કરી ટાહાડી પાવી અથવા ઘઉંના નિસ્તારો પકાવી તેમાં ઘણુ ઘી નાંખી પેટ ભરાય ત્યાં સુધ પાવો.

ત્રીજો ઉપાય—ગાયનુ ઘી માંખણ કે દુધ ઘણુ પાવુ જે માણસના ખાધામાં મારેલો પારો કે હડતાળ આવો હોય તેને પણ ત્રાંબાના જેરમાં કહેલા ઓષડોથી ફાયદા થાય છે,

હરેક જાતના વાના રોગ ઉપર મસળવાના તેલ કહાડવાની રીત.

૧ કંટાળા થુવેરનાં પાંદડાં.
૨ ધંતુરાનાં પાંદડાં.
૩ આકડાનાં પાંદડાં.
૪ કરેણાંનાં પાંદડા.
૫ લીંબડાનાં પાંદડાં.
૬ સરસોનનાં પાંદડાં.
૭ કાળા ભાંગવાનાં પાંદડા
૮ એરંડાના પાંદડ.
૯ અરણીનાં પાંદડાં.
૧૦ બેઉ ભોંયરંગણીના પાંદડાં.
૧૧ ખાખરનાં પાંદડાં.

એ સરવે જાતનાં લીલાં પાંદડા લાવીને હરેક જાતના પાંદડાનો રસ શેર ૧ કાહાડીને બધાય પાંદડાંનો રસ એકઠો કરીને તેની બરાબર તેમાં દુધ મેળવવું ને પછે કાળાતલનુ તેલ શે. ૩, તેમાંનાખીને થોડો એક કુંવરનો લુવાબ તેમાં નાંખવો પછે તેને ચુલા ઉપર ચડાવીને તળે બળતુ કરવુ જ્યારે એ રસ તથા દુધ બધું બળી જાય ને ફક્ત તેલ રહે ત્યારે લુગડે ગળીને લેવું અને તેમાં કસ્તુરી તથા કપુર નાંખવા ને તેને કાચના શીશામાં ભરી મુકવું પછે જેને હરેક જાતનો વાનો રોગ શરીરે હોય ને તેથી સાંધા દુખતા હોય તે ઉપર આ તેલ મસળે તો સઘળી જાતના વા મટી જાય

બીજુ. નખ તેલ, દેવદારનુ તેલ, એરંડીયુ તેલ, અળશીનુતેલ, સરશીનુ તેલ. મીઠુ તેલ એ સરવે જાતના તેલને એકઠાં કરી મસળે તો વા મટી જાય છે કુસંબીનુ તેલ જેનેગરમી હોય તેને

મસળે તો શરદી પેદા કરે

ત્રીજુ. આકડો શેર ૧, ગાયનુ દુધ શેર ૧૦ રતાંજળી ૭ પઇશા ભાર. સુખડ, ૭ પઇશા ભર હળધર ૭ પઇશા ભાર દારૂ હળદર ૭ પઇશા ભર, મેદી ૭ ભર, સુંઠ ૭ ભાર, સફેત જીરૂ ૭ પઇશા ભાર, ગાયનું ઘી શેર ૨) એ સરવે એકઠુ કરી ચુલે ચડાવી નીચે બળતુ કરવુ ને જ્યારે દુધ બધુ બળી રહે, તેને સાફ કરી બાહાર કાઢવુ પછી તેમાંથી સ્ત્રી અથવા પુરૂષ ખાય તો તેના ભાતભાતના રોગ મટી જાય હરષ, પીંડરોગ, કમળો, સુસ્તી, દમએ સરવે મટે, શરીરનો રંગ તેજી પર આવે તથા શોભે, ખરોળ, હાં ફ્રુગ મલારખી સુગ વાગોળો તથા પેટના ભાત ભાતના રોગોને મટાડે આ ઉપર લખેલા ઓષડનો એવો ઉતમ ગુણ છે કે તેની તારીફ કલમથી લખતાં પાર ન આવે.

શરીરમાં મસા થાય છે તેનો ઉપાય.

સંચેરો (પાપડીઓ ખારો) દેવતાના અંગારા ઉપર મુકી ફુલાવી સફેત થાય ત્યારે બાહાર કાડવો ને સંચોરા બરાબર કળી ચુનો લેવો. ને એ બેઉને એકઠાં કરી તેને ત્રિજે હિસે પ્યાજ (કાંદા) લેવો ને એ સરવેને ખલ કરીને મસા ઉપર મુકે તો મસાને જડ મુળમાંથી કાહાડી નાંખે બીજો ઉપયા નીનક (મીઠું)ને કુવાનું પાણી એ બેઉને મેળવીને મસા ઉપર દરોજ ચોડયા કરે તો મસાને જડ મુળ માંથી કાપી નાંખે એમાં શક નથી. માટે કહેલા ઉપાય કરવા.

પગ અને શરીર ફાટે છે તે મટવાના ઉપાય.

રાળ પૈસા ૧૦ ભાર મીણ પૈસા ૩) ભાર ગોળ પૈસા ૧ ભાર ઘી શે, ૦। એ સરવેને દેવતા ઉપર મુકી, ગરમ કરવું પછીનીચે ઉતારી જ્યાં ફાટયુ હોય ત્યાં મસળ તો આરામ થાય

બીજુ—મીઠુ તેલ તથા રાળ, એ બેઉને દેવતા ઉપર ગરમ કરી ને ચોપડે તો એવોજ ગુણ થાય, ત્રીજુ—સફેત મીણ રૂ ૧ ભાર, મીઠુ તેલ રૂ. ૨ ભાર, એ બેઉને ઉનુ કરીને શરીરના ઉપર મસળે તો આરામ થાય.

સંઘરણીનો ઉપાય.

એ રોગ બે જાતનો થાય છે તેમાં એક આમી, અને બીજો આતસી. એ રોગથી ઝાડો થાય છે જો આમી હોય તો તથી તરસ થોડી હોય કદી પેટ ચાલે ને કદી બંધ થાય તેનો ઉપાય એ છે જે

શેળી પઈશા ૬ ભાર બુરા ખાંડ પઈશા ૩ ભાર, બામચી પઈશા ૨ ભાર સુંઠ પઈશા ૩ ભાર, કંતાન બી પઈશા ૩ ભાર, એ સર વે ને એકઠુ કરીને ઝીણુ ખાંડીને દરરોજ સવારે તથા સાંજે બે પઈશા ભારની ફાકી ભરેતો આંબી સંથરણીનો રોગ મટે એ દરદમાં ભાંગ પીએ તો ઠીક છે.

ખસખસનાં પોસ બારીક ખાંડીને દરરોજ સવારે હાથેળી ભરીને ફાકે તો તેથી પણ ફાયદો છે એ રોગવળો અફીણ ખાય તો ફાયદ મંદ છે. જો અતસી હોય તો તેનુ દીલ પાણીને વાસ્તે તરફડે, દીલ તથા છાતી દેવાનો માફક બળે પાણીનો માફક રાત દીવશ પેટ ચાલે એ રોગને એષડ ફાયદો ન કરે.

અડગળીનો ઉપાય

ફટકડી ફુમાવેલી રતી ૪ાા ખાયતો અડગલી મટે બીજો ઈલાજ તોલો સુઠ ૦ાા બારીક ખાંડીને તેમાં ગોળ તોલો ૧ નાંખીને ખાય તો તે પણ ફાયદો કરે. ત્રીજો ઉપાય કુવરનો રસ તથા સુઠનો ભુકો ભેગો કરીને ચાટે તો અડગલી સમે, ચોથું ફુમાર્ડ ન વાટી ગોળ સાથે ગોળી કરી ટાઢા પાણી સાથે ગળે તો અડગલી મટી જાય.

પેશાબ ઘણો થતો હોય તેનો ઉપાય.

કાળા તલ પઈસા ૯ ભાર દરરોજ સવારમાં ખાય તો પેશાબ ઘણો ગતો હોય અથવા ટપકતો હોય તો એથી બાંધ થશે ને શીરસ્તા મુજબ આવશે.

બીજો ઉપાય—પોલાદ (ગજવેલ) મારેલી લેવી. તથા તેનાબરાબર સુંઠ લેવી એ બેને બારીક વાટી એથી બમણી સાકર નાંખી દર રોજ સ્વારના પહોરમાં નયણે કોઠે આશરે ૦ા તોલો અથવા તેથી વધારે ખાય તો ઘણો પેશાબ આવતો હોય અથવા ટપકતો હોય અથવા અટકીને આવતો હોય તો ત સરવેને આ ઓષડથી ઘણો ગુણ થશે. મરેલી પોલાદ કેઈ પાસેથી મળે તો સારૂ નહીતો આ ચોપડામાં પોલાદ મારવાની રિતિ કહેલી છે તે પ્રમાણે મારી તઈયાર કરીને રૂ ાને ઓષડ આપવું તેથી સારૂ થશે.

ત્રીજો ઉપાય=સુવા સેર ૧ મેંદો સેર ૦ાા ગુંદર સેર ૦ાા ... સેર ૧ાા શાળી, ઘી શેર ૦ાાા એ સરવે વસાણાં ... [illegible]

ળી દરરોજ સવારે લાડુ ૧) નયણે કોઠે ખાય તથા સાંજે લાડુ ૧ ખાય તો પેશાબ ગળતો બંધ થશે ને શરીરમાં કામ જાગ્રત થએ.

ચોથો ઉપાય—ગુવારના દાણાનો આટો સેર ૧) તે મધે સાકર સેર ૦॥ નાંખી તેની માંહે ગાયનું ઘી નાંખી લાડવાવાળી સવારે તથા સાંજે એકેક લડુ દીન ૧૦ સુધી ખાય તો તેથી પણ ગુણ થસે.

ઝીણી વરસુડીનો ઉપાય

માણસના શરીરમાં વરસુડા ઘણું કરીને કપાળ ઉપર, હાથ ઉપર કે પગની પાટલી ઉપર નાની વરસુડી ચણીઆર જેવડી અથવા નાની સેપારી જેવડી થાયછે તેને આંગળીથી દાબીએ તો તેમાંથી ખાડો પડે ને પથરાઇ જાય. આંગળી ઉચકયાથી તુરત પાછો ખાડો ભરાઇને પથરાએલી પાછી ઉઠે. એ જાતની વસુડીકીમાં દુખ થય છે, ને કોઇને નથી થતુ. જેને વરસુડી થઇ હોય ને દુખ થતું હેય તો તેને અંગાગાએ રંધડી પાટીઆને કટકો લેઇ તેથી દાબીને બેસારવી ને પછી તે ઉપર એક શીસાનો વજનદાર કટકો અથવા ત્રાંબાનો કટકો સપાટ લેઇને તેના ઉપર મજબુત પાટેથી બાંધી મુકવો. પછી તેના વજને કરી મટી જસે ને ફરીથી થશે નહિ, કદાપિ વરસુડી ચાંપ્યાથી દુખતી હેય ને તેમાં દુખ થતું હેય તો કંઠમાળમાં કહેલા ઉપાય કરવી તેથી મટી જશે.

અગારખીનો ઉપાય

તરાએમન પૈસા ૨) ભાર, મરી પાઇ, ૨] ભાર પીપ,૨]ભાર કરીયાતાની પાંદડી પાઇ,૨)ભાર એ સર્વેને બારીક ખાંડીને ચાળી નાંખી તેમાં ગોળી વળે તેટલો ગોળ. નાંખીને તેને બેગું કરી પથર ઉપર વાટીને ગોળી વાળવી, તે દરેક ગોળી પઇસા બે ભારની વાળવી. પછી દરદીને દરરોજ સવારે ટાઢા પાણી સાથે ખવરવે તો ઉપર કહેલું દરદ મટી જાયછે.

બીજો ઉપાય—સુરોખાર પાઇ, ૧) ભાર મરી પાઇ, ૧)ભાર હળદર પઇસા ૧ ભાર લીંબુનો રસ પઇસા ૨॥ ભાર લઇ તેમાં મેળવી ચાટે તો દરદ મટી જાય.

...પાય—કુટેડી, કાંટાની વાડ ઉપાર થાયછે. તેમાં પાંદ... ને લાવીને તેને વાટીને રસ કાડીને તેમાં...

રસ પાઇ, ૧)ભાર લઇ તેમાં ગોળ પઇસા ૨ા ભાર એ બેઉને એ કઠું કરી પાય તો આરામ થાય

સંધી વાનો ઉપાય

સંધી વા એને કોઇ સંગવા પણ કહે છે એ દરદની રીત એવી છે કે માણસના શરીરના સાંધાઓમા થાય છે તેથી શરીરના સરવે સાંધાઓ દુખે છે, અને કોઇને સાંધાઓમાં સોજા પણ થાય છે ને ગાંઠો ઘાલે છે એ રોગ બે જાતનો થય છે એક ની સાથે તાવ આવે છે ને રાત દીવશ ઇજા કરેછે પણ એની ઉપર ઓશડ લાગુ પાડીને ગુણ થાય છે બીજી જાતનાને તાવ આવતો નથી ને દહાડે દરદ ઓછુ થય છે ને રાત્રીએ ઘણું થાય છે ને તાવ મુદલ આવતો નથી માટે એ જાતના રોગ ઉપર ઓસડ લગુ પડવુ કઠણ છે; તો પણ કહ્યાં પ્રમાણે ઓષડ કરતાં કોઇને ગુણ પડે છે તો તથી સરો થાય છે.

સિંધી વાયુની સાથે તાવ આવે છે તેનો ઉપાય નિચે મુજબ.

સાંધાઓમાં લાલ સોજો હોય તો એ રોગની ફસ ખેલાવવી લોહી કઢાવી કમી કરાવવું તેથી આરામ થશે, અને આજાર વાથી હશે તો તેનુ ઓષડ પીપર ટાંક ૧) દેવદાર ટાંક ૧) એ બે ખાય ને દેવદારનુ તેલ, સાંધા ઉપર મસળે તો આરામ થાય છે ટાંકના વજનની સમજ એ જે તે કુંપની શિક્કાના એક પઇશા (ડેઢીયાભાર) હોયતેને ટાંક સમજવો.

વગર તાવનો સંધી વામટવનો ઉપાય એ છેકે શીકેતરી એળીઓ રૂ ૧ ભાર, રેવંચીની ખટાઇ રૂ ૨ ભાર, એ બેઉને એકઠાં કરીને બારીક વાટીને દરરોજ ઉના પાણી સાથે ફકાવવો, અથવા ગોળીઓ વાળી રાખવી એથી હલકો જુલાબ આવશે, વળી એ આજાર વાળાને એક મોટા પીપમાં ગરમ પણી છાંતી સુધી પોંહચે તેટલુ ભરી તેમાં બેસડી નવરાવવો, પાણી ઠંડુ પડયા પછી બાહાર કાહાડવો, કોઇ ઠેકાણે ગંધકની ખાણ હોય છે નેતેની ઉપર ઉના પાણીના હિંદુ લોકોને નાહાવાના કુંડ હોય છે તેમાં સદય ઉનુ પાણી રહે છે તેમાં નવરાવે તો બહુ ફયદો કરે,. ને દરદ મટી જાય એ ખાણ સુરત જીલામાં દેવકી ઉનાઇની જાત્રા દર વરશે ચઇત્ર સુદ ૧૫ મે ભરય છે ત્યાં ઘણા લોકો જાતરાએ જાય છે, માટે તે પાણી ઉપરના રોગ વાળાને નવરાવવાને ઘણું ગુણકારી છેતે જેનાથી બને તેણે એ ઉપાય

રીગણ વાયુનો ઊપાય.

રીગણુ વાયુની નિશાન એ છે કે કઢાયેરને માહેથી એવું દુખ થાય જે, પગની નળી સુધી જોર કરે દુઃખ દે એ આજાર વાળાને એક ઓષડ લાગુ નહી પડે માટે કાંઇ હુશિયર માણુસ પાસે ડામ દેવરાવે તો તેથી કરાર થાય. ડામ દીધાની જગા એ જે કે કઢાયરને માથે તથા પગની નળીના વચે ડામ દેવો. જો ખરો ઉસ્તાદ મળે ને બેઉ જગોએ ડામ દેતો એ રેગ મુળમાંથી જાય, ને ફરી પેદા થાય નહી કદાપી કોઇ માણુસ એવી ઇચ્છા રાખે જે ડામ દીધા વગર એ રેગ જાય તો બેઉ જગા ઉપર પાછડાં પાડવાં. પછી એ બેઉ પાછડાં ઉપર મોચીયાં પાઇ, १) ભાર મોરથુથુ પસા १) ભાર નવસાર પાઇ, १] ભાર વછનાગનો ગર પાઇ, १) ભાર એ સરવે ચીજને લીંબુના રસમાં ખલ કરીને પાંછડાં ઉપર સાંજે ચોપડે તો ડામ દીધા વગર મટે. માટે એ બેમાંથી ગમે તે ઉપાય કરવો.

દવાલીનો ઊપાય

દવાલીની અલમત એ છે જે પગની રગો જાડી રેશીની (દોરડીની] માફક જાડી નજરે દેખાય, તેવી થાય તેને ઓષડથી નફાયદા હી થય. વેદ લોકો એ રેગીને અરેચની પથ્થર આપે છે, તેણે કરીને ઘણા લોકની રગો સારી થય છે, એ તમામ રગોનું લોહી કઢાવે પછી તેને ઉસ્તાવર બાંધે તેથી રગો દુરસ્ત થાય છે તે એવી સારી નરમ થાય જે અસલના જેવી થશે.

પેટમાં દુખે તેનો ઉપાય

જે કોઇના પેટમા દુખ પેદા થાય; તેની પેદાશ વા તથા ગરમી તથા શરદીથી. થાયછે. જો માદામાં શરદી હોય તો ખાટા ઓડકાર આવે, ખધેલુ પચતાં વાર લાગે તેનો ઉપાય. ચાનીક બાલા, અકલગરો સુઠ, મરી, પીપર એ સરવે ખાંડી ઝીણું કરીને દરરોજ સવારે મધમાં મેળવીને ચટે એ પ્રમાણે દીન २१ સુધી કરેતો એ દુખ મટી જાય, જો માદામાં ગરમાની અસર હોય તો ખાધેલું પચે પણ ગરમીના જોરથી દરદ ભરેલો ઓડકાર આવે, પેટમાં શોજશ થાય પાણીની તરસ ઘણી લાગે તેનો ઉપાય. વાંસપુર, આલુબોખાર, બોરના કળીયા, એળચી, સુઠ, ગાર, સરખાઓ કેસર, કસ્તુરી, કપુર એ સરવે બરાબર १०, ખાંડીને તેમાં ત્રણ ભાગ ખાંડ ભેળીને દરરોજ સ

વરે એક હથેળી ભરી ખાય તો તેથી માહાની ગરમી તમામ ઝરી મટેશે,

બદહજમીનો ઇલાજ લાંઘણ વિના બીજો નથી. જો બાયફ ળ મંત્ર સાથે આપે તો ફાયદો કરે છે તથા સુકું લીંબુ મોહોમા રાખે તો તેથી પણ નફો છે જો પેટ ચાલે ને ઓકારી આવે તો સડકચુરો જોશ કરીને પાય તો નફો થાય છે.

સનેપાતનો ઉપાય

સનેપાત કોઇને ગરમીથી થાય છે અને કોઇને શરદીથી થાય છે તેનો ઉપાય, વછનાગ પઇશા ૧ ભાર, ટંકણખાર પઇશા ૧ ભાર, કાળાં મરી પઇશા ૧ ભાર, પીપર પઇશા ૧ ભાર, અકલગરો પઇશા ૧ ભાર, પારો પઇશા ૨ ભાર, ગંધક પઇશા ૧ ભાર, ચીતરો પઇશા ૧ ભાર, સુઠ પઇશા ૨ ભાર, ચીનાકબાલા પઇશા ૨ ભાર, એ સરવે વસાંણા બારીક ખાંડાને હવાલે ચાળીને તેમાં તે દવા પલળે એટલો ભાંગરાનો રસ નાંખીને ખલમાં ખુબ કુટીને ગોળી વાળે તેવું થાય, ત્યારે ચણોઠા જેવડી ગોળીયો કરવી ને તે ગોળીયોને છાંયડે સુકવી, ને શીશામાં ભરી મુકવી, પછે કોઇને નશીબ જોગે સનેપાત થયો હોય તેને તેમાંથી એક ગોળી આપી પાણીમાં ઉતારવી દેવી, તેથી જો તેનુ આયુશ લાંબુ હોય ને પરમેશ્વરની કૃપા હોય તો, એ રોગનો બચાવ થાય છે.

બીજો ઉપાય—પારો પઇશા ૩ ભાર, શીસુ પઇશા ૬ ભાર; ટંકણખાર પઇશા ૧ ભાર, વછનાગ પઇશા ૪ ભાર, તરીગડું પઇસા ૯ ભાર ત્રિફળા પઇસા ૬ ભાર એ સરવે જણસ બારીક ખાંડીને ધતુરાના રસમાં ખલકરી ચણોઠી જેવડી ગોળીઓ કરી રાખવી પછી જેને શરદી કે વાયથી સનેપાત થયો હોય તેને ગોળી ૧ ખવરાવે તો આરામ થાય,

ત્રીજો ઉપાય ખરા સોનાનો વરગ વાલ ૧) પીપર પઇસા૧) ભાર કાળાં મરી પૈસા ૧) ભાર તથા માંડવાનાં પાન પાકાં ને મોટાં નંગ ૪ એ સરવે ભેગા વાટીને તેમાં ફુદીનાનો રસ નાંખવો પછી સરવે એક રસ કરી લુગડે ગળીને તેમાં છેલો વારે સોનાનો વરગ નાંખી મેળવીને સવારે તથા સાંજે સનેપાતનાં રોગ વાળાને પાય તો ઇશ્વર કૃપાથી આરામ થાય.

સોજા ઊતાર વાનો ઊપાય

માણસના શરીર ઉપર સોજા આવે છે તેવા ગરમી નબળા ઈ કે લોહીથી આવે છે એ ચારેનો ઉપાય એ છે જે એરંડાની જડ, ઈંદ્રજવ. સુંઠ પીંપર, સાજી, જવખાર, હળદર દેવદાર, એ સરવે બરાબર વજને લેવુ ને તેને બારીક ખાંડીને પછે રીમે હાઇન એટલે લુવારી કોડ્યમાં ઘડતાં જે લોઢાનો ભુકો મેલ પડે છે તે સરવે દવાના ત્રીજા ભાગનો લઇને બારીક વાટી દવામાં ભેલવવો. પછી તેમાંથી દરરોજ સવારે પઇશા ૧ ભાર, હફતા ૪ સુધી ખાય તો ગણોજ ગુણ થાય ને સોજા રોગ મટી જાય પણ ખટાશ વાળી સરવે ચીજ તથા ખાંડ તથા વાઇ કરે તેવી ચીજ પણ ખાવી નહી પરેજી પાળવી સોજા ઉપર એરંડીયુ તેલ મસળે તો તેથી પણ સોજો ઉતરી જાય છે પણ જો ગરમી ન હોય તો નહી ચોપડવું, કેમકે વધારે થાય માટે ન ચેપડવુ

બીજો ઉપાય—નવા વાંસનો કકડો, સિંધવ; હિંગળદર, એ સરવેને ઘશીને સોજા ઉપર ચોપડે તો સોજો ઉતરી જાય જો સોજો લાલ રંગનો હોય તો લોહીથી થયો હોય એમ જાણવું, સોજામાં બળતરા બળતી હોય તો રૂમડી મુકાવવી અથવા જળોમુકાવવી, ને લોહી કમી કરાવવું, ને નીચે લખેલો મલમ તે ઉપર ચેપડવો મહુડા શેર ૦। હળધર પઇશા ૨ ભાર, નીમક (મીઠુ) પઇશા ૧ ભાર, એ સરવે મીઠા તેલમાં ઘુટીને મલમ કરવો પછી તે દરદ ઉપર ચોપડવો, અથવા તે ઉપર પટી મારવી તેથી લોહી વિકારનુ દરદ મટી જશે પંદર દીવશ એ ઉપાય લાગટ કરેથી જરૂર ફાયદો થશે લોહી વીકારનુ દરદ હોય તોજ લોહી કઢાવવું ને ન હોય તો નહી કઢાવવુ કેમ જે ઉલટુ નુકશાન થાય છે તે ઉપર કુંવરનો લાવાબ મસળે તો સોજો ઉતરી જાય,

ત્રીજો ઉપાય.—જેઠરકચુરો, મુગીજન સુંઠ, સાટોડી, આંબાહળદર, તથા એરંડાનીજડ, એ સરવે ગાયના મુતરમાં ઘશીને થોડુ ઉનુ કરી ચોપડે તો સોજો ઉતરી જાય.

પાઠાનો ઊપાય.

પાઠુ ઘણું કરીને બંને ખભાની વચે વચલા મોહોરાની ઉપર થયછે એ રોગ સ્ત્રી અથવા પુરૂષ બનેને થાય છે, એ પાઠુ ઘણુ કરીને બને ખભાની વચે વચલા મોહોરાની ઉપર થા

ય છે એ પાઠું ઘણુંજ ઘાતકી છે પાઠું કાચુ હોય ત્યારે ચીરાવે તો ફાયદો થાય છે કેમકે તે મોહોટું થયુ હોય તો તેની દહેશત ઘણી છે પણ પાઠ વગર બીજે ઠેકાણે થયુ હોય તો તેનીદહેસત નથી એ પાઠાના રોગને કાચબ કરીને પણ કહે છે એનુંકારણ એછે જે એની નિશાન કાચબા જેવી છે પાઠાનોરોગ સ્ત્રીઓને ઘણો ખરો છાતી ઉપર તથા કમરમાં થાય છે વળી એમ પણ કેહેવાય છે કે સ્ત્રિને કમળ પાઠું થાય છે એ કોઇને વારસાથી થાય છે એટલે જેની માને કમળમાં પાઠું નીકળ્યુ હોયતેની છોકરીને નીકળે છે ને પુરૂશને પેટ કે મોહોડા ઉપર કે ઈંદ્રીના છીદ્ર ઉપર થાય છે પણ ઉપર લખેલુ પાઠું તો વાંસામાંજ નીકળે છે એ સઘળી જાતના પાઠાનો ઉપાય નીચે પ્રમાણે.

પીઠ વગર બીજાં જે પાઠાં પુરૂશ તથા સ્ત્રીને થાય છે એપ્રથમ તો એક નાની સોપારી અથવા બદામ જેવડું થાયછે એ વધે તેમાં કોઇને દરદ થાય છે ને કેઈને નથી થતુ એ પાઠાવાળાને એ રોગ થતાં ફસ ખોલાવવી તથા હલકા જુલાબ આપવા તથા આ ચોપડીમાં કહેલાં ઓષડો એ પાઠાવાળાને ખાવાને તથા ચોપડવાને સારૂ આપવાં, જો ઘણુ જોરમાં ઉઠેલુ માલમ પડે તો વરત ઉપર જળો મુકાવવી અને પાક ઉપર આવે તો પાકની લેપડી કરી બાંધવી સારીપેઠે પાકયા પછી નસ્તરે ચીરી અંદરથી એનો મવાદ (રગદળરશી) ઝરીને સાફ થાય ત્યારે રૂઝવવાની પટી મારવી એ રોગવાળાને સારી હવામાં રાખવો, એજાતના પાઠાને દરીયાના પાણી સાથે ધોતા રેહેવુ, અથવા દરીયનુ પાણી ન મળે તો ઉના પાણીમા મીઠું નાંખીને તે પાણીથીધોતા રેહેવું કદાપી સ્ત્રીના કમળમાં પાઠું થયુ હોય તો એને કઠણ દવા ખાવા ન આપવી; હલકી દવાપ આપવી. જેવુ કે ગુલેનારફેમાનુ સરબત, લીંબુ ફ્ગનુ સરબત કે પરેસિયાવસાનનુ સરબત એવી દવાઇયો આપતા રહેવુ ને ખાવાસારૂ હલકો સુતરૂ ખોરાક આપવો, જેવી કે જવની કાંજી એમાં દુધની તર કાઢીને દુધનાં ખવુ તથા ચોળાઇની (તાંદળજાની) ભાજી એવી હલકી વસ્તુઓ આપવી.

જે પાઠું વાંસા ઉપર નીકળ્યુ હોય તે ઘણુંજ ઘાતકી છે માટે એની નિશાન માલમ પડતાં તરત જળો મુકાવવી, એકવાર મુકાવે થોડો ફેર જણાય એટલે બીજીવાર મુકાવીને એમ જા

તેમનરમ પાડવું, એ નરમ પડ્યા પછી એની ઉપર પાકની ડોપ્રની લેપડીયો બાંધીને પકવવું પાકુ ઉપર આવેલું માલમ પડે એટલે એને મોહોડે નસ્તરે ચીરવું. ચિરતા કાપ સામો મુકવો, જેટલું પોહોળુ દેખાય એટલું બંને ચાંપીને રગદળ બાહાર કાઢી સાફ કરવું, પછે નિચે કહેલા મલમની પટી મારવી એ મલમ બનાવવાની રીત પીળી બેરજી જેને ઇંગ્રેજીમાં રાજન કહે છે એ રૂ ૫ ભાર, તથા પીળુ મીણ રૂ ૫ ભાર, તથા મીઠુ તેલ રૂ ૫ ભાર લેવુ એ સરવેમાંથી પેહેલું મીણ ગરમ કરી તાવવુ પછી તેમાં રાજનનો ભુકો બારીક કરી નાંખવો એટલે મીણ તથા બેરજી, (રાજન) એક રસ થઇ જશે, પછી એમાં તેલ રેડીને જરા હલાવીને તુરત લુગડે ગાળીને રાખવુ એટલે ઠરીને મલમ થશે. એ મલમનુ નામ ઇંગ્રેજીમાં "બીજલેકન આનમેંટ" કરી રાખેલુ છે, એ મલમ બેદાંની જરદી સાથે મેળવીને તેમાં જુના લુગડાનો કટકો, અથવા દોરડાનો ડુચો ખરડીને તે જખમમાં મુકી પછી એજ મલમની પટી બનાવીને એ ઉપર મુકવી, ને આજુ કઠણ હોય તો એ ઉપર પાકની લેપડી બાંધ્યા કરવી, ને દીવસમાં બે વાર એ પટી ઉખેળીને કકડો કાહાડીને ઉના પાણીએ અથવા મેથી અને કાંચકીની જડને ઉકાળી એ પાણીએ ધોઇ સાફ કરી નવો કકડો તથા પટી મુકવી જ્યારે રૂઝ ઉપર આવે ને પરૂ અથવા પાણી આવતુ બંધ થાય ત્યારે પેલો કકડો મુકવો નહી, ને એના ઉપર સરખું કરવું મીણ તથા તેલને ગરમ કરીને તે સાદા મલમની પટી મારવી, ને રૂઝાવવું અને એ ધણીનો કોઠો કબજ રેહેતો હોય તો હલકો જુલાબ આપવો, અથવા જુલાબની દવા ભરી ઝાડાની વાટે પીચકારી આપવી, તેથી જુલાબ થશે માટે પેટ હલકુ પડસે, ને રોગની કસર નીકળી જસે, ઉપર લખેલી બેરજી (રાજન) ના મલમથી ઘણોજ ફાયદો છે, જો નાની સરખી બદ કે ફુબલ થયુ હોય તો તેના ઉપર એ મલમની પટી મારી હોય તો એ દરદને વેરી નાંખે છે ને બદ પીગળી જાય છે તુરતનો અથવા થોડા દાહાડાનો અંતરગળનો રોગ હોય તેના ઉપર એ મલમની પટી મુકી હોય તો તેથી ફાયદો થાય છે માટે એ મલમ બનાવવાની રીત ઉપર લખી છે, તે પ્રમાણે બનાવી ઘરમાં તઇયાર રાખવો, કે જ્યારે જોઇએ ત્યારે તરત કામ આવે.

બગાસાંનો ઉપાય

માણસને કોઈ રોગ ગયામાં ઉંઘ ઉપજી આવે છે. બગાસું એટલે જે માણસ [illegible] થઈને [illegible]! એવો આ જ થાયછે તે તેનાં [illegible] તેનાં પેટનું કારણ એ જે રાત્રીએ નિંદ્રાનો [illegible] થાયછે. એટલે બગાસાં આવેછે. માટે વેળા થઈ એટલે સુવાનો [illegible] એટલે [illegible] પડે છે તે કેઈ [illegible] દિવસે બગમાં આ [illegible] એટલે સુવું [illegible] માટે છે. [illegible] નાં બગાસાં તો [illegible] આવેછે. પણ ઉંઘ [illegible] બગાસાં ઘણાં [illegible] આ [illegible] મગનાં [illegible] થએલી જાણવી ને તે રોગનું કારણછે માટે તેને હલકે જુલાબ આપવે. ને સુસ્તિ મટે એવું ચુરણ ખવું

ઓડકારનો ઉપાય

ઓડકાર ઘણી જાતનાં હોય તેમાં મુખ્ય બે જાતના છે; એક તો ખાધા પછી તરત આવેછે, તે ખરેલું પચાવવાનો નિશાની છે. બીજુ અપચ્યો એટલે ખાધેલુ અન ન પચ્યું હોય તે થી આવેછે, ને ખટા આવેછે. માટે તેનો ઉપાય આ ચોપડીમાં અજીરણના ઉપાયમાં કહ્યા પ્રમાણે કરવાથી મટશે.

બદનો ઉપાય.

માણસની જાંઘના બંને કાતરાઓની ઉપર અથવા એક કાતરા ઉપર લાંબી કેરીના જેવી ગાંઠ થાયછે તેને બદ કરીને કહુ છે. પણ કેઈ વેળાએ માણસને ગુંદવાથી ફુલાંગ મારવાથી ખાડામાં પગ પડવાથી ઠોકરે દોડવાથી ઘણું ચાલવાથી ભાર ઉચકવાથી અથવા બીજાં એવાંજ કારણોથી ઝથના કાતરામાં ગાંડ ઘાલે છે તે ગાંઠ ઉપર સહેજ ઓસડ ચોપડવાથી મટી જાય છે. એ બદ વધતી નથી કે પાકે રે દુખ આપતી નથી. એ વેળા તણ એકી જાણવી પણ જે ગરમીના રોગથી બદ થાય છે તે પ્રથમ ટાંકી (ચાંદી) થાય છે ને તેનું જોર વધેથી તેની વેળા ઘાલે તેનુ નામ બદ અગર પરમાનું દરદ જોરમાં હોય એથી પણ થય છે. અને કોઈને પગમા વગર પણ થાય છે માટે તેનુ ઓષડ કરવું. જો આળસ કરે તો એ રોગ પુરીઆની નિચે અથવા પેટમાં ઉપરે ચાલે ઘણુંજ હેરાનગતી પામે છે. માટે તેનું ઓસડ તાકીદથી તેનો ઉપાય કરવું.

પ્રથમ તો જયારે બદ જોર કરે ત્યારે તારે ઉતાવળેથી બત્રે
ણવાર જળો મુકાવવી જળો છુટયા પછી એરંજીના મલમની પ
ટી મારવી એ મલમ બનાવવાની વિગત—એરંજી (રાજન) રૂ.
૫) ભાર પીળુમીણ રૂ. ૫) અળશીનું તેલ રૂ. ૫) ભાર પ્રથમ
મીણને એક વાસણમાં ઘલો દેવતા ઉપર ઉનુ કરવું પછી મી
ણ એ ગળી જાય ત્યારે એરંજીનો બારીક ભુકો તેમાં નાંખવો તે
ઓગળીને એકરસ થાય ત્યારે તેમાં તેલ રેડવું ને એને ધીની
આંચમાં રાખી થોડીવાર પછી નીચે ઉતારી બારીક લુગડાએ ગ
ળીને એક કાચના ડબામાં રાખવો પછી એ મલમની પટી માર
વી. એ મલમ ઝેરવા સારૂ તથા પીંગળાવવા સારૂ ગણું જ ફા
યદા કારક છે, બદવાળા રોગી માણસને ફરવા મરવા દેવુ નહી
સુ ડી સુ વુ એ રીતે કરયા છતા પણ જો બદની અંદર પરૂ
થવા માંડે ને માલમ પડે કે પાકશે; તો અળશીના બીજનુ અ
થવા બાજરીના લોટનુ ચણાના લોટનુ પાઉનુ કે ખમીરી રોટી
નુ પેટીસ દુધ તથા પાણીમાં પકાવી એની જાડી લેપડી કરવી
દીવશમાં ત્રણચારવાર ઉપર બાંધ્યા કરવુ, પછી પરૂ સારી પેઠ
થએલુ માલમ પડે ત્યારે પોતાની મેળે ફુટવાની વાટ જોતીન
હી એ પોતાની મેળે ફુટતાં ઘણાં દીવશ થશે તેથી અંદર વધા
રે સડો લાગશે માટે પરૂ થયેલુ માલમ પડે કે તરત મોહોટા ન
સ્તરે અથવા અસ્તરાએ ચીરાવી પરૂ વેહેતું કરવું પણ તેની
ચીરતી વેળા કાપ લાંબો મુકવો, કારણ કે બધુ પરૂ જલદીથી
બહાર નીકળી આવે પછી એક સફેત જુના ઝીણા લુગડાની
બત્તિ કરવી એ બદના કાપમાં સમાય એવી કરીને એની ઉ
પર એરંજીના મલમ તથા ઈંડાની જરદી એ બેઉ મેળવીને તેમાં
પેલો કાકડો મલમ મલમ વાળો બદના લદમાં મુકવો કે પેલો
છેદ રૂઝી ન જાય અથવા ઝીણાં જુના લુગડાના દોરા ઘણાક
કાહાડીને પેલા છેદમાં રહે એવું મોહોડુ ચોકસ કરીને એને પેલા
મલમમાં સારી પેઠે ખરડીને રૂપાની સળીથી દબીરીને છેદમાં ઘા
લવો. તે ડુચો નરમ રાખવો કઠણ કરવો નહી. દીવશમાં બેવા
તે કાકડો અથવા ડુચો અને પટી બદલવી બદલતી વેળા
કાંચકીના પાંદડાં અથવા મેથી ઉકાળીને તેના પાણીથી તે સઘ
ળી જગા ધોઇ સાફ કરીને કકડો તથા પટી મુકવી બદને ચીરી
ને વેહેતી કરયા પછી પણ તેના આજુબાજુની જગો ઘણી કડ

ણ હોય તો ફરીથી તે જગો ઉપર જળો મુકાવવી ને ત્યાર પછી ઉપર કહેલી લેપડી કાકડો તથા પટી મુકી એના ઉપર બાંધા કરવી જ્યાં સુધી એ બદની ગાંઠ બધી સાફ થાયત્યાં સુધી ઉપર કહ્યા પ્રમાણે કરી વેહેતી રાખવી કદી બંધ કરવી નહી.

કેઇ વેળા બદ ફુટયા પછી અથવા ચીરયા પછી એ બદની ધારોની કોરો સડિને ઉપર માંસ નીકળી આવેછે ત્યારે એની ધારોને લોહું ધીકાવીને ડામી નાંખવી, કદાપી ડામવાનુ નહી બની જકે તો બરાંડી (દારૂ) માં પાણી ભેળીને તેનાં પોતાં બળીને મુકવાં પછી તે સડેલુ માસ સારૂ થાય ત્યારે મીણ તથા તેલ એ બેઉ ઉના કરીને તેના મલમની અથવા ગામઠી કાળા મલમની પટી ઉપર મુકયા કરવી, પણ તેમાંનો સઘળો રેસ ઝરીને સાફ થાય ત્યાં સુધી રૂઝ ઉપર લાવવું નહી કદાપી દઝવાનો મલમ મુકે તો પણ કાંઇ રીતે રૂઝ આવે નહી ને વધ્યા કરે અથવા માંસ સડયા કરે તો પછી મોહોડુ આપવુ કે બદ પોતાની મેળે સારૂ થઇને રૂજે, ત્યાં સુધી મોહોડુ ગળતું રાખવું ને મોહોડુ વળ્યા પછી કડવતની દવાઇ નજર પોહોચાડી આપવી.

કદાપી બદની ગાંઠ નબળી હોયે ને કાંઇ વધારે જોર નહી હોય ને ધારયામાં આવે કે બેસાડયાથી દુખ નહી થયનો તેનૂ બેસાડવા સારૂ બેદાની સફેતી કપડાં ઉપર ચોપડીને તેની પટી મુકવી કે તેથી પણ બદ પીંગળી જસે એ મલમપી ઝળાવામાં ઘણોજ ફાયદા કારક છે પાકુ દુબલ કે બદ• થવામાં રે કે તુરત એ મલમની પટી મુકવાથી બેશી જસે.

બીજો ઉપાય મોતીની છીપને બાળીને રાખ કરવી પછી તે રાખ બરાબર ટંકણખાર ફુલાવીને રાખમાં નાંખવો, પછી એબંનેને તેલમાં નાખી ગરમ કરવું. પછી એમાં પેકુ એક સફેત સાચુ મીણ, બતીનુ મીણ નાખવું ને ગરમ કરવુ એટલે મલમથસે પછી તેની પટી મારવી કે તરત બેશી જસે.

એક અંગરેજી વઈદ

સંવત ૧૬૫૬ ની સાલ સુધી ઈંગરેજ લોકો હિંદુસ્તાનમાં આવ્યા નહોતા પણ સંવત ૧૬૫૮માં ઇંગલાંડની રાણી ઇલીઝાબેથના વખતમાં મી० હોક નામના એટ ઈંગરેજને બાદશાહી ફરમાન આપી શ્રી હિંદુસ્તાનના

મહમદ અકબરશાહ ઉપર આગરે મોકલ્યો એટલે બાદશાહે ફરેથી હીંદુસ્તાનમાં વેપાર કરવાની રજા આપી તે વખતથી ઇંગરેજ લોકોનો પગ આ દેશમાં થયો ને ઇગરેજની કંપનીએ હિંદુસ્તાનમાં વેપાર ચલાવવાને વાસ્તે ઈંગલાંડની રાણી સાથે ઇજારો કરી મુકરર થઈને સુરતમાં કોઠી કરી.

પોરતુગીજ લોકો ઇગરેજો કરતા ૧૦૫ વરસ અગાઉ આ દેશમાં પેઠેલા હતા તથા ઈંગરેજો કરતા તેમનું બળ ઘણું હતુ પણ સંવત ૧૬૮૯માં શાહજાહાન બાદશાહ ગાદીયે બેઠે ત્યાર પછી આઠમે વરસે તેની દીકરી બેમાર થઈ ત્યારે સુરતની ઇંગરેજી કોઠી વાળા ડાકતર બટને [illegible] તેણે [illegible] ઉપર ખુશી થઈને બાદશાહે ઘણું ઇનામ હિંદુસ્તાનમાં તમામ ગામે આ દેશ એક દમડી પણ જગાત આપ્યા વગર વેપાર કરવાની પરવાનગી આપી ત્યાર પછી બંગાળાના સુબાની બેગમ પણ ડાકતર બટને દવાથી સારી કરી તેથી નવાબે ઇનામ આપી હુગલી બંદરમાં કોઠી કરવા દીધી તથા બીજી ઘણી રીતે ઇગરેજોને મદદ કરવાને કબુલાત આપી તથા ડાકતર બટન બહુ ખુશી થયો કેમકે એને જે જોઈતું હતું તે પામ્યા થયું પછે સંવત ૧૭૧૬ની સાલમાં હુમલાના [illegible] જોગવાનકે આરંગજેબ બાદશાહના વખતમાં કલકતુ સુતાનતી ને ગોવીંદપુર નામના ત્રણ ગામડાં બંગાળાના સુબાની તાબેથી તેમાં ઇનસાફ વગેરે ચુકાવવા લાગ્યા ને તેને ફરતો કોટ બનાવી, [illegible] વસાવી લીધું તે અગાઉ ઉપર લખેલ ત્રણ ગામડાની થઈને રૂ. ૧૨૦૦) ની ઉપજ વરસે દહાડે ઉપજતી હતી ત્યાર પછે બીજા મુલકો લેવા માંડયાં તેની પેહેલા ઇંગરેજી રાજ્યને તાબે હિંદુસ્તાનમાં એક તસુ પણ જગા નહોતી તેજ કલકતુ ગામડું આજ લાખો રૂપીયાની ઉપજનું અને ઇંગ્લંડ જેવું રાજધાનીનું શેહેર બની રહેલું છે એ સરવે મહેરબાની ડાકતર બટનનું છે માટે એવા નામાંકિત પુરૂષને ધન્ય છે કે જેણે પોતાના ડાકતરપણાના ગુણે આપણા દેશને લાભ કર્યો

એ ઉપરથી એવું સમજવું કે ઇંગ્રેજી વિદ્યા પણ આવા મોટા ફાયદા રાજ્યને થયા છે ને તેના અભ્યાસથી મહા અદ્ભુત આપણા દેશને થાય છે ને માટે ઇંગ્રેજી ડાકતરની [illegible]
વડી તેમજ આ ચોપડીમાં લખેલા [illegible]

ણે સારો ફાયદો થશે.

વીસ્ફોટીક તથા મમા ટાંકીનો ઉપાય

જેને પ્રથમ ચાંદી તથા પરમીયો થયો હોય તે તે ધણીને ઓસડ કરવામાં કસર રહી હોય તેથી રોગની અસર રહી જાય તેથી લોહીનો ઘણો બિગાડ થાય છે તેથી આખી શરીરે વીસ્ફોટક નિકળી આવે છે. તેનો ઉપાય નિચે લખ્યા પ્રમાણે; રસકપુર તોલા ૪ લેવો ને તેને પેહેર ૮ સુધી ખલ કરવો પછી ગાયનુ ઘી શેર ૦ાા લઇને તેને ૧૦૮) વાર પાણીએ ધોઇને એમાં પેલો ખલ કરેલો રસકપુર નાંખી મીલાવીને તમામ શરીર ઉપર ચોપડવાથી એ રોગ મટી સરૂ થશે પણ એ ઓષડ શરીરે ચોપડયા પછી દીન સાત સુધી નાહવુ નહીં, તથા પાણી અડકવા દેવુ નહી.

બીજો ઉપાય—મનશીલ રૂ, ૨) ભાર. ખલ કરીને એમાં માંખણ મેળવીને શરીર ઉપર ચોપડે તો શરીરનો રોગ સરૂ થાય છે એ રોગવાળાને ખાવાની દવા આ ચોપડીમાં ખુજલાન ઉપાયમાં મજીઠનુ ચુરણ લખેલુ છે તે ઉના પાણી સાથે આપવુ એ રોગવાળાએ તેલ મરચુ હીંગ આમલી કચી કેરી કેરીનુ અથાણુ વગેરે જે અવગુણ કરનારી ગરમ ચીજો છે તે ખાવી નહી એથી વેહલો ગુણ થસે.

અજીરણ (બદહુજમીનો) ઉપાય

કોઇ માણસનો જઠરાગ્ની મંદ પડે છે એટલે તેને ખાધેલુ પચન નથી એ રોગ ઘણા કારણોથી થાય છે ને તે ઘણા પ્રકારના હોયુ છે તેમાં એકતો ખાધા પછી પેટ ફુલે ને મથુ દુખે બીજુ જમે તે પછી છાતી ઉપર બોજુ લાગે તથી ખેટા આટકાર આવે ને પેટ ચડે પેટમાં ચારે બાજુએ દુખે ને ગરગડાટ થાય. ખરાબ વાસ રહે. એ ચિન્હો અજીરણ વિકારના છે માટે એ રોગ વાળાને રાત્રી દીવશ કાંઇ ચેન પડે નહી માટે તેને હલકો જુલાબ પ્રથમ આપવો એની વિગત.

રેવચિનો ચિરો માસા ૪ તજનો ભુકો માસા ૪ શોકોતનીએ બિયો માસા ૪ વિલાયતીસબુ માસા ૪ એ સર્વે ચિજોને ખુબ બારીક ખાંડીને બરીક વસ્ત્રે ચાળીને એની ૬૦ ગોળીયો સર ખે વજને બનાવવી તે ગોળીઓ ૨ થી સાત સુધી દરરોજ રાત સુતી વખત ઉના પાણી સાથે ગળવી કહાપી એ..

ડો સાફ નહી આવે તો વધારે ગળવી તેથી ઝાડો સાફ આવી સારૂ થશે કદાપી એટલી ગોળીયો આપતાં ઝાડો સાફ ન આવેતો વધારે ગોળીઓ આપવી, એથી કસર નીકળીને સારૂ થશે.

જેને જમ્યા પછી છાતી ઉપર ખોટું લાગતુ હોય તેને રેવંચીની ખટાઇનો ભુકો માસા. ૯ ઇંદ્રવચાણાંની જડનો ભુકો તો૦ ૧ સુંઠનો ભુકો માસા ૮ એ સરવેને ઝીણુ ખાંડી ચાળીને ચુરણકરી રાખવુ ને જ્યારે છાતી ઉપર ખોટુ લાગે ત્યારે તેમાંથી તો૦ ૧ ને આશરે ટાહાડા પાણીમાં ફકાવે તો તેથી શાંતી થાય.

ઘણુ અથવા ભારે ખાણું ખાધાથી અજીરણ થયુ હોય અથવા ઉજાગરો કર્યાથી કે ખાઇને તરત સુતાથી અજીરણ થયું હોય તો ખાટા ઓટકાર આવે. પેટ ફુલે, પેટમાં દુખ. ઝાડો થાય, ઓકારી આવે, એના ઉપાય એ છે જે ખાધા પછી ચાર કલાકની અંદર એવુંબન્યુ હોય તો ઉલટીનું ઓસડ આપીને ખાધેલું ઓકાવી કાહડવુ. ને કદાપી ચાર કલાક પછી એવું થયું હાય ને ઝાડે કબજ હોય તો કાચું ચોખુ દિવેલ તો. ૨ાા લઇ તે મધે આદાનો રસ તોલો ૦ાા નાંખીને એક રસ કરી પાઇ દેવું તેથી ઝાડો સાફ આવશે, એટલે પેટ હલકું પડશે તે પછી શરીરમાં કૌવત આવવાનું ઓષડ બીજે દહાડે આપવું

એલચીનાણા સાત, સુંઠ, સફેત મરી, કોસમ, પીપળીમુળના ગંઠોડા, ઝીણી પીપર એ સરવે વસાણાં એક એક માસો લઇને તેને ઝીણા કરી તેમાં મધ નાંખી ચટાડવુ કદાપી ઝાડો સાફ ન આવ્યો હોય તો તેમાં સસોગ માસો ૧) નાંખવો એટલે પેટ સાફ આવશે.

મલમ બનાવવાની રીત.

બદ, પાકું ગડગુમડ, સડો, જખમ, છાગલો અને એવાંજ શરીર ઉપરનાં બીજા દરદોને પકવીને ઝેર વીકાર કાડલા માટે આ ઉતમ પ્રકારનો મલમ બનાવવાનો રીત.

એ મલમ ઝેર વીકાર કાહાડને લુગડાના કકડાનેચોપડીને હરેક જખમમાં ઝેરવવાનો મુકવાના કામમાં આવેછે. તથા નઠારો મવાદ ખેચી લાવવાને તથા પકસવાને ઘણો સારો છે, માટે તે બનાવવાની રીત નિચે લખ્યા પ્રમાણે છે.

પીળો બેરંજી જેને રાજન કરીને કહેછે તે શેર ૧) તથા પીળું કાચુ મીણ શેર ૧) તથા તલનું તેલ શેર ૧) એ ત્રણ વાનાં [illegible] મીણ એક વાસણમાં નાંખી ચુલે મુકવું ને તે આ

ગળે એટલે તરત બેરજીનો ભુકો નાંખી હલાવ્યા કરવુ, પછી તે એક રસ થઇ જાય ત્યારે તેમાં તેલ નાખી હલાવવું તે હલાવતાં એક રસ થાય ત્યારે તરત નિચે ઉતારી પાતળા લુગડાએ ગળી નાંખવું કદાપી મલમ કઠણ કરવો હોય તો તેલ થોડુ નાંખવું પછી પાકુ અથવા બંદ થવા માંડે એટલામાં એ મલમની પટી મારે તો આજારને પીગળાવી બેસારીદે. એ મલમનું નામ અંગ્રેજીમાં બીજલીકનનાઇન્ટ કરીને કહે છે,, એ મલમ ઇગ્રેજી છે.

બીજો મલમ—શરીર ઉપર જખમ ચાંદી તથા છાગળો તથા સડો અને ગડગુમડ એ સરવેને રૂઝાવીને અગુર લાવવાના કામમાં આવેછે માટે તે બનાવવાની રીત.

ત્રીજો મલમ બનાવવાની રીત મોરચુથુ તોલા ૨, સફેત મીગુ તોલો ૦॥ પારો તોલો ૦। બોદારશિગ તોલો ૦॥ સફેત કાથો તોલો ૦॥ સગે જરાહત તોલો ૦॥ એ સરવેને ખાંડી બારીક કરીને કાંસાની થાળીમાં નાંખી તેમાં ગાગનું ઘી નાંખીને લીબડના શોટાએ ઘુંટીને મલમ કરખ. પછી તેની પટી કરીને જખમ ઉપર મુકીએ તો હરેકે જાતનો ગમે તવો કઠણ જખમ હશે તે તેને પણ રૂઝાવી સારૂં કરશે.

ખરજવાને મલમ—હિરાંદખાણ શેર ૦। મીણ શેર ૦। રસકપુર તોલા ૨) ઘી શેર ૦। એ સરવેમાંથી પેહેલું મીણને વાસણમાં નાંખીને ચુલે મુકવુ પછે તે પીગળે એટલે ઘી નાંખવું ને પછી બાજી ચીજો વાટીને નાખવા ને તેને હલાવીવી એક રસ થાય એટલે નિચે ઉતારીને એક વાસણમાં ભરી મુકવો. પછી તેને ઉપર લખેલા દરદ ઉપર ચોપડવાથી દરદ મટી જશે.

પક્ષઘાત (લકવા) અથવા અરધાંગ વાયુનો ઉપાય

જેને લોકો પક્ષઘાત કરીને કહેછે. કેટલાએક કપવાયુ તથા લકવો કહેછે. અરધાંગ એટલે જે અરધા અંગને નુકશાન પેહોચે છે એ રોગનો પરીક્ષા એ છેજે એક તરફનો હાથ અથવા હાથ ને પગ બંને રહી જાય અથવા અરધું અગ રહી જાય અથવા લુલુ થઇ જાય તથા કોઇનું મોહોડું બંધ થઇ જાયછે તેથી બોલાતું નથી ને કોઇનુ એકલુ ડાચું ફરી જાયછે, એકલું ડાચું ફરવાના રોગને લકવો કરીને કહેછે એ લકવો તથા અરધ અગનો રોગ બે પ્રકારથી થાયછે એક તો હવામાં ખુલ્લુ સુવાથી અથવા બેઠાથી અને નઠારો વાયુ શરીરને લાગવાથી એકાએક એ રોગ

થછે. એ રોગ વાળાની નાડી ઘણી નબળી ચાલે નહી ને ઝાડો કે બજ રહે એ ખરાબ હવા લાગ્યાથી ઉત્પન થએલા અર્ધાંગના રોગને ઓસડ કરવથી સારૂ થયછે.

બીજી જાતના અર્ધ અંગરોગ—અંગરોગથી, મગજમાંથી તથા રસનીકાંના ઉપદ્રવથી થાય છે તેની પરિક્ષા એ જે ન રોગ વાળાની નાડી ઘણી નબળી ચાલે તથા મગજમાં ગભરાટ થાય તેથી જાણવુ જે એ રોગ અંગરોગથી મગજમાં ઉઠેલો છે ને એ ને ઓશડ તથા ઉપાય લાગુ પડતો નથી હવે એ બંને જાત ના રોગના ઉપાય એકજ જાતના છે

એ રોગવાળાને નીચે કહેલી રેવંચીના શીરાની મેળવણીની ગોળીઓ આપવી તેથી ઝાડો કબજ હશે તે ચાલશે તો તથી ફાયદા થશે

રેવંચીના શીરો માસા ૪ શિકોતરીયો એળીયો માસા ૪ તજ નો ભુકો માસા ૪ વિલાયતી સાબુ માસા ૮ એ ચારેને ખાંડી કપડ છાણ કરી તેનાંથી સાઠ ગોળીઓ વાળવી પછી તેમાંથી બેથી તે સાત સુધી, હરરોજ રાતરે સુતી વેળા ગળાવવી કદાપી એટલા થી ઝાડો સાફ નહી આવે તો વધારે ગળાવવી.

બીજુ નીચે કહેલી રેઇબાબની ગોળીઓ પણ એ ઉપર આપે તો ગુણ કરે છે.

રેઇબામ માસા ૮ શિકોતરીયો એળીયો માસા ૬ હિરાબોળ માસા ૪ ઇસેન્સ આવ પેપરમીન્ટ ટીપાં ૩૦ એ ત્રણે જણશ ને બારીક વાટી વસ્ત્રગળ કરીને તેના ભુકામાં પેપરમીન્ટના ટીપા ૩૦ મુકીને ફરી વાટીને તેમાં ગોળી વળાય તે સુમારે થોડુક પાણી નાખી ખલમાં વાટીને તેની વટાણા જેવડી ગોળીયો વાળવી પછી એનાંથી સવાર સાંજ બે વખત બે માસાને આશરે ગોળીયો વળાવવી એથી એ રોગની શાંતી થશે અને એ રોગ વાળાને નિચે કહ્યા મુજબ ઓશડ શરીર ઉપર ચોળતાં રહેવું.

છાલો કાહાડેલી રાઇ તોલા રા ટરપેનટાઇનતેલ રા ભાર, અથવા નબ તેલ હોય તો પણ સારૂ તલનુ તેલ રૂ ૧૦ ભાર, એ ત્રણેને મેળવીને જે હાથપગ રહી ગયો હોય તેની ઉપર એક દીવશમાં બે ત્રણવાર ઘસવાથી મસળવુ એથી ફાયદો થશે.

ઊંઘમાં પેશાબ થતો હોય તેનો ઉપાય

ઊંઘમાં પેશાબ થતો હોય એનો ઉપાય એ છે જે ટાહાડની મો

મમમાં પેશાબ થઇ જતો હોય તો ઇસબગુલ ઘી તથા ખાંડ એ ભેગાં કરી ખાય તો આરામ થાય ટાહાડના મોસમ પુરી થાય ત્યાં સુધી એ ઓસડ ખાવુ પણ ગરમીના દાહાડામાં એમ થતુ હોય તો ધાણા પઇશા ૧ ભાર, ખાંડ પઇશા ૪ ભાર, ધાણાને ખાંડી ભુકો કરી ખાંડ સાથે ફાકે તો આરામ થાય.

પેશાબમાં તનખ તથા જલનનો ઉપાય

પેશાબમાં તનખનો રોગ વાદી થયો હોય તો ડુંટીના નીચે તથા ઇંદ્રીને મોહડે દરદ ઘણુ કરે તેનો ઉપાય એ જે એલચી પઇશા ૧ ભાર, અરડુસો પઇશા ૧ ભાર પાષાણભેદ પઇશા ૧ ભાર સફેત એરંડાની જડ પઇશા ૧ ભાર, સલાજીત પઇશા ૨ ભાર, આમલસારો ગંધક પઇશા ૧ ભાર જવખાર પઇશા ૧ ભાર, એ સરવે જણશો વાટી બારીક કરી ચાળીને દરરોજ સવારે પઇશા ૧ ભાર ફાકી મારી ટાહાડા પાણીમાં ઉતારે તો પેશાબની બળતરા મટી જશે.

એ રોગ ગરમીમાંથી થયો હોય તો એની નિશાન એ છે જે પેશાબની વખતે આતળ બળે (આંતળ એટલે ઇંદ્રી) પેશાબ ગરમ લાલ હોય તો મોહોડુ અંદરથી સુકાય પાણીની તરશ ઘણી લાગે તેનો ઉપાય એ છે જે હરડે મોટી ગંધક તથા પાષાણભેદ સલાજીત કાકડીનાં બીજ, એમાંથી હરેક જણસ માસો ૧ ભાર લેવી. પછી શેર ૬ પાણીમાં ઉકાળી તેનુ પાણી શેર ૧ રહે ત્યારે લુગડે ગાળીને તેમાં મધ પઇશા ૧ ભાર મેળવીને હફ્તા ત્રણ સુધી પીએ ને તે ઉપર તેલ, મરચુ હીંગ આમલી ઘઉં ભારે છે માટે તે પણ ન ખાવા, એ પ્રમાણે ચરી પાળીને ઓશડ કર્યાથી આરામ થાય.

જો એ રોગ બલગમથી હોય તો ઇંદ્રીમાં દરદ તથા સોજો હોય ને પેશાબ અટકતો નિકળે માટે એનો ઉપાય એલચી, અરડુસો, પાષાણભેદ, સફેત એરંડાની જડ ચીનીકબાલા ને ગોખરૂ એ સરવે ચીજ માસા ૩ ભાર લેઇને એને પાણી શેર ૪ માં ઉકાળીને શેર ૧ પાણી રેહે ત્યારે એને લુગડે ગાળીને એમાં સાકર તથા શીલાજીત નાંખીને હફતા ૪ સુધી પીએ તો આરામ થાય જો એ દરદ બલગમથી ગરમીથી વાદી કે સનેપાતથી થયું હોય તો તે ટાહાડની મોસમમાં જાદે થાય તેથી ઇંદ્રીના મોંમાં આગળ એવુ દરદ થાય કે જાણે ઇંદ્રીમાં મેખ (ખીલી) ઠોકી હોય

એમ થાય ને સફરામાં પણ દુખે માટે એ રોગ કયામાં ભેદાઇ ને જુનો થયો પછી જવે મુશકેલ છે માટે થતાંજ ઉપાય કરવા.

સાપના જેહેરનો ઉપાય

સાપ ઘણી જાતના છે તેમાં કેટલાક એવા તો જેહેરી છે કે માણસને ડસે કે સવા ઘડીમાં જેહેર ફરી વળે છે માટે તેનો તથા બીજા જેહેરી જનાવર ડંસનો ઉપાય નીચે પ્રમાણે.

૧ જે વેળા ડંસ કરે તેજ વેળા ડંસથી એક આંગળ ઉપર દોરી અથવા પાટી અથવા પાટાએ ખુબ મજબુત તાણી બાંધવુ કે જેથી જેહેર માંસમાં ન જાય ને અંગમાં ચઢી સકે નહી, અથવા બળતુ લાકડુ લેઇને ડંસેલી જગાને સારી પેઠે બાળી નાખી અથવા તે જગાનુ માંસ કાપી કાહાડવુ તથા એ જગોનેવે હેતી કરવી કે એથી જેહેર નીકળી જશે અથવા એ ન બને તો તુરત બીજા માણસ પાસે તે ડંસેલી જગાને ખુબ ચુસાવવી, ચુસતાં મોમાં પાણી ભરાય કે તુરત થુંકી નાંખવુ એ પ્રમાણે અરધા કલાક સુધી ચુશીચુશીને થુંકી નાંખવું એમ ચુસતા થાકે તો બીજા પાસે ચુસાવવું પણ ચુસનારાએ ઘણી ખબરદારી રાખી ચુસવુ કે પોતાના ગળામાં થુક જરા પણ ઉતરે નહી ચુસનાર તગતનો જમેલો હોય તો ઘણોજ ફાયદો છે અને ચુસનારને સકો અથવા ઘીના કોગળા કરાવતા રેહેવુ આ ઉપાય જો તુરત બની સકે તો ઘણો ફાયદા ભરેલો છે તેમ કરેથી જેહેર નીકળી જશે ચુસનારના મોમાં ચાંદાના અથવા ગરમીના ફોલા થયા હોય તો તેણે ચુસવુ નહી બીજા પાસે ચુસાવવું કેમકે ગરમીવાળાને નુકશાન કારક છે માટે સાફ માહોડા વાળાએજ ચુસવુ.

લુખસ ખુજલી નો ઉપાય.

લુખસ (લુખસ) બે જાતની થાયછે, તેમાં એક લુખી એટલે શરીર ઉપર ફોલા થયા વગર ખાલી ચળ બહુ મીઠી આવે તેથી એ રોગવાળો પોતાને અંગે ખુબ વલુરી નાખે તે વખત તેને સારૂ લાગે પણ પછી બળતરા બળે તે લુખસ

બીજી. ખુજલીના શરીરે હરેક જગોએ પ્રથમ ધોળા અને પછીથી પીળા ફોલ્લા થઇ તેમાં પરૂ ભરાયછે. માટે એ ખસવાળાને પ્રથમ કાચા દિવેલનો જુલાબ આપવો. ને તે પછી ઉનાબ દાણા ૭ સાપરા ૨ ભાર તથા સાકર ૨॥ ભાર એ ત્રણે જણસને ઉકાળી તેનું પાણી દરરોજ પાવું ને તેના શરીર ઉપર ગંધક બાં

રીક ાટીને તેમાં મીઠુ તલનું તેલ નાંખીને શરીર ઉપર ચોપ
ડે તો લુખ જ મટે થયાં મનસત રૂ ૩ ભાર, ખુબ ઝીણો કાજળ
જેવો કરીને ગાયના ઘી શેર ૧) માં મેળવીને ઉનું કરવું પછી
એક વાસણમાં ટાહાડુ પાણી ભરી તે ટહાડા પાણીના વાસણમાં
પેલું ઉનું કરેલું નાંખી તે વાસણમાંથી તમામ પેલું ઘી લેઇ લુ
ખરજના ધણીના શરીર ઉપર મસળે તો તમામ રોગ મટે. બી
જું. ગંધક પૈસા રા ભાર બાવચી પઇસા ૪) ભર સંચળ પઈ
સા રા ભાર એ ત્રણેને ઝીણું કરી ગાયના ઘી શેર ૧) મા મે
ળવી પછી દિવસ ૭ સુધી શરીર ઉપર મસળે તો એ રોગ મટી
જશે. હવે સુકી લુખરજ વાળાને પ્રથમ હલકો જુલાબ આપવો
પછી પારો રૂ ૧) ભાર ગંધક રૂ ૧(એ બેને ધતુરાના પાંદડાંનાં રસ
માં મેળવી ખલ કરીને શરીર ઉપર મસળે તો લુખરજ મટી જશે
ત્રીજુ મોગરેલ તેલનો અંદર લાબુનો રસ નાંખી ચોપડે તો તે
થી પણ ગુણ થશે.

ચોથું— ઊંટીયો ગંધક હરતાલ એ સુધી દ તેલમાં મેળવીને
દ રોજ શરીર ઉપર મસળે તો લુખરજ મટેછે. પાંચતું સુખડનુ
તેલ તોલો ૧) તથા કપુર તોલો ૧) વટી તેમાં નાંખીને પછી
લીંબુના રસ તોલો ૧(નાંખી સરવે ભેળું કરી ચોપડે તો તરત મટી
જશે. છઠું આમળસારો ગંધકનો ભુકો માસો ૧) મધ્યા અથવા સા
કરનાં શીરામા મેળી ખવી તે દિવસમાં બેવાર ખાય તો ફાયદા કા
રક છે. સાતમું મજીઠ પઇસા ૨) ભાર સાકર પઇસા ૨) ભાર સુ
નામખી પઇસા ૧) ભાર જીરૂ પઇસા ૧) ભાર એ સરવેને બારીક
ખાંડી તેનાં પડીકાં ૭ કરવાં પછી સવારના પડીકુ ૧ તથા સાંજ
નાં પડીકું ૧ ઊના પાણીમાં ફાકે તો તેથી ઝાડો સાફ આવશે. તે
થી એ રોગ તરત મટી જશે.

પથરીના ઉપાય

જેને પથરીનો રોગ થયો હોય તેને પથરી આડી આવ્યાથી
તકલીફ થતી નહી તો તેણે નિચે પ્રમાણે કરવું

મોહોટી હરડે બેહેડાં પાખાણભેદ, ગરનાળો, ધમાસો ધોળા ગો
ખરૂ, કાકડીનાં બી એ સરવે વસાણાં બરાબર વજને લેઇ ભોખ
રૂ કરી પાણીમાં ઉકાળવું ખુબ ઉકળી રહે એટલે નિચે ઉતારી,
ગાળીને એક બાટલીમાં ભરી મુકવુ પછી દ રોજ સવારે પાચેતો પ
થરી પલળીને તેનો ભુકો થઈ જશે તેથી સરૂ થશે એ રોગ ।

જો તાજા મુળા ખાય તો વધારે ગુણ દાયક છે.

બીજો ઉપાય—ટંકણખાર, બારીક વાટી એનો ભુકો ટાહાડા પાણીમાં ફાકે તો પથરીના રાખની માફક ચુરેચુરા થઇ જાય, પણ એ રોગ વાળાને દુધ, ગોળ, મીઠાઇ, ઘી, વિગરે ભારે ચીજકાંઇ ખાવા દેવી નહી ઉપરના ઉપાય કરતાં તફાવત ન પડે તો અંગરેજી દાકટરી કાલેજમાં પાસ થએલા નામાંકિત ડાક્ટર પાસે ચોરાથી કહડાવી એના હાથથી સારૂ કરવવું.

નાહાંના બાળકની સંભાળ.

નાહાના બાળકની બધી વાતે ઘણી તપાસ રખવી એ તેના માઆ બાપનુ કામ છે, તેમાં પણ વધારે તપાસ માને રાખવાનાછે બાળકને ધવણ સારૂ અને નિરોગી આને તે સારૂ પોતે ખોરાકસાદો અને હલકો ખાવો ને એને ધવરાવવાની ઘણી તજવીજ રાખવી જ્યારે પુરૂષના સંગ કરવાનો હોય ત્યારે આગળથી ધવરાવવું તેથી ફાયદો છે ને સંગ થયા પછી ધવરાવે તો બાળકને રોગ થાય છે માટે તેની બે વરસની ઉપર થાય ત્યાં સુધી બહુ તપાસ રાખવી, ધાવણા બાળકને ચાર પાંચ દીવસે સારૂ ચોખુ વલાયતી દીવેલ દુધમાં નાખી ચટાડવુ કે એથી ઝાડો સાફ ખુલાસા બંધ આવે તેથી પેટ હલકુ રેહે,

૩ બાળકની માએ સારો અને હલકો ખોરાક ખાવો, અને પદર વીશ દહાડે માફક આને તેવો હલકો જુલાબ લેવો અને પોતે નાહી ધોઇ વસ્ત્ર સંફ રાખવા. તથા છોકરાને સુવાનાં ઘોડીયાં વિગેરે સફાઈથી રાખવું એથી બાળકના હકમાં વધારે ફાયદો થાય.

૪ બાળકની માને કોઇ પણ પ્રકારનો, અડચણ પડવાથી ધાવણ ન આવતુ હોય તો તે બાળકને બકરીનુ દુધ લઇ તેમાં થોડુ પાણી નાખી એમાં સાકર મેળવીને પાવુ કે ભારે ન પડે એકલુ દુધ ભારે પડે તેથી અવગુણ થાય માટે મોળવણી કરી પાવુ અથવા ગાયનુ ઘી ચોખુ તેના ગજા મફક પાવુ.

૫ બાળકને ઉના પાણીએ નવરાવવુ પણ એ પાણી થોડુ નુ કરવુ કે તેથી સરદી સકાય અને હમેશાં લુગડાં પેહેરાવી રાખવાને માથે બાલ રાખવાં કે તેથી એના મસ્તકનુ રક્ષણ થાય ને વળી મગજને ફાયદો થાય અને આગળ જતાં અકલના વધારે થાય,

૬ બાળકને તાવ આવે તો કરીઆતુ કાળોછડ જેઠીમધ એ ત્રણ ચીજને પાણીમાં ઘસીને તેમાં મધ મુકી પાવું.

૭ બાળકને દાંત તથા દાઢાડ ઉગે છે ત્યારે ઘણુ દરદ કરે છે ઝાડો તથા ખાંશી થાય છે, તાવ આવે છે, માટે બાળકના મોંહોડામાં આંગળા ફેરવીને જોવું ને જે જગોએ પારો ફુલેલો માલમ પડે કે તેજ જગોએ માખણ ચોપડતા રેહેવુ તથી દાંત બાહાર જલદી નીકળે.

૮ બાળક ને પેટમાં કરમ થાય ત્યારે પણ દરદ કરેછે ક પીલો તોલો ૦૧ વાવડીંગ તોલ. ૦ા એ બંનેને પાણીમાં વાટી તેમાં મધ મુકી પાવુ એ રીતે ત્રણ દાહાડા પાવુ

૯ બાળકને રતવા થાય છે તેનો ઉપાય.—મોટા ભજનેટાનાં પાંદડાનો રસ કાઢીને આંખ ઉપર લગાડે તો ચાઠાં મટે.

એ રીતે કહેલા ફાયદા પ્રમાણે ચાલશો તો બાળકનું રક્ષણ આ રીતે થશે.

ત્રાંબુ તથા શોનું મારવાનો ઉપાય

ચોખું ત્રાબુ લેઇને સોની પાસે તેનાં પાતળા કાગળ જેવાં પત્રાં કરાવવાં તે પતરામાંથી દરેક કડકો માશા ૩ ભાર કરાવ તે બધા તઇઆર થાય એટલે ઓતામાં મુકવા. જો ત્રાંબાના કડકા ટાંક ૧૦ને વજને હોય તો પારો ટાંક ૨ અને ગંધક ટાંક ૪ એ બે ઉપર ખલમાં નાંખી ઘુંટવાં તે જ્યારે ગંધકનો રંગ સિહા જેવો થાય ને પારો ગીરીનો માફક થાય ત્યારે તેમાંથી જરાર લઇને ઓતામાં મુકવો તેના ઉપર એક પતરૂ મુકવું એ રીતે તમામ પતરાં મુકયાં પછી ઓતા ઉપર એક ઠીકરૂં મુકવું ત્યાર પછી અડાઇયાં ૧૦૦ જમીન ઉપર મુકી ચારે તરફ અગ્નિ મુકી સળગાવવુ જ્યારે તે બળી રહે ત્યારે પેલો ઓતો બાહાર કઢીને તેમાંથી પતરાં કાઢી લેઇ ખલ કરવાં એટલે મારેલું શુધ ત્રાંબુ થશે જેને ફાયદો મારેલા પોલાદમાંર(ગજવેલ) કહેલો છે તેમ મારેલુ ત્રાબુ પણ બરાબર હોય ને તે ખાવીની વાશ્ત પ્રમાણે ખાવું કયરી પાકે તો મરદીમી ખુબ વધીરે છે.

સોનું પણ એજ રીતે મારે છે પણ તેથી નુકશાન પોહોચે છે પણ જો મુરદાશીંગથી મારે તો ઘણો ફાયદો આપે છે. મુરદાશીંગને રાતના વાશી પાણીમાં ઘસવી ને સોનાનાં પતરાં કરીને એક ઓતામાં ઘસેલી મુરદાશીંગ મુકીને તેમા સોનાનાં પતરાં મુકી નાંચે ઉપર અડાંઇનો દેવતા સળગવી મુકવો તે બળ રહ્યા પછી તેને બહાર કઢાવવો ને તેમાંથી મારેલું સોનું

સ્ત્રીને સેહુવત ઘણી હોય તેનો ઉપાય

છે સ્ત્રી જુવાન હોય ને પુરૂષ ઘરડો હોય તેથી સ્ત્રીને ખુજલી ઘણી થતી હોય તેનો ઈલાજ. કપુર અને ટંકણખાર એક ટાંક પાનમાં મુકીને કેટલાએક હફ્તા સુધી આપે તો સેહેવત કમી થાય.

કમળમાં સોજાનો ઉપાય

ઈસબગુલ તથા કતાનના બીજ બરાબર વજને બારીક ખાંડી મધમાં મેળવી અંદર ચોપડે તો સોજો ઉતરી જાય અથવા હળધર ગાયના ઘીમાં ઘશીને ચોપડે તોપણ સોજો ઉતરી જાય.

ગોખરૂપાક.

ચગોડીનગ ૧ ગગોસત૧ પઈસા૨ ભાર મોટા ગોખરૂ પતસા ૩ ભાર સાકર શેર ૨ એ [illegible] પઈસા લાવીને સાકર વગર બીજી [illegible] સાન બારીક ખાંડી વસ્ત્રગાળ કરી દુધ શેર પાચમાં પચાવીને તેના દાણો પાડવો પછી સાકર શેર બેની પાંચતારી ચાસણી કરીને દાણો તેમાં નાંખવો પછી જાયફળ, જાવત્રી, એલચી, પસ્તાં, બદામ, ચારોળી વગેરે મસાલો નાંખીને તેને ઠારીને ચોસલાં પાડવાં પછી દરરોજ સવારમાં તોલો ૧॥ અથવા બેને શાશરે ખાય તો તેના ગુણે કરીને વૃદ્ધ માણસમાં જુવાન પુરૂશના જેવું બળ આવશે,

ઓસડનું તોલ.

કોઈ ઠેકાણે રૂપિઆભર લખ્યુંછે ને કોઈ ઠેકાણે તોલો લખ્યુંછે તે બેનો અરથ એકજ સમજવો કુંપની શીક્કાનો એક રૂપિઓ તેનુ નામજ તોલો સમજવો અને ટાંક લખ્યુંછે તે કપની પઈસા ભાર ને બત્રીસ ટાંકનો એક શેર થાયછે અને માસાનું જાણવું જે આઠ રતીનો એક માસો અથવા ૨॥ વાલનો માસો જાણવો એ રીતે સમજવું.

સમાપ્ત

અનુક્રમણિકા.